Website : www.rakhewaldaily.com
Email : rakhewal@gmail.com

વર્ષ : 33 ● અંક : ૩૧૭
તા.૨૬-૧૨-૨૦૧૭, મંગળવાર
સંવત ૨૦૭૪ પોષ સુદ - ૦૮
પાના : ૮ ● કિંમત રૂ.૨-૦૦

સૂર્યોદય : ૦૭:૨૧ સૂર્યાસ્ત : ૦૬:૦૧

| તાપમાન | | | |
|---|---|---|---|
| ડીસા | ૧૧.૨ | વડોદરા | ૧૧.૪ |
| અમદાવાદ | ૧૧.૨ | સુરત | ૧૬.૦ |
| ગાંધીનગર | ૯.૮ | નલિયા | ૮.૮ |

ચાંદી : ૩૮,૫૦૦ સોનું : ૨૯,૪૦૦

P.R.No. GBK/06/2015-17 RNI No 20508/71
Facebook.com/rakhewal

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક

# રખેવાળ

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ
પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ફેકસ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭
જનસેવાની પરંપરાના ૩૩ વર્ષ...

# આજે રૂપાણીને 'વિજય' તિલક : મંત્રીઓ શપથ લેશે

**ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં રેકોર્ડ સતત છઠ્ઠી વખત જીત મેળવી લીધા બાદ ફરી ભાજપ સરકાર બનશે : શપથવિધીને યાદગાર બનાવવાનુ આયોજન**



ગાંધીનગર

ગુજરાતમાં વિધાનસભા ચૂંટણીમાં રેકોર્ડ સતત છઠ્ઠી વખત જીત હાંસલ કર્યા બાદ હવે આવતીકાલે વિજય રૂપાણી સરકારના શપથવિધીને લઈને તમામ તૈયારી પૂર્ણ કરી લેવામાં આવી છે. આવતીકાલે સવારે ૧૧ વાગ્યે ગાંધીનગરના નવા સચિવાલય ગ્રાઉન્ડ ખાતે શપથવિધી યોજાનાર છે. જેની તૈયારી છેલ્લા કેટલાક દિવસથી ચાલી રહી હતી. શપથવિધીને ભવ્ય અને શાનદાર બનાવવા માટે ભાજપના ટોપના નેતાઓ અને કાર્યકરો લાગેલા હતા. ગુજરાતના મુખ્યપ્રધાન તરીકે વિજય રૂપાણી ફરી એકવાર રાજ્યના મુખ્યપ્રધાન બનવા જઈ રહ્યા છે. જ્યારે નાયબ મુખ્યપ્રધાન તરીકે પણ નિતિન પટેલને જારી રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણીમાં જીત મેળવ્યા બાદથી શપથવિધીને લઈને તૈયારી શરૂ કરવામાં આવી હતી. હાલમાં યોજાયેલી વિધાનસભાની ચૂંટણી ભારે રોમાંચક રહી હતી. તીવ્ર સ્પર્ધા બાદ ભાજપે બહુમતિ મેળવી લીધી હતી. વિધાનસભાની ચૂંટણીમાં ભાજપને ૯૯ સીટ મળી હતી. વર્ષ ૨૦૧૨ની વિધાનસભાની ચૂંટણીની તુલનામાં ભાજપને ઓછી સીટ

અનુસંધાન પાના નં.૬

## વિચાર વૈભવ...

### નીલકમલ શીખોના ગુરુ ગોવિંદસિંહ...

એક ગામમાં તેઓ ધાર્મિક પ્રવચન ફરમાવી રહ્યા હતા. પ્રવચનમાં મહેનતનો રોટલો ખાનારા મજૂરો પણ હતા. શેઠિયાઓ પણ હતા.. યુવાનો હતા, વૃદ્ધો હતા અને બાળકો પણ હતા. ત્યાં ગુરૂ ગોવિંદસિંહને પ્રવચન આપતાં- આપતાં તરસ લાગી..

એટલે એમણે સામે બેઠેલા એક યુવાનને પાણી લાવવા સૂચના કરી.. ગુરૂની ભક્તિ કરવાનો લ્હાવો મળ્યો, એમ માની યુવાન તો તરત જ પળનો ય વિલંબ કર્યા વિના ચાંદીના ગ્લાસમાં ઠંડું પાણી લઈ આવ્યો.

ગુરૂ ગોવિંદસિંહે તેના હાથમાંથી પાણીનો ગ્લાસ લીધો અને તે વેળા તે યુવાનના કોમળ હાથનો સ્પર્શ પણ થયો.

એટલે તેમણે યુવાનને કહ્યું: 'બેટા! તારો હાથ તો ખૂબ જ કોમળ છે.'

'હા, ગુરૂજી, મારે કોઈ કામ કરવું પડતું નથી. ઘરમાં નોકર-ચાકરો બેશૂમાર છે.' યુવાને કારણ આપતાં કહ્યું.

'પણ, તું દુકાને તો જતો હોઈશ ને.'

'ના, હું દુકાનમાં પણ નથી જતો અને જઉં તો ગાદી પર બેસી રહું છું.'

'તો તું તારો આખો દિવસ કેવી રીતે પસાર કરે છે?'

'હું સવારે મોડેથી ઊઠું, નાસ્તો કરૂં, બપોરે રમું- ફરૂં, દુકાને આદેશ આપું, ક્યારેક તમારા જેવા સંતોનાં પ્રવચન પણ સાંભળી લઉં અને મોજ- મજા કરૂં.' યુવાને મસ્તીથી પોતાની વાત રજૂ કરી.

સંતે ગ્લાસ પાછો તેના હાથમાં આપતાં કહ્યું: 'બેટા! હું તારા હાથનું પાણી નહીં પી શકું.'

'કારણ ગુરૂજી?' પોતાના હાથનું પાણી ન પીતાં ગુરૂજીને જાણી યુવાનનો ઉત્સાહ ઓસરી ગયો.

ગુરૂજીએ રહસ્યનો પડદો ઊંચકતાં કહ્યું: 'વત્સ! તારા હાથ આમ તો ચોખ્ખા છે, સાફ છે, કોમળ છે. પણ જે હાથે કોઈની સેવા ન કરી હોય, કોઈ દીન-દુ:ખીને સહાયતા ન કરી હોય, ઘરનું કોઈ કાર્ય ન કર્યું હોય, તે હાથને હું પવિત્ર નથી માનતો. મારે તો પવિત્ર હાથે મળેલું પાણી જોઈએ.'

પવિત્ર હાથ તો એ જ છે. જે હાથ મહેનતથી કસાયેલા હોય, સેવાથી રંગાયેલા હોય.

શ્રમ વિનાનો તો દેહ પણ નકામો..

વળી, સંતોના પ્રવચનો સાંભળીને પણ તને સ્વાવલંબિતા, સેવા અને શ્રમયજ્ઞનો મહિમા ન સમજાયો તો પ્રવચન સાંભળ્યાનો અર્થ પણ શો? પ્રવચનના વચનોનું આચમન કરીને, આચરણમાં બદલાવ આવવો જ જોઈએ.'

શ્રમયજ્ઞનો મહિમા શ્રવણ કરી યુવાન તે દિવસથી પરિશ્રમી બની ગયો.

પં.રાજહંસવિજયજી ગણિ

## ગતકડું....

- દેવન વ્યાસ



મને તો એ સમજાતું નથી કે, ઘરમાં રબડી હતી તોય આપણો ઘાસચારા શા માટે ખાઈ ગયા ?

**સમાજના ગરીબ વર્ગમાં સ્થિતી વધારે મજબુત કરવાની તૈયારી**

## બજેટ : એસસી અને એસટી માટે ફાળવણીમાં જંગી વધારો ઝીંકાશે

નવી દિલ્હી

સામાન્ય બજેટમાં અનુસુચિત જાતિ અને અનુસુચિત જનજાતિ માટે ફાળવણીમાં જંગી વધારો કરવા માટેની તૈયારી કરવામાં આવી ચુકી છે. પહેલી ફેબ્રુઆરીના દિવસે સામાન્ય બજેટ રજૂ કરવામાં આવનાર છે. આગામી સામાન્ય ચૂંટણી પહેલા સરકારને પોતાની યોજનાઓ મારફતે સમાજના ગરીબ વર્ગના લોકોને પોતાની તરફેણમાં કરવાની નિતીને આગળ વધારી દેવાની જરૂર છે. નીતિ આયોગે આ સંબંધમાં એક યોજના તૈયાર કરી લીધી છે. આ પ્લાનને અમલી કરવાની સ્થિતીમાં અનુસુચિત જાતિ અને અનજાતિઓના કલ્યાણ પર ખર્ચમાં વધારો કરવામાં આવનાર છે. દેશની વસ્તી પૈકી ૨૫ ટકા વસ્તી એસટી અને એસસીની હોવાના આંકડા વારંવાર જારી કરવામાં આવ્યા છે. નાણાં મંત્રાલય દ્વારા તમામ મંત્રાલય અને સંબંધિત વિભાગોને કહી દેવામાં આવ્યુ છે કે નાણાંકીય વર્ષ ૨૦૧૯ના સામાન્ય બજેટચમાં ફાળવણી વધારી દેવા માટે મુખ્ય આધાર રહેશે. ફેબ્રુઆરીમાં બજેટ રજૂ કરવાને લઈને તૈયારી ચાલી રહી છે. નતિ આયોગની ફોર્મ્યુલા મુજબ મોટા ભાગના મામલામાં ફાળવણી કરવામા આવી રહી છે. ફાળવણી વધારી દેવામાં આવી રહી છે. દાખલા તરીકે જાહેર વિતરણના મામલામાં એસસી અને એસટી માટે સુન્ય અને ૧.૪ ટકાની ફાળવણીની સામે હવે ૮.૩૦ ટકા અને ૪.૩૦ ટકા કરવામાં આવી છે. સ્મૃતિ ઈરાનીના નેતૃત્વમાં ટેક્સ ટાઈલ મંત્રાલયમાં એસટી અને એસસી માટે ક્રમશ પાંચ ટકા અને ૧.૨૦ ટકા ફાળવણી વધારીને ૧૬.૬૦ ટકા કરવા અને ૮.૬૦ ટકા કરવાની હિલચાલ છે. અન્ય મંત્રાલયમાં પણ ફાળવણી વધારી દેવાની ગણતરી કરવામાં આવી રહી છે. સામાન્ય બજેટ પર હવે તમામની નજર કેન્દ્રિત થઈ ગઈ છે.આવી જ રીતે આરોગ્ય અને પરિવાર કલ્યાણના મામલામાં ફાળવણી ક્રમશ ૧૫.૨૦ ટકા અને ૮.૨૦ ટકાથી વધારીને ક્રમશ ૧૬.૨૦ ટકા અને ૮.૬૦ ટકા કરવાની યોજના છે. ઉચ્ચ શિક્ષણના મામલે ફાળવણી ક્રમશ ૧૫ અને ૭.૫૦ ટકાથી વધારીને ૧૬.૬૦ ટકા

અનુસંધાન પાના નં.૬

**અમદાવાદમાં પારો ૧૧.૨ ડિગ્રી થતા ઠંડીનો અનુભવ**

## ડીસા અને ગાંધીનગરમાં તીવ્ર ઠંડી : નલિયા ઠંડુગાર

**ગુજરાતના જુદા જુદા ભાગોમાં એકાએક ઠંડીમાં વધારો**



અમદાવાદ

અમદાવાદ સહિત રાજ્યભરમાં એકાએક ઠંડીનુ મોજુ ફરી વળ્યુ છે. હાલમાં ઠંડા પવન ફુંકાઈ રહ્યા છે. છેલ્લા બે દિવસમાં તાપમાન નીચે પહોંચી ગયુ છે. આજે પણ અમદાવાદમાં લઘુતમ તાપમાન ૧૧.૨ ડિગ્રી રહ્યુ હતુ. બીજી બાજુ પાટનગર ગાંધીનગરમાં લઘુતમ તાપમાન ૯.૮ ડિગ્રી રહ્યુ હતુ. એકાએક ઠંડીમાં વધારો થતા રસ્તા મોડી સાંજે જ સુમસામ બની રહ્યા છે. રાજ્યમાં નલિયા સૌથી વધારે

અનુસંધાન પાના નં.૬

**આગામી દિવસોમાં મોટી સંખ્યામાં લોકો ઉમટી પડે તેવા સંકેત**

## અમદાવાદમાં રંગારંગ કાર્યક્રમ વચ્ચે કાંકરિયા કાર્નિવલનો પ્રારંભ

**મુખ્યપ્રધાન વિજય રૂપાણીએ કાર્નિવાલને ખુલ્લો મુકયો : પહેલા દિવસે હૈયે હૈયું દળાયું**



અમદાવાદ

શહેરના દક્ષિણ ઝોનમાં આવેલા ઐતિહાસિક એવા કાંકરીયા તળાવના કિનારે સતત દસમાં વર્ષે આજે સાંજે સાત દિવસ માટે ચાલનારા કાર્નિવલના રંગારંગ કાર્યક્રમનો રાજયના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી દ્વારા વિધીવત આરંભ કરાવવામાં આવ્યો તે સમયે કાંકરીયા ખાતે પહેલા દિવસે જ જનમેદની ઉમટી પડી હતી. કાર્નિવાલનુ ઉદ્ઘાટન કરવામાં આવ્યુ હતુ ત્યારે મુખ્યપ્રધાન ઉપરાંત શહેરના મેયર ગૌતમ શાહ ,

અનુસંધાન પાના નં.૬

## હારીજમાં બે જુથો વચ્ચે અથડામણ : પૂર્વ પાલિકા પ્રમુખની લોથ ઢળી

**એસ.પી.સહિતનો સ્ટાફ ઘટના સ્થળે દોડી જઈ પરીસ્થિતિને કાબુમાં લીધી**

પ્રતિનિધિ પાટણ

પાટણ જિલ્લાના હારીજ ખાતે અગાઉની અદાવતમાં આજે ઠાકોર અને ભરવાડ સમાજના બે જુથો ઘાતક હથિયારો સાથે સામસામે આવી જતા ધિંગાણુ સર્જાયુ હતું જેમાં પાલિકાના પૂર્વ પ્રમુખ મથુરજી ઠાકોરને ગંભીર ઈજાઓ થતા મોત નિપજ્યુ હતું. જુથ અથડામણ હત્યામાં પરીણમતા હારીજની બજારો ટપોટપ બંધ થઈ ગઈ હતી અને સર્વત્ર કફર્યુ જેવો માહોલ સર્જાયો હતો. પરિસ્થિતિ વધુ વણસે નહી તે માટે જિલ્લા પોલીસ અધિક્ષક અશ્વિન ચૌહાણ ઘટના સ્થળે દોડી ગયા હતા અને ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવ્યો હોવા છતાં ભારેલા અગ્નિ જેવી સ્થિતિ પ્રવર્તી રહી છે.

બનાવની પ્રાપ વિગતો મુજબ હારીજ નગરપાલિકાના પૂર્વ પ્રમુખ અને બુટલેગર મથુરજી ઠાકોરના પુત્ર તેમજ ભરવાડ સમાજના યુવાનો વચ્ચે પાંચ દિવસ અગાઉ કોઈક બાબતે ઝઘડો થયો હતો.

અનુસંધાન પાના નં.૬

## અમીરગઢમાં રહેણાંક મકાનમાં ઘરફોડ ચોરી

**તિજોરીમાંથી રૂા.૫,૦૨,૫૦૦ ના દાગીનાની ચોરી**



(પ્રતિ.) અમીરગઢ

અમીરગઢના ડાભેલા રોડ ઉપર આવેલ એક રહેણાંક મકાનને નિશાન બનાવી મકાનના પાછળના ભાગની બારીની ફ્રેમ તોડી અંદર પ્રવેશી તિજોરીમાં પડેલા રૂા.૫,૦૨,૫૦૦ ના સોના - ચાંદીના દાગીના ચોરી ગયા હતા.

શિયાળાની કડકડતી ઠંડીનો ભરપુર લાભ ઉઠાવી ગત રાતના સુમારે અજાણ્યા તસ્કરો ડાભેલા રોડ ઉપર આવેલ મંગલસિંહ ચતરાજી ભારી (રાજપુત) ના મકાનની પાછળના ભાગે આવેલ લોખંડની ફ્રેમ તોડી અંદર પ્રવેશ્યા હતા અને તિજોરીમાં પડેલા સોનાનો સાત તોલાનો હાર (કિંમત રૂા.૧,૦૫,૦૦૦) સોનાની બે તોલાની બે ચેન (કિંમત રૂા.૫૨,૫૦૦), સોનાનું સાડા ચાર તોલાનું મંગળસુત્ર (કિંમત રૂા.૬૭,

અનુસંધાન પાના નં.૬

## ડીસા માર્કેટયાર્ડમાં કપાસના ગોડાઉનમાં આગ ભભૂકી



ભરત સુંદેશા

ડીસા

ડીસા માર્કેટયાર્ડમાં આવેલ કપાસના એક ગોડાઉનમાં ગઈકાલે અચાનક આગ ભભૂકી ઉઠી હતી જેના કારણે અફડાતફડી મચી ગઈ હતી જેની જાણ થતા માર્કેટયાર્ડના સત્તાધીશોએ તાત્કાલિક માર્કેટયાર્ડના ટેન્કર અને બાદમાં નગરપાલિકાનું ફાયર ફાયટર બોલાવ્યું હતું જેથી પાણીનો સતત મારો ચલાવી આગને કાબુમાં લઈ લીધી હતી પરંતુ ત્યાં સુધીમાં આગની વિકરાળ જવાળાઓમાં કપાસ સાથે ગોડાઉન બળીને ખાખ થઈ ગયું હતું જેના કારણે ગોડાઉનના માલિક અરજણભાઈ ચેલાભાઈ રબારીને રૂા.૫૦,૦૦૦ ઉપરાંતનું નુકશાન થવા પામ્યું છે.

## ડીસા તાલુકા પંચાયતની નવા સીમાંકન બાદ બેઠકોમાં વધારો : ૩૮ બેઠકો




પ્રતિ. વડાવળ

વિધાનસભાની ચૂંટણી પૂર્ણ થતાંજ બનાસકાંઠા જિલ્લામાં તાલુકા જિલ્લા પંચાયતોની ચૂંટણીની ચર્ચા ચાલુ થઈ ગઈ છે આ વખતે તાલુકા જિલ્લા પંચાયતોની ચૂંટણી નવા સિમાંકન પ્રમાણે થવાની હોવાથી અનેક બેઠકોમાં ફેરફાર થયા છે કેટલાક ગામડાઓને નવી બેઠકોમાં સમાવેશ કરાયો છે તો કેટલાક ગામડાઓનું વિભાજન કરાયુ છે ડીસા તાલુકાના નવા સિંમાકન પ્રમાણે તાલુકા પંચાયતની કુલ ૩૮ બેઠકો થઈ છે લાખણી તાલુકાના વિભાજન બાદ નવા સિમાંકન પ્રમાણે બેઠક ફાળવવામાં આવી છે જેમાં તાલુકા પંચાયતની ૩૮ અને જિલ્લા પંચાયતની ૯ બેઠકો નો સમાવેશ થયો છે જેમાં જિલ્લા પંચાયતની શીટોમાં ભડથ, ઢુવા, જુનાડીસા, કુચાવાડા, માલગઢ, મુડેઠા, જુનાનેસડા, સમૌ મોટા અને ઝેરડાનો સમાવેશ થાય છે જ્યારે તાલુકા પંચાયતની બેઠકો અને તેમાં સમાવિષ્ટ ગામો જોઈએ તો બાઈવાડા બેઠકમાં બાઈવાડા, થેરવાડા અને ગેનાજી ગોળીયા, બલોધર બેઠકમાં બલોધર, તાલેગંજ, ઘરનાળ મોટી, ઘરનાળ નાની અને સોયલા, ભાચલવા બેઠકમાં ભાચલવા, ધનાવાડા, બુરાલ ઠા.વાસ અને બુરાલ ડાવાસ, ભોયણ બેઠકમાં ભોયણ રસાણા મોટા, રસાણા નાના જ્યારે છત્રાલા બેઠકમાં છત્રાલા, ખેટવા, વાદગ, વિરૂવાડા અને બોડાલ, દામા બેઠકમાં દામા, જોરાપુરા અને શમશેરપુરા, ઢુવા બેઠકમાં ઢુવા, ધરપડા અને ફતેપુરા, ઘાડા બેઠકમાં ઘાડા, આગડોલ, સોડાપુર, કોઠા, મેડા ધાનપુરા અને તાલેપુરા, ગોગાપુરા (મુડેઠા) માં ગોગાપુરા (મુ), રામવાસ પાલડી અને રતનપુરા, ઝાબડીયા બેઠકમાં ઝાબડીયા,

અનુસંધાન પાના નં.૬

**લાખણી તાલુકાના વિભાજન બાદ એક બેઠકનો વધારો : તાલુકામાં જિલ્લા પંચાયતની પણ ૯ બેઠકોનો સમાવેશ**

## અટલ@93 : શુભેચ્છાઓનો ધોધ

નવી દિલ્હી

ભૂતપૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીના જન્મ દિવસે આજે તેમને શુભેચ્છા પાઠવવામાં આવી હતી. તેમના પર શુભેચ્છા ઓનો વરસાદ સવારે જ શરૂ થઈ ગયો હતો. બિહારી વાજપેયી એક કવિ, એક પત્રકાર, એક રાજનેતા અને પછી દેશના વડા પ્રધાન અટલજી ભારતીય રાજકારણમાં એવા ચુનંદા નેતાઓમાંના એક છે કે જેમના વિરોધીઓ પણ તેમની ટીકા કરતા નથી. આ અટલના નેતૃત્વની જ કમાલ હતી કે એનડીએએ ૨૩ પ્રશ્નો

અનુસંધાન પાના નં.૬

પરિવાર
ઓર્થોપેડીક હોસ્પિટલ - ડીસા
ડૉ. રમેશ આઈ. પટેલ (ચૌધરી)
ડીસા, મો.૯૦૩૩૯૨૫૪૪૦

જોઈએ છે

ધાનેરામાં ટૂંક સમયમાં **શ્રી અર્બુદા સુપર સેવિંગ મોલ** ની શરૂઆત થઈ રહી છે. જેમાં નીચે મુજબના સ્ટાફની જરૂરિયાત છે. આકર્ષક પગાર સાથે

★ એકાઉન્ટ માટે (કોમ્પ્યુટરના જાણકાર) : (ભાઈ - બહેન) - ૦૨
★ ઓપરેટર : બહેનો (ધો.૧૨ પાસ) - ૦૧
★ સેલ્સમેન : (ભાઈ) - ૦૧
★ ઓપરેટર : (ધો.૧૨ પાસ) - ૦૧

સંપર્ક : ૯૮૯૮૭ ૬૭૨૭૬, ૯૮૨૫૫ ૯૭૮૪૩
(સમય : સવારે ૯.૦૦ થી સાંજે ૫.૦૦ વાગ્યા સુધી)

સૂર્યોદય - ૭.૨૧ સૂર્યાસ્ત - ૬.૦૧

## તિથિદર્શન
પોષ સુદ-૮ મંગળવાર ૨૦૭૪




વિક્રમ સંવત : ૨૦૭૪, શા.શકે-૧૯૩૯, નામ સંવત્સર :હેમલંબી નામ વીર જૈન સંવત ૨૫૪૪ પોષ સુદ : આઠમ મંગળવાર નક્ષત્ર:ઉત્તર ભાદ્રપદ રાત્રે ૧.૪૮ પછી રેવતી યોગ :વરીયાન કરણ :વિષ્ટી આજે જન્મેલા બાળકની રાશી મીન (દ.ચ.ઝ.થ.) અક્ષરો ઉપર પાડવું શાસ્ત્રોકત છે.

- જયોતીષી બંસીલાલ એચ.લોધા

## ચિંતન
- સુરેશ પ્રા.ભટ્ટ

### અફલાનિ દુરન્તાનિ સમવ્યય ફલાનિ ચ અશક્યાનિ ચ વસ્તુનિ નારમેત વિચક્ષણ

જે ક્રિયાઓ ફળ વિનાની હોય અર્થાત્ જે કાર્ય- પરિશ્રમનું પરિણામ ન મળે, જેને સિદ્ધ ઉંમર મળે એવી સાધના કે તપ ડાહ્યા માણસો કરતા નથી.

ઘણીવાર ટ્રેનમાં, ટોળામાં, મહેમાનો- મિત્રવત- ુળમાં, ફોનમાં આપણે નિરર્થક- પરિણામ વિહોણી સંદર્ભ વગરની વાતો કર્યા જ કરીએ છીએ. અરે, જે કામ- સ્વાર્થ માટે સ્નેહી- સંબંધીને ફોન કર્યો હોય તે વાત 'અંત' સુધી કહેવાને બદલે આપણે શરૂઆત આડી- અવળી વાતોથી કરીએ છીએ. જેથી 'ખબર ન પડી જાય' કે આપણે ફોન શું કામે કર્યો છે!! જીવનમાં આપણે અર્થ વગરની અને જેનું પરિણામ શૂન્ય હોય એવી ઘણી ક્રિયાઓ કરતા હોઈએ છીએ. ટીવી, વિડિયો- અર્થ વગરનું લેખન- વાંચન જે જીવનના હેતુ- સિદ્ધિ માટે જ કંઈ જ ઉપયોગી નથી તે કરવાનો શું અર્થ? જીવન હેતુલક્ષી છે અને જે કંઈ પણ ક્રિયા કરવી પડે એ જીવનુપયોગી હોય તે જ કરવી, જે સિદ્ધિલક્ષી હોવી જરૂરી છે.

ધ્યાન- તપ- તપશ્ચર્યા- જાપ- પૂજા- પાઠ પણ સિદ્ધિદાયક ન બને તો તેનો કોઈ મતલબ રહેતો નથી. ડાહ્યા- બુદ્ધિમાન લોકો એથી જ ખોટી સભાઓ- મિટિંગો- ચર્ચાઓમાં ભાગ લેતા નથી.

## આપની આજ
- કનકચંદ્ર છગનલાલ વ્યાસ

**મેષ : (અ.લ.ઈ.)રચનાત્મક કાર્યમાં સફળતા મળે. પ્રિયજનથી વિરહ રહે.**
**વૃષભ : (બ.વ.ઉ.) લાભની તક મળે. નવિન કામગીરીમાં પ્રગતિ થાય.**
**મિથુન : (ક.છ.ઘ.)વિશ્વાસે વહાણ ન ચલાવવું. જીવનસાથીનો સહકાર મળે.**
**કર્ક : (ડ.હ.)પ્રવાસમાં હાનિ, કાર્યબોજ હળવો બને.**
**સિંહ : (મ.ટ.)ભાઇ-બહેનનો સહકાર મળે. પ્રવાસ-પર્યટનનો આયોજન થાય.**
**કન્યા : (પ.ઠ.ણ.) કાર્યબોજ હળવો બને. કુટુંબના મહત્વના પ્રશ્નો ઉકેલાય.**
**તુલા : (ર.ત.)સંતાન સંબંધિ કાર્યમાં સફળતા મળે. મનની મુંઝવણ દૂર થાય.**
**વૃશ્ચિક :(ન.ય.) સ્નેહિથી મતભેદ થાય. જમીન-મકાનના પ્રશ્નો નિવારી શકશો.**
**ધન : (ભ.ફ.ધ.)ઉત્સાહમાં વધારો થાય. નવિન શુભ સમાચાર મળે.**
**મકર : (ખ.જ.)ભાગીદારીથી આર્થિક લાભ. પડવા-વાગવાથી સંભાળવું.**
**કુંભ : (ગ.શ.સ.)ગૃહવિવાદ નિવારી શકશો. યશ, માન, કીર્તિમાં વધારો થાય.**
**મીન : (દ.ચ.જ.થ.) માનસિક અસ્વસ્થતા રહે. મનની મુરાદ બર ન આવે**

## આજનો દિન મહાન
- યશવંત કડીકર

હિંદમાં મુગલ સલ્તનની સ્થાપના કરનાર ધૈર્યવાન,દીર્ધદર્શી ને સામર્થ્યશાળી બાદશાહ બાબરનો ઉંમર શેલને ત્યાં ૧૪-૨-૧૪૮૩ના રોજ જન્મ થયો હતો. પંજાબ જીતી લીધા પછી એમના ફક્ત ૧૨,૦૦૦ સૈનિકોના લશ્કરથી એમણે ઈબ્રાહીમ લોદીની એક લાખની જંગી સેનાને પરાસ્ત કરી વિજય મેળવ્યો.

બાબર ફક્ત કુશળ સૈનિક, સેનાપતિ અને બાદશાહ જ નહોતો પણ સાહિત્ય, સંગીત અને બીજી લલિતકળાઓનો તે રસિક ભોકતા પણ હતો. અને તેની માતૃભાષા તુર્કીમાં તે એક સારો ગદ્ય-પદ્ય લેખક હતો. તા. ૨૬-૧૨-૧૫૩૦ના રોજ એમનું અવસાન થયું.

**તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક - તરૂણ એ. શેઠ**
માનવમંદિર, ડીસા. ફોન : ૨૨૦૨૬૪/ ૨૨૨૭૬૪
મુદ્રક : રખેવાળ પ્રિન્ટીંગ પ્રેસ, માનવ મંદિર, ડીસા
અમદાવાદ ઓફીસ :- ૧૦૩, અશ્વમેઘ એવન્યુ, મીઠાખળી ફોન ૨૬૪૦૭૧૪૭,મો.૯૪૨૯૧ ૨૨૧૦૫,
પાલનપુર ઓફીસ:- ૧૧૭, એરોમા આર્કેડ, જીલ્લા પંચાયત સામે, ફોન- ૨૫૩૦૦૪ મો.૯૪૨૬૯૪૮૫૪૬

**'રખેવાળ' દૈનિકમાં પ્રસિદ્ધ થતા તમામ સમાચાર, લેખો અથવા પ્રસિદ્ધ થતી કોઈપણ માહિતી કોઈપણ જાતના પૂર્વગ્રહ અથવા દ્વેષભાવ વગર માત્ર જનજાગૃતિના ઉદ્દેશ્યથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેમ છતાં પ્રસિદ્ધ થયેલ માહિતી કે સમાચાર માટે કોઈને પણ ફરીયાદ હોય તો તે બાબતે આધાર-પુરાવા સાથે ડીસા કાર્યાલયનો સંપર્ક કરવો વાદવિવાદ, કે કાનુની પ્રક્રિયા માટેનું ન્યાયક્ષેત્ર ડીસા રહેશે.**

ISO 9001 : 2015 CERTIFIED
॥ રોકાણકારોની શ્રદ્ધા અતૂટ.... અમે વિશ્વાસનું પ્રતિક ॥
ઇન્વેસ્ટમેન્ટ પોઇન્ટ
www.Investmentpoint.in
Stock Market Trading Consultancy
નિખિલ ભટ્ટ
Research Analyst - SEBI
+91 99793 80808
hellonikhilbhatt@gmail.com

## તા. ૨૬.૧૨.૨૦૧૭ ના રોજ સ્ટોક માર્કેટ ટ્રેડીંગ સંદર્ભે...

**નવી તેજી સંદર્ભે નિફ્ટી ફ્યુચર ૧૦૩૮૬ પોઇન્ટ નો સ્ટ્રોંગ સપોર્ટ...!!!**

**તા. ૨૨.૧૨.૨૦૧૭ ના રોજ નિફ્ટી ફ્યુચર બંધ ભાવ જ ૧૦૫૦૫ પોઈન્ટ :-**

**આગામી સંભવિત નિફ્ટી ફ્યુચર ૧૦૪૩૩ પોઈન્ટના પ્રથમ અને ૧૦૩૮૬ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીંગ સંદર્ભે ૧૦૫૪૭ પોઈન્ટ થી ૧૦૫૭૫ પોઈન્ટ, ૧૦૬૦૬ પોઈન્ટ ની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. ૧૦૬૦૬ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી....!!!**

**તા. ૨૨.૧૨.૨૦૧૭ ના રોજ બેન્ક નિફ્ટી ફ્યુચર બંધ ભાવ જ ૨૫૬૭૫ પોઈન્ટ :-**

**આગામી સંભવિત બેન્ક નિફ્ટી ફ્યુચર ૨૫૫૦૫ પોઈન્ટના પ્રથમ અને ૨૫૪૪૦ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીંગ સંદર્ભે ૨૫૭૩૦ પોઈન્ટ થી ૨૫૭૭૭ પોઈન્ટ, ૨૫૮૦૮ પોઈન્ટ ની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. ૨૫૮૦૮ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી....!!!**

## હવે જોઈએ અંગત અભિપ્રાયરૂપી ફ્યુચર સ્ટોક...

**HDFC લિમિટેડ (૧૭૧૦) :- ફાઇનાન્સ ગ્રુપ ની અગ્રણી આ કંપનીના શેરનો ભાવ હાલમાં રૂ.૧૭૦૦ આસપાસ પ્રવર્તી રહ્યો છે. રૂ.૧૬૮૬ ના સ્ટોપલોસથી ખરીદવાલાયક આ સ્ટોક ટૂંકા સમયગાળે રૂ.૧૭૩૩ થી રૂ.૧૭૪૪ ભાવ નોંધાવે તેવી શક્યતા છે....!! રૂ.૧૭૪૪ ઉપર તેજી તરફી ધ્યાન...!!**

**સેન્ચુરી ટેક્ષટાઇલ (૧૪૩૦) :- ટેકનીકલ ચાર્ટ મુજબ રૂ.૧૪૧૬ આસપાસ પોઝીટીવ બ્રેકઆઉટ..!!! રૂ.૧૪૦૯ ના સપોર્ટથી ખરીદવાલાયક આ સ્ટોક રૂ.૧૪૪૭ થી રૂ.૧૪૬૦ નો ભાવ નોંધાવે તેવી સંભાવના છે...!!**

**ઇન્ફોસિસ (૧૦૩૮) :- રૂ.૧૦૧૬નો પ્રથમ તેમજ રૂ.૧૦૦૬ ના બીજા સપોર્ટથી ટેક્નોલોજી સેક્ટરનો રોકાણલક્ષી આ સ્ટોક રૂ.૧૦૫૩ થી રૂ.૧૦૬૦ સુધીની તેજી તરફી રુખ નોધાવશે....!!**

**રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ (૯૨૦) :- રીફાઇનરીના આ સ્ટોક ટૂંકા ગાળે ટ્રેડીંગલક્ષી રૂ.૯૩૭ થી રૂ.૯૫૦ ના ભાવની સંભાવના ધરાવે છે.!! રૂ.૯૦૯ નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!**

**ગ્લેનમાર્ક ફાર્મા (૫૬૭) :- રૂ.૦૧ ની ફેસવેલ્યુ ધરાવતા ફન્ડામેન્ટલ સ્ટ્રોંગ આ સ્ટોક રૂ.૫૪૪ ના સ્ટોપલોસ આસપાસ ખરીદવાલાયક ફાર્મા સેક્ટરના આ સ્ટોકમાં તેજી તરફી રૂ.૫૭૩ થી રૂ.૫૮૦ આસપાસ નફાલક્ષી ધ્યાન ઉત્તમ....!!**

**HDFC બેન્ક (૧૮૭૬) :- ટેકનીકલ ચાર્ટ મુજબ બેન્ક સેક્ટરનો આ સ્ટોક રૂ.૧૮૯૦ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૧૮૬૦ થી રૂ.૧૮૪૪ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીંગલક્ષી રૂ.૧૯૦૯ નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!**

**બાટા ઇન્ડિયા (૭૫૧) :- રૂ.૭૬૭ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૭૭૭ ના સ્ટોપલોસે વેચવાલાયક....!! તબક્કાવાર રૂ.૭૪૦ થી રૂ. ૭૧૭નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!! રૂ.૭૭૭ ઉપર તેજી તરફી ધ્યાને લેશો....!!**

**મહેન્દ્રા & મહેન્દ્રા (૭૪૯) :- ઓટો સેકટરનો આ સ્ટોક છેતરામણા ઉછાળે રૂ.૭૭૩ના સ્ટોપલોસથી વેચાણલાયક...!! પ્રત્યાઘાતી ઘટાડે રૂ.૭૨૩ થી રૂ. ૭૧૧ ના ભાવની સપાટી આસપાસ નફો બુક કરવો....!!**

**સન ફાર્મા (૫૩૦) :- ટેક્નીકલ ચાર્ટ મુજબ ફાર્મા સેક્ટરનો આ સ્ટોક રૂ.૫૪૭ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૫૧૩ થી રૂ.૫૦૩ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીંગલક્ષી રૂ.૫૫૦ નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!**

**ટેક મહેન્દ્રા (૪૯૪) :- રૂ.૫૦૯ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૫૧૯ ના સ્ટોપલોસે વેચવાલાયક ટેક્નોલોજી સેક્ટરનો આ સ્ટોક તબક્કાવાર રૂ.૪૭૭ થી રૂ.૪૬૩ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!! રૂ.૫૧૯ ઉપર તેજી તરફી ધ્યાને લેશો...!!**

ખાસ નોંધ : - ડિસ્ક્લેમર / પોલીસી / શરતો WWW.INVESTMENTPOINT.IN ને આધીન...!!
તબક્કાવાર નફો બુક કરે એ શાણો રોકાણકાર...!!

# યોગીએ અંધવિશ્વાસ તોડયો : મોદી

નોઈડા

ક્રિસમસના તહેવારના દિવસે નોઈડાને દક્ષિણ દિલ્હીની સાથે જોડનાર મજેન્ટા લાઇન મેટ્રોની લોકોને ભેંટ મળી ગઇ છે. પૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીના ૯૩માં જન્મદિવસે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ઉત્તરપ્રદેશના મુખ્યપ્રધાન યોગી આદિત્યનાથે બાટનિકલ ગાર્ડન મેટ્રો સ્ટેશન પર બટન દબાવીને પહેલા ફેજ હેઠળ કાલકાજી મંદિર સુધી માટે આ લાઇનની શરૂઆત કરી હતી. મોદીએ આ મેટ્રોમાં ઓખલા બર્ડ સેન્ચુરી સુધી યાત્રા પણ કરી હતી. મોદીએ પોતાના ભાષણમાં મુખ્યપ્રધાન યોગીની ભારે પ્રશંસા કરી હતી. તેમણે કહ્યુ હતુ કે યોગીએ આદિત્યનાથે આ ભ્રમ તોડી દીધો છે કે કોઇ મુખ્યપ્રધાન નોઇડા આવી શકતા નથી. યોગીની ભારે પ્રશંસા કરતા મોદીએ કહ્યુ હતુ કે યોગીના નેતૃત્વમાં ઉત્તરપ્રદેશ ખુબ ઉત્તમરીતે વિકાસની દિશામાં આગળ વધી રહ્યુ છે. અલબત્ત યોગીના વસ્ત્રોને જોઇને એ ભ્રમ ફેલાવવામાં આવે છે કે તેઓ આધુનિક વિચારના હોઇ શકે નહી. મોદીએ કહ્યુ હતુ કે તેમને ખુશી છે કે જે નોઇડામાં કોઇ મુખ્યપ્રધાન ન આવવા માટેની છાપ ઉભી થયેલી હતી તે હવે દુર થઇ છે. યોગીએ આ અંધવિશ્વાસને તોડી દીધો છે. મોદીએ કહ્યુ હતુ કે કોઇ પણ મુખ્યપ્રધાનના નોઇડા નહીં આવવા માટેનુ કારણ અંધવિશ્વાસ છે. લોકો કહે છે કે જે મુખ્યપ્રધાન નોઇડા આવે છે તે મુખ્યપ્રધાનની ખુરશી જતી રહે છે. મોદીએકહ્યુ હતુ કે માન્યતામાં કેદ થઇને કોઇ સમાજ વિકાસ કરી શકે નહી. પોતાનો દાખલો આપતા તેમણે કહ્યુ હતુ કે તેઓ જ્યારે ગુજરાતના મુખ્યપ્રધાન હતા ત્યારે તેમને કેટલાક સ્થળો પર જતા રોકવામાં આવતા હતા. પરંતુ તેઓ મુખ્યપ્રધાન તરીકે તમામ જગ્યાએ ગયા હતા. જેથી તેમને સૌથી વધારે સેવાની તક મળી છે. પોતાના સંબોધનમાં મોદીએ ગુડ ગવર્નન્સનો ઉલ્લેખ કરીને અટલ બિહારી વાજપેયીની પ્રશંસા કરી હતી. વાજપેયીને મોદીએ મેટ્રોના પ્રથમ યાત્રી તરીકે ગણાવ્યા હતા. તેમણે કહ્યુ હતુ કે પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજનાનુ સપનુ વાજપેયીએ જોયુ હતુ. જેથી હવે ભારતના દરેક ગામ પાકા રસ્તાથી જોડાઇ રહ્યા છે. અમે આ રસ્તાને આગળ લઇને જઇ રહ્યા છીએ. મોદીએ દેશના લોકોને ક્રિસમસની શુભેચ્છા આપી હતી. તેમણે કહ્યુ હતુ કે આજે બે ભારતરત્ન સમાન હસ્તી વાજપેયી અને મદન મોહન માલવીયના જન્મદિવસ છે. વારાણસીએ તેમને વડાપ્રધાન તરીકે સેવા કરવાની તક મળી છે. આજે દુગામી સેવા શરૂ કરવામાં આવી છે. તેમણે કહ્યુ હતુ કે હાલના સમયમાં વિકાસના દરેક કામને રાજકીય રંગ આપવામાં આવે છે. દરેક બાબત રાજકીય રીતે જોવામાં આવે છે.

# મોદી સરકાર આગામી બજેટમાં કિસાનો- ખેતીને પ્રોત્સાહન આપે તેવી શક્યતા

ન્યુ દિલ્હી

૨૦૧૮-૧૯ના સામાન્ય બજેટમાં કેન્દ્ર સરકાર કિસાનો અને ખેતીને ઉત્તેજન આપવા માગે છે. કૃષિ પેદાશોનાં ભાવમાં અચાનક ઘટાડો થાય તો તરત જ હસ્તક્ષેપ કરવાની વધુ સત્તા રાજ્ય સરકારોને મળી શકે છે. આ ઉપરાંત કૃષિ પેદાશોને બજાર સાથે જોડવા, ગ્રામ્ય ક્ષેત્રોમાં નારાજી દુર કરવા અને આજિવિકા મિશનને મજબુત બનાવવાના પગલાં બજેટમાં આવી શકે છે. ગુજરાતની ચૂંટણીમાં ભાજપ્રે સૌરાષ્ટ્રમાં જબરો ફટકો પડયો છે ત્યારે આ ક્ષેત્રને રાજી કરવા અને પરી આવા પોતાના મત અંકે કરવાની લાઈન સાથે સરકાર બજેટ બનાવી રહી છે.

ચણા, તુવેર અને તેલિબીયા તથા તલના ભાવ ન્યૂનતમ ટેકાના ભાવથી નીચે ઉતરી ગયા છે ત્યારે બજેટમાં વિશેષ પગલા થકી ભાવમાં સ્થિરતા જાળવવાની કોશિષ થશે. આ ભાવ સ્થિરતા લાવવા માટે રાજ્યોને સીધી જ ફંડની ફાળવણી કરવાનો આ સરકારનો વિચાર છે. ખેડૂતોને મજબુરીમાં ઓછા ભાવે પેદાશો વેચવાની જર રહેશે નહીં. સરકાર ખેડૂતોને કૃષિ લોન પણ સરળતાથી મળે અને વધુ મળે તેવા પ્રયાસો કરશે. બજેટમાં ખેડૂતો અને ખેતીને ઉત્તેજન આપવાના આવા અનેક પગલા આવી શકે છે.

સરકારના એક વરિષ્ઠ અધિકારીએ આ માહિતી આપતાં કહ્યું છે કે, સૌરાષ્ટ્રના ખેડૂતો ઉપરાંત દેશભરના ખેડૂતોને રાહતપ પગલાઓનો લાભ મળશે. આ ઉપરાંત મનરેગા માટે ૨૦૧૮-૧૯ના બજેટમાં ૧.૧૨ હજાર કરોડની વધુ ફાળવરી થવાની પણ શકયતા છે. આમ આગામી બજેટમાં ગ્રામ્ય ભારત માટેના બજેટમાં તોતિંગ વધારો થઈ શકે છે.

# થરાદ ખાતે સ્વાધ્યાય પરિવાર દ્વારા ગીતા જયંતિની ઉજવણી

### જિલ્લાના યુવા ભાઈ- બહેનો દ્વારા ગીતા પૂજન

પ્રતિ. થરાદ

સ્વાધ્યાય પરિવાર ગીતા જયંતી અનોખી રીતથી ૧૯૭૮ થી ઉજવે છે. તેમાં ૧૬ થી ૩૦ વર્ષ ના ભાઈઓ બહેનો ગીતા ઉપર અભ્યાસ કરી નક્કી કરેલા વિષય ઉપર ૫ મીનીટમાં ગીતાના પુજન કરે છે. આ પધ્ધતિથી સાચા અર્થમાં મા ગીતાના વિચારો પોતાના જીવનમાં તથા અન્ય ભાઈ- બહેનોના જીવનમાં લઈ જવાનો અનેરો રસ્તો પરમ પૂજ્ય પાંડુરંગ શાસ્ત્રી (દાદાજી) એ આપ્યો. આ વર્ષે સમગ્ર સ્વાધ્યાય પરિવારના યુવાભાઈ બહેનોએ આ ગીતા જયંતીનો ઉત્સવ આદરણીય દીદીજી (જયશ્રિ તલવરકર) ના માર્ગદર્શનથી વિશેષ ઉત્સાહથી ઉજવી રહ્યા છે.

ગીતા તેજ કા દર્શન માનવ મૂલ્ય સંવર્ધન આ વિષય ઉપર લાખો ભાઈ બહેનોએ પુજન કર્યું. જેના ભાગ રૂપે બનાસકાંઠા જિલ્લા ની જિલ્લા સ્તરની સ્પર્ધા થરાદ તાલુકામાં ગાયત્રી વિદ્યાસંકુલમાં રવિવાર તા.૨૪-૨-૨૦૧૭ ના રાત્રે ૬:૩૦ થી ૯ વાગ્યે યોજાયેલી. જેમાં બનાસકાંઠાના દરેક તાલુકાના પ્રતિનિધી રૂપે ૧૩ સ્પર્ધક ભાઈ બહેનોએ ગીતા પૂજન કર્યું. હજારોની સંખ્યામાં યુવા ભાઈ બહેનોએ આ સ્પર્ધામાં લાહવો લીધો.

આ વર્ષે ૨૦૧૭ ની સ્પર્ધામાં સમગ્ર બનાસકાંઠા જિલ્લામાંથી ૮૬૩૬ યુવાભાઈ-બહેનોએ ગીતા ઉપર નિબંધ લખી પુજન કર્યું અને ૧૬૪૧૪ યુવા ભાઈ- બહેનોએ વાક્પૂજન કરી ગીતામાનું પૂજન કર્યુ.

# ચાર મોટા સહિત કુલ ૧૨ એલઇડી સ્ક્રીન લગાવાયા

અમદાવાદ

ગુજરાત વિધાનસભા ચૂંટણી ૨૦૧૭માં ફરી એકવાર સત્તા જાળવી રાખવામાં સફળ થયેલી ભાજપની નવી સરકારનો શપથવિધિ સમારોહ આવતીકાલે તા.૨૬મી ડિસેમ્બરના રોજ સવારે ૧૧-૦૦ વાગ્યે ગાંધીનગરના નવા સચિવાલય ગ્રાઉન્ડ ખાતે યોજાશે. શપથવિધિ સમારોહના આજના આગલા દિવસે સ્નીફર ડોગ સાથે ડોગ સ્કવોડ, બોંબ સ્કવોડ સહિતની સુરક્ષા એજન્સીઓએ શપથવિધિ સમારોહના સ્થળ અને તેની આસપાસના સમગ્ર વિસ્તારમાં સઘન અને ઝીણવટભર્યું ચેકીંગ હાથ ધરાયું હતું. શપથવિધિ સમારોહમાં ગુ- જરાત સહિત દેશભરમાંથી વીઆઈપી, વીવીઆઈપી સહિતના મહાનુભાવો ખાસ ઉપસ્થિત રહેવાના હોઇ એરપોર્ટથી લઇ નવા સચિવાલય ગ્રાઉન્ડ સુધીના માર્ગ પર સુરક્ષાને મોક ડ્રાઇવ યોજાઇ હતી અને લોખંડી બંદોબસ્ત સાથેનું રિહર્સલ કરાયું હતું. ત્રણ અલગ-અલગ વિશાળ સ્ટેજ તૈયાર કરવામાં આવ્યા છે, જેમાં મુખ્ય સ્ટેજ ૬૦ ફુટ બાય ૩૨ ફુટનું રહેશે. જયારે વિશાળ ડોમ જે તૈયાર કરાયો છે તે, ૧૨૦ બાય ૧૬૦ મીટરનો બનાવાયો છે. જેમાં ૧૨ હજારથી વધુ લોકોને સમાવી શકાય તેવી ક્ષમતા છે. તો દૂર દૂર સુધી લોકો શપથવિધિ સમારોહની એકેએક પળ નજીકથી જોઇ શકે અને માણી શકે તે માટે ચાર મોટા અને આઠ નાના સહિત કુલ ૧૨ એલઈડી સ્ક્રીન લગાવવામાં આવ્યા છે. તો પાર્કિંગ માટેની પણ ખાસ વ્યવસ્થા કરવામાં આવી છે. ભાજપ સરકારના શપથવિધિ સમારોહમાં કોઇ કસર ના રહી જાય તેનું ભાજપ દ્વારા ખાસ પ્લાનીંગ કરવામાં આવ્યું છે. નોંધનીય છે કે, ગુજરાતમાં સતત છઠ્ઠીવાર સરકાર રચીને વિક્રમ સર્જી રહેલી ભાજપ દ્વારા તેના આ શપથવિધિ સમારોહના ઓઠા હેઠળ એક પ્રકારે તેનું જોરદાર શકિત પ્રદર્શન પણ બતાવવાનું આયોજન કરાયું છે.

# રેલ્વે તહેવારોમાં પ્રીમિયમ ચાર્જ વસૂલે તેવી શક્યતા ટિકિટ મોંઘી થશે

ન્યુ દિલ્હી

રેલવે હવે વિમાનની જેમ અલગ-અલગ સીઝનમાં તેના ભાડામાં ફેરફાર કરવા વિચારી રહ્યું છે. દિવાળી, દુર્ગા પૂજા અને આવા બીજા તહેવારો દરમિયાન પ્રીમિયમ ચાર્જ વસૂલ કરવાની તૈયારી કરી રહ્યું છે. બીજી તરફ ઓડ-અવર્સની મુસાફરી તેમજ ઓછા લોકપ્રિય રૂટની ટ્રેન અથવા પેન્ટ્રી સર્વિસ ન હોય તેવી ટ્રેનની પસંદગી કરવા બદલ ડિસ્કાઉન્ટ આપવાની પણ યોજના છે. આમ રેલવેની મુસાફરી ફરી મોંઘી બની શકે છે.

રેલવે બોર્ડ ભાડાંમાં ફેરફારની યોજના કરતી આવી અનેક દરખાસ્તો વિચારી રહ્યું છે. ગત સપ્તાહે સીનિયર અધિકારીઓ સાથેની મીટિંગ દરમિયાન રેલવે મંત્રી પિયૂષ ગોયલ તેમજ બોર્ડે સ્પર્ધાત્મક ભાડું ઓફર કરવા માટે ફ્લેક્સિબલ ડાયનેમિક પ્રાઈસિંગની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. રેલવેના ઈસ્ટર્ન, વેસ્ટર્ન અને વેસ્ટ સેન્ટ્રલ ઝોને આ માટે તૈયારીઓ પણ કરી લીધી છે.

ડાયનેમિક-પ્રાઈસિંગ દાખલ કરવા માટેના ઉપાયો સૂચવતી આ દરખાસ્તોની નકલો પણ આવી ગઈ છે. આ ઝોનોએ દરખાસ્ત કરી હતી કે મુસાફરોને ઓડ- અવર્સમાં(જેમ કે રાત્રે ૧૨થી ૪ અને બપોરે ૧થી પાંચ વાગ્યા સુધીમાં)પહોંચતી ટ્રેનો માટે ડિસ્કાઉન્ટ ઓફર કરવી જોઈએ. ફર્સ્ટ લેગ તેમજ લાસ્ટ લેગ વેકેન્ટ બર્થ માટે ૧૦થી ૩૦ ટકા ડિસ્કાઉન્ટની ઓફરની તરફેણ કરાઈ છે. વિવિધ ઝોનોએ ભરચક મુસાફરીના દિવસો અને તહેવારોની સીઝનમાં પ્રીમિયમ ચાર્જિસ (વધારાના ૧૦-૨૦ ટકા) વસૂલ કરવાની રેલવેને દરખાસ્ત કરાઈ છે.

મુસાફરનો જેટલો સમય બચે તેના કલાકને આધારે તે વધારાની રકમ નક્કી થવી જોઈએ તેવી દરખાસ્ત કરતા આ ઝોનોએ પેન્ટ્રી કાર્સ જેવી વધારાની સવલત ધરાવતી ટ્રેનો માટે પ્રીમિયમ ચાર્જિસની ભલામણ કરી છે.

આવી જ રીતે અંદરની નીચેની સીટો, દરવાજા નજીક કેબિન્સ જેવા પસંદગીના બર્થ માટે અલગ-અલગ ટિકિટ દર હોવા જોઈએ તેવી દરખાસ્ત કરતા આ ઝોનોએ બર્થદીઠ - ૨૦ની અપગ્રેડેશન ફી પણ વસૂલ કરવાની દરખાસ્ત કરી છે.

# ડીસામાં સિંધી સમાજનો સરસ્વતી સન્માન સમારોહ યોજાયો

### સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓને સન્માનિત કરાયા




ભરત સુંદેશા

ડીસા

ડીસામાં વસતા શ્રી લોહાણા થરી સિંધી સમાજ નો પંદરમો સરસ્વતી સન્માન સમારોહ યોજાયો હતો.જેમાં સમાજનાં તેજસ્વી વિદ્યાર્થી ભાઈ-બહેનોનું સન્માન કરી પુરસ્કાર અપાયા હતા. શ્રી લાડ લોહાણા થરી સિંધી સમાજ દ્વારા પંદરમો સરસ્વતી સન્માન સમારોહ સમાજના સભાગૃહ ખાતે રવિવારે યોજાયો હતો. સરસ્વતી સન્માન સમારોહ ની શરૂઆત સ્થાપક પ્રમુખ દિલીપભાઈ ઠક્કર દ્વારા કરાઇ હતી.જે સતત ચાલુ રહેતા આ વર્ષે પ્રમુખ કમલેશભાઈ ઠક્કરની ઉપસ્થિતિમાં યોજાયેલા પાંદરમાં સમારોહમાં સમાજના તેજસ્વી વિદ્યાર્થી ભાઈ બહેનોને ઈનામો આપી સન્માન કરાયું હતું. આ પ્રસંગે ટ્રોફી અને ભોજનના દાતા તરીકે લાડ લોહાણા થરી મિત્ર મંડળ દ્વારા સહયોગ અપાયો હતો.

# સાંઈબાબા સ્પોર્ટસ ક્લબનો જામનગરની - ક્રિકેટ ટીમ સામે રોમાંચક વિજય



ડીસા

ડીસા ખાતે આવેલ ટી.સી.ડી.ગ્રાઉન્ડ ઉપર તા.૧૭/૧૨/૨૦૧૭ ના રોજ સાંઈબાબા ક્રિકેટ ઈલેવન અને જામનગરની ક્રિકેટ ટીમ વચ્ચે ૪૦-૪૦ ઓવરની મેચ રમાઈ જેમાં ડીસા માંથી મોટી સંખ્યામાં ક્રિકેટ રસીકો હાજર રહ્યા હતા. સાંઈબાબા ટીમના કેપ્ટન - શૈલેષભાઈ મકવાણા (ગાગુંલી) એ ટોસ જીતી પ્રથમ બેટીંગ લીધી હતી. તેમાં સાંઈબાબા - ટીમે ૪૦ ઓવરમાં ૨૦૮ રન બનાવ્યા હતા. તેમાં મિત ગોહીલે અને પં- કીત મકવાણાએ ઝંઝાવાતી બેટીંગ કરી મિત ગોહીલે (૬૪) રન અને પંકીત મકવાણાએ શાનદાર બેટીંગ કરી (૪૬) રન બનાવ્યા હતા. અને જામનગર ના બોલરોને હતાશ કરી નાખ્યા હતા.

જામનગરની ટીમ (૩૭) ઓવરમાં ૨૦૭ રનમાં આઉટ થઈ ગઈ હતી. આમ રસાકસી મેચમાં (૧) રને સાંઈ બાબા ટીમ વિજેતા બની હતી. આ મેચમાં આકાશ થૈરાવે (૩) વિકેટ અલ્પેશ ઠક્કરે (૩) વિકેટ અને નયન પરમારે (૨) વિકેટ મેળવી હતી. છેલ્લી વિકેટે જામનગરની ટીમને એક ઓવરમાં ફક્ત ત્રણ રનની જીતવા જરૂરત હતી પરંતુ આકાશ થૈરાવ અને અલ્પેશ ઠક્કરે ફક્ત બેરન આપી મેજીકલ સ્પેલ નાખી. (૧) રને ભવ્ય જીત અપાવી હતી અને ડીસાના ક્રિકેટ પ્રેમીઓને ખુશ કરી નાખ્યા હતા. આકાશ થૈરાવ મેન ઓફ ધ મેચ જાહેર થયો હતો.

# જાધવની માતા અને પત્નિ સાથે યોગ્ય રીતે મુલાકાત ન કરાવી

નવી દિલ્હી

પાકિસ્તાન સરકારે પોતાને ત્યાં જેલમાં બંધ રહેલા ભારતીય નાગરિક કુલભુષણ જાધવની મુલાકાત જે રીતે તેમના માતા અને પત્નિ સાથે કરાવી છે તેને લઈને જોરદાર નારાજગીનુ મોજુ ફરી વળ્યુ છે. પાકિસ્તાન દ્વારા અપનાવવામાં આવેલી રીત સામે વાંધો ઉઠાવવામાં આવી રહ્યો છે. પાકિસ્તાન હવે જાધવના જારી કરેલા વિડિયોને લઇને ચર્ચા છેડાઇ ગઇ છે. અલબત્ત આ વિડિયોની રેકોર્ડિંગ આ મુલાકાત પહેલા કરવામાં આવી છે. આ વિડિયોમાં કુલભુષણ જાધવ પરિવારના સભ્યો સાથે વાતચીત કરવા બદલ પાકિસ્તાન સરકારનો આભાર માનતો નજરે પડે છે. આજે પાકિસ્તાન સરકારે જે રીતે કુલભુષણ અને તેમના પરિવારના સભ્યોની મુલાકાત કરાવી તેને લઈને નારાજગી વ્યક્ત કરવામાં આવી રહી છે. પાકિસ્તાની જેલમાં રહેલા જાધવની મુલાકાત દરમિયાન એક કાંચની દિવાળ વચ્ચે રાખવામાં આવી હતી. જાધવના માતા અને પત્નિ તેમને માત્ર જોઇ શકતા હતા. વાત કરવા માટે ઈન્ટરકોમની મદદ લેવામાં આવી હતી. સોશિયલ મિડિયા પર રહેલા આંતરરાષ્ટ્રીય લોકોએ પાકિસ્તાનની આકરી ટિકા કરી છે.આ વિડિયોમાં કુલભુષણ દ્વારા ફરી એકવાર તેમને ભારતના કમાન્ડર તરીકે ગણાવવામા આવ્યા છે. દરમિયાન પાકિસ્તાને ફરી એકવાર દાવો કર્યો છે કે કુલભુષણ જાધવને રાજકીય મદદ પહોંચાડી દેવાની મંજુરી આપી દેવામાં આવી છે. જો કે ભારતે પાકિસ્તાનના દાવાને ફગાવી દીધો છે. કુલભુષણ અને તેમના પરિવારના સભ્યો વચ્ચે વાતચીત વેળા ભારતીય ડેપ્યુટી હાઇ કમીશન જેપીસિંહ પણ હાજર રહ્યા હતા. પાકિસ્તાને આને રાજકીય ઓળખ તરીકે ગણાવી હતી. જો કે ભારતના વિરોધ બાદ પાકિસ્તાને આ નિવેદન પાછુ ખેંચી લીધુ હતુ. ૪૭ વર્ષીય જાધવને પાકિસ્તાનની લશ્કરી કોર્ટે જાસુસી અને ત્રાસવાદના આરોપસર આ વર્ષે એપ્રિલમાં ફાંસીની સજા ફટકારી હતી. ભારતે સતત રાજકીય મદદ પહોંચાડવાની માંગ કરી રહ્યુ છે જો કે પાકિસ્તાને ભારતની માંગને ફગાવી છે. ભારતની તીવ્ર રજૂઆત બાદ તેની ફાંસી પર સ્ટે મુકાયો છે.

# શિયાળું સત્રમાં મોટર વાહન ખરડો પસાર થવા પર સસ્પેન્સ

ન્યુ દિલ્હી

વિપક્ષના તીખા વલણને જોતાં પ્રવર સમિતિનો રિપોર્ટ પ્રાપ્ત હોવા છતાં સંસદના હાલના સત્રમાં મોટર ખરડો પસાર થવા અંગે સસ્પેન્સ છે. કોંગ્રેસ સહિત સમિતિના અમુક વિપક્ષી સભ્યો પણ ખરડાની અમુક જોગવાઈથી અસહમત છે અને પોતાનો વાંધો નોંધાવી ચૂક્યા છે. આવામાં રાજ્યસભામાં સરકાર માટે મુશ્કેલી ઉભી થઈ શકે છે.

એપ્રિલમાં લોકસભામાં પસાર થઈ ગયા બાદ સરકારે મોટર વાહન સંશોધન ખરડો- ૨૦૧૭ને રાજ્યસભામાં રજૂ કર્યો હતો પરંતુ પાસ કરાવી શકી નહોતી. વિપક્ષના દબાણમાં તેણે ખરડાને પ્રવર સમિતિના હવાલે કરવો પડયો હતો. એ સમયે સડક પરિવહન અને રાજમાર્ગ મંત્રી નીતિન ગડકરીએ કહ્યું હતું પ્રવર સમિતિનો રિપોર્ટ શિયાળુ સત્રના પહેલાં જ દિવસે આવી જશે અને એ સત્રમાં ખરડાને પસાર કરાવી લેવામાં આવશે. હાલ એવી કોઈ સ્થિતિ દેખાઈ રહી નથી કેમ કે એક તો પ્રવર સમિતિનો રિપોર્ટ આવવામાં એક સપ્તાહનું મોડું થઈ ચૂક્યું છે અને બીજી બાજું કે વિપક્ષના આક્રમક વલણને કારણે રાજ્યસભા ચાલવી મુશ્કેલ બની ગઈ છે. આવામાં સરકાર ખરડાને શિયાળુ સત્રમાં પસાર કરાવવામાં પોતાનો વાયદો કઈ રીતે પૂરો કરે છે તે વાત જોવી રહી.

ભાજપ સાંસદ વિનય સહસ્રબુદ્ધેની અધ્યક્ષતાવાળી પ્રવર સમિતિના ૬ સભ્યોએ ખરડાની અમુક જોગવાઈઓ સામે વાંધો નોંધાવ્યો હતો. આમાં કોંગ્રેસના બી.કે.હરિપ્રસાદ અને પ્રમોદ તિવારી ઉપરાંત માકપાના સીપી નારાયણ, તૃણમુલ કોંગ્રેસના મનીષ ગુપ્તા, દ્રમુકના એમ.કે.કનીમોરી, અન્નાદ્રમુકના કે.એ.નવનીત કૃષ્ણન તથા નરેન્દ્ર જાધવના નામનો સમાવેશ થાય છે. આ લોકોને વાંધો ખરડાની એ જોગવાઈને લઈને છે જેમાં વાહનોનું રજિસ્ટ્રેશન આરટીઓની જગ્યાએ ડિલરના સ્તરે કરાવવાનો પ્રસ્તાવ કરવામાં આવ્યો છે.

# લોખંડના કમ્મરતોડ ભાવ વધારાથી ઔદ્યોગિક એકમોમાં હાહાકાર

**પ્રતિ ટને રૂા.૧૪૦૦ નો વધારો થતા વેપારીઓની હાલત કફોડી : ભાવનગર - રાજકોટના અનેક એકમોમાં લોખંડની ખરીદી બંધ : અનેક નિર્માધિન કાર્યો ઉપર લાગી બ્રેક : લોખંડના વધતા ભાવો ઉપર સરકાર નિયંત્રણમાં લાવશે ?**

ડીસા

રાજયમાં છેલ્લા એક સપ્તાહથી લોખંડના ભાવમાં કમ્મરતોડ વધારો થઈ રહ્યો છે. લોખંડનો ભાવ પ્રતિટનના ૧૪૦૦ રૂપિયા થતા રાજયમાં આવેલા અનેક ઔધોગિક એકમોમાં સન્નાટો વ્યાપી ગયો છે. ખાસ કરીને રાજકોટ અને ભાવનગરમાં આવેલા ઔધોગિક એકમોના વેપારીઓની આંખમાંથી આસુ વહી રહ્યાં છે. લોખંડના ભાવમાં એકા - એક થયેલા વધારાના પગલે અનેક નિર્માણ કાર્યો ઉપર બ્રેક લાગી છે.

સમગ્ર દેશમાં લોખંડના ભાવો દિન - પ્રતિદિન વધી રહ્યાં છે. જેનાથી અનેક ઔધોગિક એકમો ભીસમાં જોવા મળી રહ્યાં છે. રાજયમાં રાજકોટ અને ભાવનગરમાં આવેલા ઔધોગિક એકમોની સ્થિતિ બેકાબુ બની રહી છે. આવા ઔધોગિક એકમોએ અત્યારે લોખંડની ખરીદી ઉપર પણ બ્રેક લગાવી હોવાનું સુત્રો જણાવી રહ્યાં છે.

સુત્રોના જણાવ્યા પ્રમાણે, છેલ્લા પાંચ દિવસથી લોખંડના ભાવોમાં સતત વધારો થઈ રહ્યો છે. તેમજ લોખંડનો ભાવ રૂા.૧૪૦૦ પ્રતિટને પહોંચતા વેપારીઓના મોં ઉપર રહેલી ખુશીઓને ગ્રહણ લાગ્યું છે. વેપારીઓના મનમાં આ ભાવ વધારા પાછળ કોણ જવાબદાર છે. સહિતના અનેક પ્રશ્નો શરૂ થયા છે.

મળતી માહિતી પ્રમાણે લોખંડના વેપારીઓના મોબાઈલ ફોન ઉપર મેસેજ મોકલવામાં આવે છે. જે મેસેજમાં લોખંડના ભાવો જણાવવામાં આવે છે અને તે ભાવથી જ લોખંડની ખરીદી કે વેચાણ કરવામાં આવતું હોય છે.સૌથી આશ્ચર્યની વાત તો એ છે કે, ૧૮ ડિસેમ્બરના રોજ લોખંડનો ભાવ રૂા.૩૨,૧૦૦ પ્રતી ટન હોવાનો મેસેજ વેપારીઓને આવ્યો હતો.

અનુસંધાન પાના નં.૬

### લોખંડના ભાવ વધારા પાછળ જવાબદાર કોણ ?

છેલ્લા પાંચ દિવસથી લોખંડના ભાવોમાં પ્રતિ ટને રૂા.૧૪૦૦ નો વધારો થયો છે. જેના કારણે વેપારીઓ, બિલ્ડરોમાં પણ ફફડાટ જોવા મળે છે. ત્યારે આ ભાવ વધારા પાછળ કોણ જવાબદાર છે તે પ્રશ્ન વેપારીઓમાં ચર્ચાનું કેન્દ્ર બન્યો છે.

### સૌરાષ્ટ્રમાં આવેલા ઔદ્યોગિક એકમોની કફોડી સ્થિતિ

લોખંડના ભાવોમાં દિન - પ્રતિદિન વધારો થઈ રહ્યો છે. જેના કારણે સૌરાષ્ટ્રમાં આવેલા રાજકોટ અને ભાવનગરમાં આવેલી અનેક ઔધોગિક વસાહતો સંપૂર્ણ કે આંશીક બંધ કરી દેવામાં આવી છે.

### અનેક વિકાસકામો પર પડશે અસર

રાજયમાં વિકાસની હરણફાળ થઈ રહી છે. જિલ્લા તાલુકા અને ગ્રામ્ય મથકો ઉપર સરકાર દ્વારા અનેક પ્રકારના વિકાસ કામો હાથ ધરવામાં આવ્યાં છે. પરંતુ લોખંડના ભાવ વધારાના કારણે આ વિકાસકામો ઉપર પડનારી હોવાનું પણ સુત્રો જણાવી રહ્યા છે.

**બનાસકાંઠાનું યાત્રાધામ ઢીમા વિકાસથી વંચીત**

# પ્રાથમિક સવલતોના પણ અભાવથી યાત્રાળુઓમાં રોષ





વર્ધાજી ચૌહાણ

પ્રતિનિધિ ઢીમા

જિલ્લા મથક પાલનપુરથી ૧૧૨ કિમિનાં અંતરે આવેલું યાત્રાધામ ઢીમા બનાસકાંઠા જિલ્લાનાં શક્તિપીઠ અંબાજી પછીનાં બીજા નંબરનું યાત્રાધામ છે. જ્યારે અહીયા દર પૂનમે મોટો લોકમેળો ભરાય છે. જેમાં લાખ્ખો યાત્રાળુઓ ઢીમામાં બિરાજમાન શ્રી ધરણીધર ભગવાનનાં દર્શન કરી ધન્યતા અનુભવે છે. તો બીજી બાજુ અહીંયા ગટર વ્યવસ્થા, સ્ટ્રીટલાઈટ, પાકા રોડ રસ્તાઓ, પીવાના પાણીની વ્યવસ્થા, બસસ્ટેન્ડ, પાર્કિંગની સુવિધાઓનો અભાવ, આરોગ્યની સુવિધા,જાહેર શૌચાલય કે સ્નાનઘરનો અભાવ, સહિતની અનેક પ્રકારની પ્રાથમિક સુવિધાઓનો અભાવ વર્તાય છે. સરહદી વિસ્તારમાં બનાસકાંઠા જિલ્લાની અતિ મહત્વની ગણાતી

૭-વાવ વિધાનસભા બેઠક પર સત્તા પરીવર્તન થયું છે ત્યારે સરહદી વાવ તાલુકાનાં વિકાસ સામે અનેક સવાલો ઉભા થાય છે.અત્રે ઉલ્લેખનીય છે કે રાજયમાં ૨૨ વર્ષીય હિંદુત્વ વિચારધારા ધરાવતી ભાજપની સરકાર છે

અનુસંધાન પાના નં.૬

### ગ્રાન્ટ વપરાઈ જ નથી

પવિત્ર યાત્રાધામ ઢીમા ધામનાં સર્વાંગી વિકાસ માટે રાજ્ય સરકારનાં પૂર્વ મંત્રી શંકરભાઈ ચૌધરી દ્વારા પવિત્ર યાત્રાધામ ઢીમા ધામમાં પ્રાથમિક સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવે તે હેતુસર ૫ કરોડની માતબર ગ્રાન્ટ ફાળવણી કરી ટેન્ડર પ્રક્રિયાઓ હાથ ધરવામાં આવી હતી. પરંતુ આજદિન સુધી આ ગ્રાન્ટ વપરાઈ નથી.

### કઈ કઈ સુવિધાઓ મળવી જોઈએ

ગટર વ્યવસ્થા., ઢીમા ચારરસ્તા સુધી ફોરલાઈન રોડ., સ્ટ્રીટલાઈટની સુવિધા., માંદેલાં તળાવ ઘાટનું નવીનીકરણ અને નર્મદાનાં નીર ભરવામાં આવે અને બોટિંગ વ્યવસ્થા શરૂ થાય તો સ્થાનિક રોજગારી મળી શકે., મેઈન એપ્રોચ રોડ પર અને ઢીમા માવસરી હાઈવે પર મોટા પુલ બનાવવાં જેથી પુરની ભયંકર પરિસ્થિતિમાં ગામમાં પાણીનાં ભરાય અને હજારો ગરીબ પરિવારો બેઘર નાં થાય., બસસ્ટેન્ડની સુવિધા., ભોરોલ ઢીમાં સપ્રેડા એપ્રોચ રોડનું નવીનીકરણ કરવામાં આવે તો ટ્રાફિકની સમસ્યા દૂર થાય., બાગ બગીચો બનાવવો., જાહેર રસ્તાઓ પરનાં દબાણો દૂર થાય., ગામમાં ત્રણ જગ્યાએ શૌચાલય અને સ્નાનઘર ની સુવિધા મળે.

# ભાભરના ગૂમ કિશોરની ભાળ ન મળતા પરિવારની કફોડી હાલત



તા.પ્રતિ. ભાભર

ભાભરના ગૂમ કિશોરની અપહરણની ફરીયાદ બાદ પણ ભાળ ન મળતા પરિવારની હાલત કફોડી બની જવા પામી છે.

ભાભર શહેરના દિનેશભાઈ દેવાભાઈ માળી એસ.ટી. ડ્રાઈવર તરીકે ફરજ બજાવે છે. તેમનો કિશોર વયનો પુત્ર વિપુલ દિનેશભાઈ માળી (ઉ.વ.૧૫) ભાભર માં ધો.૧૦ માં અભ્યાસ કરતો હતો. જે ગત તા.૨૩-૧૨-૧૭ ના બપોરે કોઈને કહ્યા વગર ઘરેથી ગયો હતો. ત્યાર બાદ સાંજે ઘરે ના આવતા પરિવારમાં દોડધામ મચી ગઈ છે. છેલ્લા બે દિવસથી ભારે શોધ-ખોળ છતાં કિશોર વયનો પુત્રનો પત્તો ન મળતા પરિવાર ગામગીન બની ગયુ છે. તેની માતા સતત રડતી રહીને અનાજ-પાણી ત્યાગી દેતા પરિવારની હાલત કફોડી બની ગઈ છે. ગુમ થનારના પિતાએ પોલીસ મથકે અપહરણની ફરીયાદ નોંધાવી છે તેમ છતાં તેની કોઈ ભાઈ ન મળતા ચકચાર છવાઈ છે.

# વડગામના રૂપાલ ગામે શાળાઓ નજીક સ્પીડબ્રેકર લગાવવા માંગ

પ્રતિ. વડગામ

નેશનલ હાઈવે નં.૫૮ જયાંથી પસાર થાય છે તે વડગામના રૂપાલ ગામની માધ્યમિક, પ્રાથમિક શાળાઓ હાઈવે રોડ પાસે કાર્યરત છે અહી અભ્યાસ અર્થે આવતા વિદ્યાર્થીઓને વારંવાર હાઈવે રોડ ક્રોસ કરવો પડે છે જેથી સ્પીડમાં આવતા વાહનો વિદ્યાર્થીઓ તથા રાહદારીઓને અડફેટમાં લે છે જેથી કેટલાય અકસ્માતો સર્જાયા છે માટે બંન્ને પુલ નજીક તથા વેસા - નાવિસણા અને મેમદપુર રોડના ક્રોસીંગ આગળ સ્પીડબ્રેકર લગાવવા ગ્રામજનોની માંગ છે. આ અંગે વારંવાર ઉચ્ચકક્ષાએ રજૂઆતો કરાઈ છે.

# ગુજરાત રાજય મોચી સમાજના યુવા સંગઠનના પ્રમુખપદે વરણી

**વાવના યુવા શિક્ષકની સંગઠનના પ્રમુખપદે વરણી**



તા.પ્રતિ વાવ

ગુજરાત રાજયમાં થરાદરી મોચી સમાજ વિવિધ ગામોમાં વસવાટ કરે છે. ગુજરાત રાજયમાં થરાદરી મોચી વિભાગના અંદાજે ૫૦,૦૦૦/- થી વધુ મતદારોની સંખ્યા છે. ગત તા.૨૪/૧૨/૧૭ ને રવિવારના રોજ પાટણ શહેરની હાંસાપુર વિસ્તારમાં આવેલી મોચી સમાજની હોસ્ટેલમાં એક ગુજરાત રાજયના થરાદરી વિભાગના યુવા સંગઠનની બેઠક મળી હતી. જેમાં વાવ, થરાદ, ભાભર, ધાનેરા, દિયોદર, ડીસા, પાલનપુર, પાટણ, અંજાર, મહેસાણા, ગાંધીધામ, બહુચરાજી, હારીજ, રાધનપુર, સુરત જેવા વિવિધ શહેરોમાંથી બહોળી સંખ્યામાં યુવાન મિત્રો હાજર રહ્યા હતા. જેમાં મોચી સમાજને સંગઠીત, શિક્ષણ ક્ષેત્રે વધુ મજબૂત બનાવવા માટે યુવા સંગઠનની રચના કરવામાં આવી હતી. જેમાં સમસ્ત ગુજરાત રાજય થરાદરી વિભાગ યુવા સંગઠનના પ્રમુખ પદે વાવ શહેરના યુવા મોચી અગ્રણી અને વાવ મહેતા એન.એસ. એસ.વિનય મંદિરમાં શિક્ષક તરીકેની ફરજ બજાવતા ચેતનાભાઈ કે.વાઘેલાની પ્રમુખ પદે સર્વાનુમતે વરણી કરવામાં આવી છે. જયારે મહામંત્રી પદે ધાનેરા શહેરના યુવા અગ્રણી અને પત્રકારના વ્યવસાય સાથે સંકળાયેલા ધીરજભાઈ એમ.પરમારની તેમજ ઉપપ્રમુખ પદે મનીષ વાઘેલા (સુરત) ભેમાભાઈ પરમાર (અમદાવાદ) ની સર્વાનુમતે વરણી કરવામાં આવી છે. આ બાબતે પ્રમુખ ચેતનભાઈ કે.વાઘેલાએ મીડીયાને જણાવ્યું હતું કે ગુજરાત રાજયના થરાદરી યુવા સંગઠનમાં મારી પ્રમુખપદે વરણી કરાઈ છે.ત્યારે હું મારા મોચી સમાજને સૌપ્રથમ સંગઠીત બનાવીશ અને શિક્ષણ ક્ષેત્રે વધુ ભાર મૂકી એક મોટું શિક્ષણ સંકુલ ઉભું કરીશ અને મારા સમાજની દરેક દીકરીને શિક્ષણક્ષેત્રે આગળ વધારીશ અને વધુમાં તેમણે જણાવ્યું હતું કે

અનુસંધાન પાના નં.૬

# લાખણી તથા દિયોદર વિસ્તારના ગામેગામ ફરી કાર્યકરોનું અભિવાદન કરતા પૂર્વ રાજયમંત્રી



દિલીપ પુરોહિત

પ્રતિ. લાખણી

દિયોદર વિધાનસભાની ચુંટણીમાં ભાજપના ઉમેદવાર કેશાજી ચૌહાણ થોડાક મતોથી હારી ગયા છે. તેમ છતાં લાખણી, ભીલડી તથા દિયોદર વિસ્તારના આ વિધાનસભામાં આવતા તમામ ગામોનો પ્રવાસ કરી કેશાજી ચૌહાણ આ વિસ્તારના તમામ ગામોના ભાજપના કાર્યકર્તાઓની તથા આગેવાનોની શુભેચ્છા મુલાકાત લઈને બધાનો આભાર વ્યક્ત કરી રહ્યા છે તેમજ તેઓ આ વિસ્તારના લોકોના કામો કરવા કાયમ કાર્યકર્તાઓની સાથે રહેશે એવી ખાતરી પણ આપી રહ્યા છે.

તેમના આ પ્રવાસ દરમ્યાન લાખણી વિસ્તારના ગામોમાં તેમની સાથે ટી.પી રાજપુત, તા.પં.પ્રમુખ સવજીભાઈ રાજપુત એસ.ટી.સલાહકાર સમીતીના સભ્ય દિલીપભાઈ પુરોહીત મહામંત્રી ગણેશભાઈ રબારી, કમાજી ઠાકોર, સહીત મોટી સંખ્યામાં ગામેગામ કાર્યકર્તાઓ આગેવાનો તથા યુવાનો હાજર રહેલ ને આગામી તાલુકા જી.પં. ચુંટણીમાં ભાજપના ઉમેદવારોને જીતાડવા માટે કેશાજી ચૌહાણે સૌને અપીલ પણ કરેલ.

# ધાનેરામાં રેલ્વેને રોજની ૮૦ હજારની આવક છતાં સુવિધાનો અભાવ

### વાર્ષિક ઈન્સપેકશન માટે આવતા અધિકારીઓ સમક્ષ રજૂઆતો કરાશે



તા.પ્રતિ. ધાનેરા

ધાનેરામાં રેલ્વે તંત્રને દરરોજની ૮૦ હજાર રૂપિયાની આવક થઈ રહી છે. પરંતુ રેલ્વે સ્ટેશને સુવિધાના નામે શૂન્ય છે તેથી જાન્યુઆરી મહિનામાં રાબેતા મુજબના વાર્ષિક ઈન્સપેકશન માટે આવનાર રેલ્વેના ઉચ્ચ અધિકારીઓ સમક્ષ ધાનેરાવાસીઓ ખુટતી સવલતો મેળવવા ઉગ્ર રજૂઆત કરનાર હોવાનું જાણવા મળે છે.

ધાનેરામાં બનાસકાંઠા જિલ્લાને રાજસ્થાનથી જોડતું મહત્વનું રેલ્વે સ્ટેશન છે. જયાં દરરોજ ૭૦૦ થી ૧૦૦૦ મુસાફરો ટ્રેનોમાં મુસાફરી કરે છે. તેથી રીઝર્વેશન સહિત રેલ્વે તંત્રને દરરોજની ૮૦ હજાર રૂપિયાની આવક થાય છે. તેમ છતાં રેલ્વે સ્ટેશને સુવિધાઓનો સદંતર અભાવ છે.આ બાબતે લાયન્સ કલબના પ્રમુખ રમેશભાઈ ઠક્કરે જણાવેલ કે રેલ્વેના પ્લેટફોર્મ ઉપર શેડ, પ્લેટફોર્મ ઉપર ડબાઓનું ઈન્ડીકેટર અને રીઝર્વેશન કાઉન્ટર ફુલ ટાઈમ કરવું જરૂરી છે. ભારત વિકાસ પરિષદના પ્રમુખ ડો.લાખાભાઈ પ્રજાપતિએ જણાવેલ કે રાજસ્થાનથી વધુમાં વધુ ગરીબ દદીઓ ટ્રેન દ્વારા ધાનેરા દવાખાને આવે છે તેમની સુવિધા માટે મીટરગેજ વખતે ચાલતી નવ વાગ્યાની ટ્રેન ફરી શરૂ કરવાની માંગ કરી હતી.

અનુસંધાન પાના નં.૬

# ભાભર મુકામે શૈક્ષણિક સેમીનાર યોજાયો



વનરાજસિંહ રાઠોડ

પ્રતિ. ભાભર

ભાભર ખાતે વિશ્વકર્મા યુવક મંડળ દ્વારા શૈક્ષણિક સેમિનાર રાખવામાં આવ્યો હતો. તેમા સુથાર સમાજના આગેવાનો શિક્ષણવિદો તેમજ સમાજના તેજસ્વી વિરલા વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. જેમાં શિક્ષણવિદોએ સમાજને શિક્ષણ થકી બાળકોના વિકાસ થાય અને સમાજ જાગૃત બને તેના વિશે ચર્ચા કરી હતી. કાર્યક્રમમાં વિશ્વકર્મા યુવક મંડળના હોદેદાર સુથાર હરેશભાઈ આર. (શિક્ષક રાધે સ્કુલ) અને સુથાર મનજીભાઈ (શિક્ષક) એ પોતાના વિચારો રજુ કર્યા હતા. કાર્યક્રમનું સુંદર આયોજન હરેશભાઈ સુથારે કર્યુ હતુ.

# ડીસાના સેવાભાવી દંપતિનો ચક્ષુ અને દેહદાનનો સંકલ્પ



ડીસા

દાનનો મહિમા આપણી ભારતીય સંસ્કૃતિનું ઘરેણું છે. જેની પાસે ધન-સંપત્તિ છે તે ધનનું દાન કરે છે. કોઈનો દેહ મજબૂત હોય તો શારીરિક સેવાઓ કરે છે. જયારે કેટલાક મહાનુભાવો, મૃત્યુ પછી પોતાની ચક્ષુનું દાન અને શરીરનું દાન કરીને સમાજ સેવાનું ઉત્કર્ષ કામ કરે છે.

એવા જ સમાજહિતની ચિંતા કરવાવાળા પ્રહલાદભાઈ ઠક્કર (સહયોગ સેવા ટ્રસ્ટ) ના સઘન પ્રયત્નોથી ડી.જે.એન. મહેતા હાઈસ્કૂલ જૂનાડીસાના પૂર્વ સુપરવાઈઝર બાલકૃષ્ણ સુતરીયા તથા તેમનાં ધર્મ પત્ની સરોજબેન સુતરીયા એ મૃત્યુ પછી પોતાની ચક્ષુઓનું દાન તથા દેહદાન કરવા માટે સંકલ્પ પત્ર ભરીને સંયોજક મફતભાઈ મોદીને અર્પણ કર્યો.

આ પ્રસંગે આદર્શ વિદ્યા સંકુલના મંત્રી રાજુભાઈ નાયી, સાહિત્યકાર કનુભાઈ આચાર્ય, મેહુલભાઈ જોશી, ભારત વિકાસ પરિષદના મહામંત્રી જયેશભાઈ દેસાઈ, નાથાલાલ બ્રહ્મક્ષત્રિય તથા હર્ષદભાઈ સેવક અને રાષ્ટ્રપતિ એવોર્ડ વિજેતા ચિત્ર શિક્ષક ચંદુભાઈ એ-ટી.ડી. પ્રહલાદભાઈ ઠક્કર (સહયોગ સેવા ટ્રસ્ટ) રોટરી પ્રમુખ નટુભાઈ પટેલ. અતુલભાઈ (ઠક્કર) પહેલી વગેરે મહાનુભાવોએ ઉપસ્થિત રહીને ચક્ષુદાતા અને દેહદાતા ના સંકલ્પ લેનારા સુતરીયા યુગલને ધન્યવાદ આપ્યા હતા. આ રીતે અન્ય મિત્રો, પણ ચક્ષુદાન અને દેહદાન માટે પ્રોત્સાહિત થાય તેવા વિચારો રજુ કર્યા હતા.

# એરપોર્ટથી ગાંધીનગર સુધી મોદી આજે રોડ-શો યોજશે

અમદાવાદ

રાજયમાં સતત છઠ્ઠી વખત બનવા જઈ રહેલી ભાજપના નેતૃત્વની સરકારની આવતીકાલે ગાંધીનગર ખાતે શપથવિધી યોજાવા જઈ રહી છે ત્યારે આ શપથવિધિમાં ભાગ લેવા આવી પહોંચનારા વડાપ્રધાન નરેન્દ્ર મોદી અમદાવાદ એરપોર્ટથી ગાંધીનગર સુધી રોડ-શો કરી રસ્તામાં લોકોનું અભિવાદન ઝીલતા ગાંધીનગર પહોંચશે.આ અંગે મળતી સત્તાવાર માહિતી અનુસાર,વડાપ્રધાન નરેન્દ્ર મોદી આવતીકાલે રાજયમાં ફરી એક વખત મુખ્યમંત્રી બનવા જઈ રહેલા વિજયરૂપાણીના નેતૃત્વમાં બનનારી સરકાર અને તેની શપથવિધિના કાર્યક્રમમાં ભાગ લેવા અમદાવાદ એરપોર્ટ ખાતે આવી પહોંચનાર છે.વડાપ્રધાન અમદાવાદ એરપોર્ટ ખાતે આવી પહોંચશે એ સમયે તેમનું ભવ્ય સ્વાગત કરવામાં આવશે ત્યારબાદ વડાપ્રધાન ગાંધીનગર જવા રવાના થસે.વડાપ્રધાન અમદાવાદ એરપોર્ટ પર આગમન બાદ ગાંધીનગર સુધી રોડ-શો પણ કરવાના છે . આ રોડ-શો માટે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના વિવિધ અધિકારીઓને ખાસ ફરજ સોંપવામાં આવી છે જેમાં સમગ્ર રૂટ ઉપર ઠેરઠેર સ્ટેજ બા-ંધવાથી લઈ સાઉન્ડ સિસ્ટમ લગાવવી,ઈલેકટ્રીક સપ્લાય પુરો પાડવો,ગ્રીનરૂમ ઉભો કરવાથી લઈને પીવાના પાણીની સગવડ ઉભી કરવા સુધીની સુવિધાનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. રોડ શોને લઈને તમામ તૈયારી કરી લેવામાં આવી છે. બીજી બાજુ આને લઈને સુરક્ષા વ્યવસ્થા મજબુત કરવામાં આવી છે. મોદીએ ચૂંટણીના દિવસે રાણીપમાં પણ લોકોનો આભાર ઝીલ્યો હતો.

# ભાજપની શપથવિધિ પહેલા તૈયારીઓ દરમ્યાન દુર્ઘટના

અમદાવાદ

ભાજપ સરકારની નવી સરકારની રચના અને નવા પ્રધાનમંડળનો શપથવિધિ સમારોહ ગાંધીનગરના નવા સચિવાલય ગ્રાઉન્ડ ખાતે યોજાવા જઇ રહ્યો છે તે પહેલાં આજે અચાનક એક દુર્ઘટનમાં શપથવિધિ સ્થળના મેદાન ખાતે વિશાળ ડોમ સહિતનું કામકાજ કરી રહેલાં ત્રણ મજૂરો નીચે પટકાતાં ગંભીર દુર્ઘટના સર્જાઇ હતી. ગંભીર રીતે ઘાયલ થયેલા ત્રણેય મજૂરોને હોસ્પિટલમાં સારવાર માટે ખસેડાયા હતા. જો કે, એક મજૂરનું કરૂણ મોત નીપજતાં શપથવિધિ સમારોહ પહેલાં જ નવો વિવાદ સર્જાયો હતો તો બીજીબાજુ, મજૂર વર્ગમાં આ ઘટનાને લઇ ભારે શોકની લાગણી ફેલાઇ ગઇ હતી. અલબત્ત, આવતીકાલે શપથવિધિ સમારોહ હોઇ અને ગુજરાત સહિત દેશભરમાંથી વીવીઆઇપી સહિતના સંખ્યાબંધ મહાનુભાવો આવવાના હોઇ શપથવિધિ સમારોહની તૈયારીઓને ઓખરી ઓપ દેવાયો હતો. આ અંગે પ્રાપ્ત માહિતી મુજબ, ગાંધીનગરના નવા સચિવાલય સામે હેલિપેડ ગ્રાઉન્ડ ખાતે આવતીકાલે ભાજપની નવી સરકાર અને પ્રધાનમંડળનો શપથવિધિ સમારોહ યોજાનાર છે, તેને લઇ છેલ્લા કેટલાક દિવસોથી આ મેદાન પર સેંકડો મજૂરો વિશાળ ડોમ, સ્ટેજ, શામિયાણો, બેઠક વ્યવસ્થા સહિતની કામગીરી પૂરજોશમાં કરી રહ્યા હતા. દરમ્યાન આજે સવારે ત્રણ મજૂરો ક્રેઇન સાથે વિશાળ ડોમનું કામ કરી રહ્યા હતા ત્યારે અચાનક ક્રેઇનના ઝટકાને લઇ તેમનું બેલેન્સ બગડયું હતુ અને તેઓ અચાનક જ સીધા જમીન પર નીચે પટકાયા હતા. ઉંચાઇએથી પટકાવવાના કારણે ત્રણેય મજૂરોને ગંભીર ઇજા પહોંચી હતી, જેથી તાત્કાલિક આસપાસ કામ કરી રહેલા મજૂરો પણ ત્યાં દોડી આવ્યા હતા અને તરત જ ઘાયલ મજૂરોને સારવાર અર્થે નજીકની હોસ્પિટલમાં ખસેડયા હતા. જો કે, ગંભીર ઇજાના કારણે એક શ્રમિક મજૂરનું કરૂણ મોત નીપજયું હતું. જેને લઇને મજૂરવર્ગમાં ભારે શોક અને આઘાતની લાગણી ફેલાઇ ગઇ હતી.

બીજીબાજુ, શપથિવિધિ સમારોહના સ્થળે તડામાર તૈયારીઓ દરમ્યાન ઘટેલી દુર્ઘટનાને લઇ વાયુવેગે સમાચાર ફેલાઇ ગયા હતા અને તેના કારણે ભાજપ સરકારના શપથવિધિ સમારોહ પહેલા એક નવા વિવાદે જન્મ લીધો હતો. રાજકીય વર્તુળમાં આ દુર્ઘટનાને લઇ ભારે ચર્ચા ચાલી હતી.

# બેટી બચાઓ, બેટી પઢાઓનો અનોખો સંદેશ હવે રજૂ કરાયો

અમદાવાદ

બેટી બચાઓ, બેટી પઢાઓના અનોખા સંદેશ સાથે આજે શહેરના વિશ્વકર્મા મિત્રમંડળ દ્વારા સમાજને ઉમદા સંદેશો આપવા સાથેનો સાંસ્કૃતિ કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમ દરમ્યાન અનોખી નૃત્ય નાટિકા દ્વારા બેટી બચાઓ, બેટી પઢાઓનો સામાજિક સંદેશો વહેતો કરાયો હતો. સમાજમાં દિકરીઓનું મહત્વ અને તેમના શિક્ષણની ઉપયોગિતા અને મહત્વતા પણ સમજાવાઇ હતી કે જેથી સમાજમાં દિકરીઓ પરત્વેની જાગૃતતા અને તેમને શિક્ષણ સહિત તમામ ક્ષેત્રમાં પુરૂષ સમોવડી લાભો મળી રહે તેવી વ્યવસ્થા કેળવાય. આ પ્રસંગે સમાજના પાંચ યુવા ઉદ્યોગ સાહસિકોનું ખાસ સન્માન પણ કરાયું હતું. આ પ્રસંગે મુખ્ય અતિથિ તરીકે રાજયના પૂર્વ મુખ્ય સચિવ જી.આર. અલોરિયા, જોગારામજી જાંગીડ (આઇએએસ) અને મુંબઇના જાણીતા ઉદ્યોગપતિ શંકર કુલરિયા સહિતના મહાનુભાવો ખાસ હાજર રહ્યા હતા.

વિશ્વકર્મા મિત્રમંડળના મુખ્ય પરામર્શક દિનેશકુમાર સારંગ(આઇએએસ) તથા મુખ્ય સંરક્ષક શશીકાંત શર્મા અને અધ્યક્ષ કાર્યકર્તા સુરેશ શર્માના માર્ગદર્શન હેઠળ શહેરમાં યોજાયેલા કાર્યક્રમમાં વિશ્વકર્મા સમાજના ચાર હજારથી વધુ લોકો હાજર રહ્યા હતા. સમાજની મહિલાઓના ઉત્કર્ષ અને તેના પ્રોત્સાહન માટે આ પ્રસંગે મહિલાઓ અને બાળકો માટે મહેંદી, મ્યુઝિકલ ચેર, રંગોળી, નાની બાળકીઓ દ્વારા લોકનૃત્ય સહિતના કાર્યક્રમો પણ યોજાયા હતા. સાથે સાથે બેટી બચાઓ, બેટી પઢાઓના અનોખા સંદેશ સાથે એક નવતર ઝુંબેશ ઉપાડવામાં આવી હતી.

# નાતાલ પર્વની હર્ષોલ્લાસ સાથે ઉજવણી

અમદાવાદ

અમદાવાદ શહેર સહિત રાજયભરમાં આજે પ્રભુ ઈસુના જન્મદિન એવા નાતાલના તહેવારની ખ્રિસ્તી ભાઇ-બહેનોએ ભારે હર્ષોલ્લાસ અને ઉત્સાહ સાથે ઉજવણી કરી હતી એકબીજાને મેરી ક્રિસમસ કહી નાતાલના તહેવારની શુભેચ્છાઓ પાઠવી હતી. અમદાવાદ શહેર સહિત રાજયભરના ચર્ચ નાતાલના પર્વને લઇ ખાસ પ્રકારે ફુલો અને રંગબેરંગી રોશનીઓ અને ડેકોરેશનથી શણગારવામાં આવ્યા હતા. વિવિધ ચર્ચમાં ખ્રિસ્તી ભાઇ-બહેનોએ ક્રીપ-ગભાણના દર્શન કરી ધન્યતા અનુભવી હતી અને ભગવાન ઈસુ ખ્રિસ્તની પ્રાર્થના કરી તેમના આશીર્વાદ મેળવ્યા હતા. નાતાલના તહેવારને લઇ આજે શહેર સહિત રાજયભરના ચર્ચમાં ખાસ પરમપૂજાનું પણ આયોજન કરાયું હતું.

**બનાસકાંઠા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ.**
બનાસડેરી, પો.બો.નં.૨૦, પાલનપુર - ૩૮૫૦૦૧
ફોન નં.(૦૨૭૪૨) ૨૫૩૮૮૧ થી ૨૫૩૮૮૫

**દળેલ અને આખા મીઠાની ખરીદી કરવા ટેન્ડર**

દળેલ અને આખા મીઠાના વેચાણમાં રસ ધરાવતા અધિકૃત ઉત્પાદક/સપ્લાયર/ટ્રેડર્સને જણાવવામાં આવે છે કે, બનાસડેરી સંચાલિત કેટલફીડ ફેકટરી પાલનપુર તથા કાતરવા માટે પશુ આહાર બનાવવા માટે દળેલ અને આખા મીઠાનો અંદાજીત ૪૫૦૦ મે. ટન જથ્થો (આશરે ૬ - માસ) માટે ખરીદવાનો હોઈ રસ ધરાવતા ઈસમોએ, દળેલ અને આખા મીઠાના ખરીદ કરવાનું ટેન્ડર રૂા.૫૦૦/- (નોન રીફંડેબલ) સંઘના એકાઉન્ટ વિભાગમાં જમા કરાવેથી ટેન્ડર ફોર્મ અને તેની શરતો તા.૦૫/૦૧/૨૦૧૮ ના ૧૨:૦૦ કલાક સુધી મળી શકશે. ભરેલ ટેન્ડરો તે જ તારીખના ૧૩:૦૦ કલાક સુધી સ્વીકારી ૧૫:૦૦ કલાકે ખોલવામાં આવશે. ટેન્ડર ભરનારે અર્નેસ્ટમની ડીપોઝીટ રૂા.૧,૦૦,૦૦૦/- નો ડી.ડી./બેન્કર ચેક બનાસકાંઠા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ.પાલનપુર ખાતે વટાવી શકાય તેવો ટેન્ડર કોપી સાથે રજુ કરવાનો રહેશે.

મળેલ ટેન્ડર મંજુર યા નામંજુર કરવાનો અધિકાર સંઘના ઈન્ચાર્જ મેનેજીંગ ડિરેકટરશ્રીને અબાધિત રહેશે.

ઈન્ચાર્જ મેનેજીંગ ડીરેકટર

## તંત્રી સ્થાનેથી ...

### અહંકાર જીવનનો દુશ્મન છે.

# ટુ-જી કૌભાંડના દસ્તાવેજોની સુરક્ષા રાખવી જરૂરી

ટુ-જી કૌભાંડના મુદ્દે વિરોધપક્ષ ગેલમાં આવી ગયો છે પરંતુ હકીકતમાં જો આ કૌભાંડ બહાર જ ન આવ્યું હોત તો. સરકારની તિજોરીને સહન કરવું પડત ! યુપીએ સરકાર વખતે ટુ-જી કૌભાંડ પ્રકાશમાં આવેલ અને ટેલિકોમ મંત્રી એ-રાજા તેમજ કનિમોઝીને ગુનેગાર ઠેરાવીને જેલ હવાલે કરવામાં આવ્યા હતા. ત્યારે કોંગ્રેસનું સુકાન સાંભળ્યા પછી રાહુલ ગાંધીએ કોંગ્રેસ કારોબારી સમિતિની પ્રથમ બેઠકમાં ભાગ લીધો હતો, બેઠક પુરી થએ રાહુલગાંધીએ ભાજપ અને વડાપ્રધાન પર તીખા વાકબાણ છોડ્યા હતા અને એવું કહેલ કે ભાજપનો પાયો જુઠાપણા ના પાયા પર ટકેલો છે. અને ટુ-જીની સમસ્યાથી આખો દેશ વાકેફ થયો છે, વડાપ્રધાન વિશે ગમે તેવી ટીપ્પણી કરવી યોગ્ય તો નથી જ.

હકીકતમાં ટુ-જીમાં ઘણા ગોટાળા થયા હતા અને એટલે જ સીબીઆઈની અદાલતે પૂર્વ ટેલિકોમ મંત્રી એ.રાજાને જેલ હવાલે કર્યા હતા. જો રાજા પાસે સચ્ચાઈ હોત તો તેવો જેલમાં શા માટે જાત! જેલમાં રહેવું કોઈને પસંદ હોતું નથી પરંતુ એ રાજાએ કરેલી ગેરરીતિના કારણે જેલ હવાલે કરવામાં આવેલ. જો તેઓ દોષિત ન હોત તો અદાલતમાં પુરવાર કરવા આગળ કેમ ના આવ્યા માટે હવે સાત વર્ષે અંદાલત કહે છે ટુ-જી કૌભાંડ ખોટું છે કોઈ સચ્ચાઈ સીબીઆઈ દ્વારા હજી થઈ નથી. કૌભાંડ કરનારાઓને બચાવવામાં આવી રહ્યા છે આમાં પણ મોટા સોદા થયા હશે !

ત્યારે બીજી તરફ ટુ-જી સ્પેક્ટ્રમ કૌભાંડના તમામ દસ્તાવેજોનો નાશ કરવા ડી.ગેગ એટલે કે ભાગેડુ ડોન દાઉદની ગેગ મેદાનમાં આવી હોવાનું બહાર આવ્યું છે અને ડી.ગેંગ સીબીઆઈની મુખ્ય કચેરી પર હુમલો કરી શકેછે. તેથી ટુ-જી કૌભાંડ સાથે જોડાયેલ ફાઈલ અને કેટલાક દસ્તાવેજોનો નાશ થઈ શકે.

મુંબઈના ઉચ્ચ અધિકારીઓને ટુ-જી ના દસ્તાવેજોની તપાસ સોપવામાં આવી છે, તેમજ રિપોર્ટના આધારે દિલ્હી સ્થિત સીબીઆઈના મુખ્ય હેડકર્વાટરની સુરક્ષા માટે તકેદારીના સજ્જડ પગલાં ભરવામાં આવી રહ્યા છે. એવું માનવામાં આવે છે કે સીબીઆઈએ ટુ-જી કૌભાંડના મહત્વના દસ્તાવેજો પોતાના કાર્યલયમાં રાખેલા છે તેની પર ડી.ગેંગ ની નજર પડશે તો સદર કૌભાંડનો પર્દાફાશ થઈ શકશે. નજરે સાત વર્ષે અચાનક ટુ-જી કૌભાંડનો કેસ સમેટી નાંખવાની પાછળનું કારણ શું હોઈ શકે ?

ત્રણ અઠવાડીયા પહેલાં સીબીઆઈને જાણકારી મળી હતી કે દાઉદ સાથે જોડાયેલી ગેંગ સીબીઆઈના મુખ્ય હેડકર્વાટરને નિશાન બનાવે તેવી શક્યતા જણાઈ છે ટુ-જી કૌભાંડના મામલે સીબીઆઈ પાસે કેટલાક મહત્વના દસ્તાવેજો તેમજ પુરાવાઓ મોજુદ છે, જેના આવવાથી સીબીઆઈ માટે એક પડકાર સમાન છે

ડી.ગેંગ મેદાનમાં હોવાની વાત પ્રકાશમાં આવતા સીબીઆઈની તમામ એજન્સીઓની સુરક્ષા વ્યવસ્થા વધારી દેવામાં આવી છે. રાજધાની દિલ્હીમાં સુરક્ષા એજન્સીઓને એલર્ટ કરવામાં આવી છે. આ મામલે કેટલાક આરોપીઓની માયાજાળ, વિદેશમાં ફેલાયેલી હોવાનું પણ બહાર આવ્યું છે. સીબીઆઈની સ્પેશિયલ કોર્ટ એ. રાજા અને કનિમોઝોની સહિત કેટલાક આરોપીઓને મુક્ત કરી દીધા હોવાથી સદર કૌભાંડ આટોપી લેવા પાછળ કોનો હાથ હશે તે પણ એક ગંભીર બાબત માની શકાય.

# આજનું શિક્ષણ

એ વાત તદ્દન સત્ય છે કે અગાઉના જમાનાનો ધો.૫ ભણેલો માણસ આજના જમાનાના ધો. ૧૦ કરતાં વધારે હોંશિયાર આજે શિક્ષણ અને શિક્ષણના સાધનો વધ્યા છે. પરંતુ બાળકો માનસિક રીતે કંગાળ પેદા થાય છે. આનું કારણ શું ? એ સમગ્ર સમાજના ચિંતનનો વિષય હોવો જોઈએ.

આજનું શિક્ષણ માત્ર પુસ્તકિયું અને ગોખણિયું બન્યું છે. બાળકને ચોપડીમાં જે છાપ્યું છે તે સિવાય કશું જ આપવામાં નથી આવતું. હકિ-કતમાં આજના શિક્ષકો કશું જ બાહ્ય વાંચન કરતા નથી આથી વિદ્યાર્થીને કોઈ વાત માંડીને કરી શકતા નથી જવાહરલાલ નહેરૂ ભારતના પ્રથમ વડાપ્રધાન હતા. તે આજનો શિક્ષક ભણાવે છે પરંતુ જવાહરલાલ વિશે કશી જ વિશેષ માહિતી તે ધરાવતો નથી એના જેવી વાત છે.કોઈપણ વાતને સંદર્ભ (રેફરન્સ) સાથે સમજાવવાથી બાળક એ માહિતીને સારી રીતે યાદ પણ રાખી શકે છે. આજના બાળકોને યાદ રહેવાની ફરિયાદ હોય છે. પણ મૂળ વાત એ હોય છે કે બાળકની પાસે માત્ર શુષ્ક માહિતી હોય છે, તેનો સંદર્ભ નથી હોતો. અને સંદર્ભ વગરની માહિતી યાદ રાખવી કઠિન જ હોય.

આથી, શિક્ષકોએ શિક્ષણના તમામ મુદ્દાની આસપાસના પુસ્તકો વાંચીને બાળકને વિસ્તારથી વાત સમજાવવી જોઈએ એના માટે શિક્ષ-કે વોટ્સએપ ને આરામ આપીને પુસ્તકોને કષ્ટ આપવું જોઈએ. બાકી શિક્ષક કશું ન જાણતો હોય અને બધા વિદ્યાર્થીઓ આપોઆપ હોંશિયાર થઈ જાય એ કોઈ કાળે શક્ય નથી. **કર્દમ ર. મોદી પાટણ**

### આત્મચિંતન

# સુખ અને દુઃખ-સહોદર છે

એવું સમજવામાં આવે છે કે સુખ અને દુઃખ પરસ્પર વિરોધી છે. એકબીજાને કાપે છે. સુખી અને દુઃખી બે વિપરીત સ્થિતિની વ્યક્તિ છે, પણ ઉંડેથી વિચારવામાં આવે તો બીજી જ વાત સામે આવે છે. ચિંતન બતાવે છે કે દુઃખએ નગ્ન સત્ય છે, સુખ તો તેને સુસજ્જિત કરનાર પરિધાન અલંકાર માત્ર છે.

પુત્ર પ્રાપ્તિના સ્મિતની પાછળ માતાની પ્રસવ પીડા ઝાંકે છે. આજનું ગૌરવાન્વિત સોનાનો હાર કાલે સોનાની ભટ્ઠીમાં તપી રહ્યો હતો અને હથોડીની માર ખાતો હતો. આગ પર પકાવ્યા વિના સ્વાદિષ્ટ ભોજન બનવું કેવી રીતે સંભવ છે.

ધનવાન ખેડૂત,પદોન્ન તશ્રમિક અને પુરસ્કૃત કલાકારના આજના સૌભાગ્યની પ્રસન્નતા કરવાની સાથે થોડુક પાછળ જઈને પણ જોવું પડશે. આ ઉપલબ્ધિઓ માટે તેમને કેટલા સમય સુધી, કેટલા મનોયોગપૂર્વક કેટલી કઠોર સાધના કરવી પડી છે. વિશાળ અને પલ્લવિત વૃક્ષનો ઈતિહાસ ત્યાંથી આરંભ થાય છે જ્યાં એકબિ-જે પોતાના અસ્તિત્વની બીજી લગાવી હતી.

દુઃખ મોટો ભાઈ છેઅને સુખ નાનો દુઃખ પહેલા પેદા થયુ છે, સુખ બાદમાં તેઓ હંમેશા સહચર છે તેમની એકતાને કોઈ તોડી શકતું નથી. દુઃખને સ્વેચ્છાપૂર્વક વરણ કર્યા વિના સુખ સૌભાગ્ય મેળવી શકાતું નથી.- **ગાયત્રી શક્તિપીઠ,ડીસા**

**'રખેવાળ' ના આ પાના ઉપર પ્રસિધ્ધ થતી વિગતો અને લેખો જે તે લેખકના વ્યકિતગત મૌલિક વિચારો ઉપર આધારીત હોય છે. તેની સાથે તંત્રી-સંપાદક સહમત નથી. જે તે વિગતો અને લેખોની સંપૂર્ણ જવાબદારી લેખકોની જ રહેશે.**

## કેટીએમ દ્વારા અમદાવાદમાં ઓરેન્જ ડેની સફળ એડીશન હોસ્ટ કરાઈ



અમદાવાદ યુરોપીયન રેસિંગ લિજેન્ડ કેટીએમ દ્વારા તેના ગ્રાહકો માટે તેમજ બાઈકપ્રેમીઓને અમદાવાદમાં ઓરેન્જ ડેની સફળ એડીશન રજુ કરવામાં આવી હતી. 'ઓરેન્જ ડે' ગ્રાહક કેટીએમ બાઈક્સના જિન્સને ઓળખી શકે એ માટેનો વિચાર છે. તે કેટીએમના માલિકને તેમના ડ્યુક્સ અને આરસીને મળતા શક્તિશાળી પર્ફોર્મન્સને એક અદભૂત એક્સ્પોઝર આપે છે. આ સાથે રેસ ટ્રેક પર કેટીએમ ઓનર્સ સાથે સંપર્ક કરવાની તક પણ આપે છે.વિવિધ કેટેગરીમાં ૨૭૧થી વધુ વર્લ્ડ ચેમ્પિયનશીપ ટાઈટલ્સ સાથે અને ૧૫ પ્રતિષ્ઠિત ડેકર રેલી ટાઈટલ્સ સહિત રેસિંગ એ કેટીએમ બ્રાન્ડનો એક અવિભાજ્ય હિસ્સો છે. તેની દ્રઢ રેસિંગ ફિલોસોફી બાઈક્સની ડિઝાઈનનો માર્ગ દર્શાવે છે. હળવા અને છતાં મજબૂત અલોય કમ્પોનન્ટસના ઉપયોગથી કેટીએમ બાઈક્સમાં ઉત્તમ પાવર અને વેઈટ રેશિયો તેની શ્રેણીમાં દર્શાવે છે.'ઓરેન્જ ડે'નું આયોજન સાબરમતી રિવરફ્રન્ટ પાર્કીંગ,એનઆઈડી કોલેજની સામે, સરદાર બ્રિજ પાલડી - અમદાવાદ ખાતે સાંજે ૪.૩૦ વાગ્યે, આ પર્ફોર્મન્સ સેશનમાં રજીસ્ટ્રેશન કરાવનાર રાઈડર્સ સાથે થયું હતું. એક ક્લાસરૂમ સેશન નિષ્ણાતો દ્વારા યોજાઈ હતી જેમાં તેમના કેટ-ીએમમાંથી વધુ શું મેળવી શકાય તેની જાણકારી આપવામાં આવી હતી. ત્યારબાદ ટ્રેક પર ડેમોન્સ્ટ્રેશન યોજાયું હતું અને આ સાથે રાઈડર્સને તેમનો બાઈકીંગ અનુભવ લેવાની તક અપાઈ હતી. ૨૦૦ ડ્યુક ગ્રાહકો અને ૨૦૦ આરસી ગ્રાહકો માટે અલગ અલગ રેસ યોજાઈ હતી. તમામ કેટીએમ માલિકો કે જેઓ આ શહેરમાં વસે છે તેમને ઓરેન્જ ડેમાં સામેલ થવા આમંત્રિત કરવામાં આવ્યા હતા. પોડિયમ ફિનિશર્સને કેટીએમ બ્રાન્ડેડ મર્કેન્ડાઈઝ તથા પાવર પાર્ટસ ઈનામમાં આપવામાં આવ્યા હતા.

## પાવર ૨ એસએમઈ અને ટાઈ દિલ્લી એનસીઆરએ ટાઈકોન ૨૦૧૭ માં 'સ્પ્રિત ઓફ મૈન્યુફૈક્ચરિંગ એવોર્ડ્સ ૨૦૧૭ ના વિજેતા જાહેર કર્યા




પાવર ૨ એસએમઈએ આજે નવી દિલ્લીમાં ટાઈકોન ૨૦૧૭ના આયોજનની સાથે-સાથે ટાઈ દિલ્લી એનસીઆરના સમન્વયમાં સ્પ્રિટ ઓફ મૈન્યુફૈક્ચરિંગ એવોર્ડ્સની સીઝન-૪ને સમાપ્ત કરી.શ્રી હંસરાજ આહિર(ગૃહ રાજ્ય મંત્રી, ભારત સરકાર) મુખ્ય મહેમાનના રુપમાં સમારોહમાં હાજર હતા અને એમણે ભારતની વિકાસ યાત્રામાં યોગદાન આપવા વિનિર્માણ એસએમઈની ભૂમિકા પર તેમના વિચાર રજુ કર્યાં.આ સંયુક્ત પહલ (સ્પ્રિટ ઓફ મૈન્યુફૈક્ચરિંગ) વિનિર્માણ ઉદ્યોગમાં સૌથી વધારે સાહસિક વ્યવસાયિકોને સમ્માનિત કરવા માટે સમર્પિત છીએ અને વિનિર્માણ ક્ષેત્રના મહત્વ અને આ ક્ષેત્રમાં નવાચારની ભૂમિકાને રેખાંકિત કરવા માટે ડિઝાઈન કરવામાં આવી છે.

આ શ્રેણીમાં ઉપલબ્ધ બધા ઓનલાઈન આવેદનોની પ્રી-સ્ક્રીનિંગ અને પછીના માત્ર કેટલાંક પસંદગી આવેદનોના મૂલ્યાંકન ઉપરાંત ૧૩ પ્રતિસ્પર્ધિઓની આખરી સૂચિ તૈયાર કરી. આખરી વિજેતાઓનું ચયન ૧૫ ડિસેમ્બર, ૨૦૧૭ના રોજ જંજોના સદસ્યોની ટીમ સમક્ષ એમની પ્રસ્તુતિના આધાર અને પાછળના રાઉન્ડના સ્કોર સાથે જોડીને કરવામાં આવી. જંજોએ દરેક પ્રસ્તુતિના મૂલ્યાંકન નિષ્પાદન રણનીતિ, સ્પર્ધાત્મક ફાયદા, મેનેજરની ઊંડાઈ, વેચાણ ઉપરાંત માર્કેટિંગ રણનીતિ અને આર્થિક વ્યવહાર્યતા આધારે કર્યું હતું. પ્રસ્તુતિના અંતમાં બધી શ્રેણીના વિજેતાઓની ઘોષણા કરવા માટે સ્કોરને કોષ્ટકમાં રજુ કર્યો.

## શ્રી સૌરાષ્ટ્ર સઈ સુથાર જ્ઞાતિ, અમદાવાદ દ્વારા ૫મી ક્રિકેટ ટૂર્નામેન્ટનું આયોજન

શ્રી સૌરાષ્ટ્ર સઈ સુથાર જ્ઞાતિ હિતેચ્છુ મંડળ વતી દરજી ક્રિકેટ કમિટી દ્વારા તા. ૩૧-૧૨-૨૦૧૭ રવિવારના રોજ એસ.આર.પી. કેમ્પસ, કૃષ્ણનગર બસ સ્ટેન્ડની બાજુમાં નેશનલ હાઈવે નં – ૮, નરોડા ખાતે ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવેલ છે. આ ટુર્નામેન્ટનાં કુલ ૮ ટીમોએ ભાગ લીધેલ છે. આ ટુર્નામેન્ટ નોકઆઉટ ધોરણે રાખવામાં આવેલી છે. જેમાં કુલ ૭ મેચ રમાડવામાં આવશે અને વિજેતા તેમજ રનર્સઅપ ટીમને ટ્રોફી તેમજ રોકડ પુરસ્કાર આપવામાં આવશે અને દરેક મેચમાં મેન ઓફ ધ મેચની ટ્રોફી આપવામાં આવશે અને ટુર્નામેન્ટમાં સારુ પર્ફોમન્સ આપનાર પ્લેયરને મેન ઓફ ધ સિરીઝની ટ્રોફી આપવામાં આવશે.ક્રિકેટ ટૂર્નામેન્ટના આયોજનમાં સમાજના પ્રમુખ તેમજ અન્ય કારોબારી સભ્યો તરફથી વિશેષ સહયોગ મળે છે. ક્રિકેટ ટૂર્નામેન્ટમાં સમાજના યુવાનો ઉત્સાહભેર જોડાય છે તેની અમને ખુશી છે. આગામી વર્ષે અમે આ વર્ષ કરતા પણ વધુ સારું આયોજન કરીશું તેવી યોજના છે. તા.૩૧-૧૨-૨૦૧૭ રવિવારના રોજ દરજી ક્રિકેટ કમિટી દ્વારા એસ.આર.પી. કેમ્પસ ખાતે બ્લડ ડોનેશનનું આયોજન પણ કરવામાં આવેલ છે.

## જયપુરની શ્રી શ્યામ ક્રિકેટ ક્લબ બની વંડર સીમેન્ટ સાથ:૭ ની ચેમ્પિયન

### ગુજરાતની ટીમ પીસીએ-૧૧ થઈ ઉપવિજેતા




વંડર સીમેન્ટ સાથ:૭ ક્રિકેટ મહોત્સવના બીજા સંસ્કરણની સમાપ્તી ઉદયપુરના દિલ્હી પબ્લિક સ્કૂલના ગ્રાઉન્ડ પર રવિવારે થયો, જેમાં પુરુષ વર્ગમાં જયપુરની શ્રી શ્યામ ક્રિકેટ ક્લબએ પીસીએ-૧૧ અમદાવાદને ૨૩ રને હરાવીને વિજેતા બની હતી. મહિલા વર્ગમાં પેસ મેકર ઉદયપુરએ એસએસ જૈન સુબોધ ગર્લ્સ પીજી કોલેજને ૫ વિકેટથી હરાવીને વિજેતા થઈ હતી.

ભારતીય ટીમના પૂર્વ કેપ્ટન કપિલ દેવજી દ્વારા વિજેતા તથા ઉપવિજેતા ટીમોંને ટ્રોફી, પ્રમાણપત્ર અને ક્મ્રશઃ રુ. ૩.૫ લાખ તથા રુ. ૧ લાખના રોકડ પુરસ્કાર આપ્યા હતા. મહિલા વિજેતા તથા ઉપવિજેતા ટીમોને પણ ટ્રોફી, પ્રમાણપત્ર અને ક્મ્રશઃ રુ. ૧.૪ લાખ તથા રુ. ૭૦,૦૦૦ના રોકડ પુરસ્કાર પ્રદાન કર્યા હતાં. વિશેષ રુપથી કપિલ દેવજી એ સ્વ-ખર્ચમાંથી રુ. ૧ લાખ તથા વંડર સીમેન્ટ તરફ થી રુ. ૩૫૦૦૦ના રોકડ પુરસ્કાર શ્યામ ક્રિકેટ ક્લબના સર્વશ્રેષ્ઠ ખિલાડી બનેલ સુશીલ મીણાને આપ્યાં હતાં. આ સ્પર્ધાને લઈને ગુજરાત, રાજસ્થાન તથા મધ્યપ્રદેશ રાજ્યોના લોકોમાં ખુબ ઉત્સુકતા જોવા મળી અને કુલ ૪૮૦૦૦થી વધુ લોકોએ આમાં ભાગ લીધો.

## નમીક પોલ એક દિવાના થામાં નિવસ્ત્ર થવાની હિંમત કરી



સૂત્રોના જણાવ્યા પ્રમાણે, નમીક પોલ, જે શિવની ભૂમિકા ભજવે છે, શોમાં આત્મા મનાલીમાં એક ખાસ હનીમૂન અનુક્રમ શોટ માટે નિવસ્ત્ર થવાની હિંમત કરશે. શું વધુ રસપ્રદ બનાવે છે તે છે કે સમગ્ર સિકવન્સ રાત્રે બરફીલા ઠંડા તાપમાનમાં શૂટ કરવામાં આવે છે. બીજું શું છે? આ સુંદર યુવક શર્ટ વગર જશે અને એકદમ ન્યૂનતમ કપડાં પહેરીને દેખાશે! એ જ અમે બોલ્ડ ચાલ કહીએ છીએ!આવનારા દિવસોમાં કેટલાક રસપ્રદ સિક્વન્સો શૂટ કરવામાં આવશે. સમગ્ર કાસ્ટ પહેલેથી જ મનાલી માટે નીકળી ગયા છે અને શૂટ સંપૂર્ણ સ્વિંગ પર છે. આ ક્રમ, ખાસ કરીને, કથાનો એક મહત્વનો ભાગ હશે અને પ્રથમ વખત, દર્શકોને આ શોમાં નમીકના પાત્રને સ્થળાંતર કરવાનું ધ્યાન મળશે. સોમવારથી શુક્રવારે રાત્રે ૧૦:૦૦ વાગ્યે સોની એન્ટરટેઈનમેન્ટ ટેલિવિઝન પર, એક દીવાના થાના આગામી હનિમૂન એપિસોડમાં ટ્યૂન રહો.

## ડેલ દ્વારા ૨૦૧૭ની ધૂમધડાકાભેર પૂર્ણાહુતિઃ પાતળી અને હલકી નોટબુક્સનો નવો ઈન્સ્પિરોન પરિવાર રજૂ કર્યો



ડેલ ઈન ઈન્ડિયા દ્વારા આજે આકર્ષક ઈન્સ્પિરોન અત્યંત પાતળી નોટબુક્સનો પરિવાર રજૂ કરાયો હોવાની જાહેરાત કરાઈ છે, જેમાં ઈન્સ્પિરોન ૧૩ ૭૦૦૦ ૨ઈન ૧ (૭૩૭૩), ઈન્સ્પિરોન ૧૫ ૭૦૦૦ (૭૫૭૦) અને ઈન્સ્પિરોન ૧૩ ૫૦૦૦ (૫૩૭૦)નો સમાવેશ થાયછે. ઈન્સ્પિરોન ડિવાઈસીસ આસાન અખંડ હાઈપર ફોર્મન્સ સાથે પાતળું અને અત્યંત હલકું નિર્માણ ધારણ કરે છે અને ઉપભોક્તાઓને ઉચ્ચ ગુણવત્તાનું મનોરંજન આપવા માટે સમર્પિત છે.ઉપભોક્તાઓને રોજબરોજના જીવનમાંથી વધુ મેળવવા માટે મદદરૂપ થાય અને આજ અને આવતીકાલની જરૂરતોને પહોંચીવળમાં મદદરૂપ થાય તે રીતે તૈયાર કરાયેલી નાવીન્યપૂર્ણ ટેકનોલોજી સાથે નવી ઈન્સ્પિરોન પાતળી અને હલકી નોટબુક્સ ઉત્તમ વિઝયુઅલ અનુભવ માટે ઉત્કૃષ્ટ ડિસ્પ્લે, નવા પ્રોસેસર્સ અને ગ્રાફિક્સ સાથે ઉચ્ચ રિસ્પોન્સિવનેસ અને પોર્ટેબિલિટી સાથે સમૃદ્ધ છે. આ દેખાવમાં સુંદર ડિવાઈસીસ ૮મી પેઢીના ઈન્ટેલકોર પ્રોસેસર સાથે સમૃદ્ધ છે. ડેલ સ્લીક અને સ્લિકર ડિઝાઈનો પર ગ્રાહકોની રુચિને પ્રતિસાદ આપતી રહી છે અને તેને આધારે હવે અમે અમારો નવી ઈન્સ્પિરોન પરિવાર લઈને આવ્યા છીએ. અમે એન્કેસ્ડ એનોડાઈઝ્ડ એલ્યુમિનિયમ બોડીમાં ટકાઉ પણું અને દીર્ઘ ટકાઉ મજબૂતી લાવ્યા છીએ. નવો ઈન્સ્પિરોન પરિવાર દરેક રીતે આકર્ષક અને સદાબહાર છે, જેમાં લક્ઝુરિયસ હલકા વજનની ડિઝાઈનમાં બધું જ એકત્રિત કરાયું છે. અમને આ નવાં મશીનો ભારતમાં ઉપલબ્ધ કરાવવાની બેહદ ખુશી છે અને વિવિધ ઉપભોક્તાઓને આકર્ષતાં તેમની રુચિ જોવાની અમને ઉત્સુકતા છે.

## શિયાળામાં સરસવના તેલના આ રીતે કરો ઉપયોગ આ પ્રોબ્લેમ્સથી છુટકારો થશે

શિયાળામાં સરસવના તેલના ઉપયોગ ભોજનમાં કરો કે દવાના રૂપમાં ખૂબ લાભકારી સિદ્ધ થાય છે. સરસવના તેલમાં ઘણા એવા તત્વ હોય છે જે અમારી સેહત ,વાળ અને સ્કિન વગેરે પર જાદુઈ અસર મૂકે છે. આથી સરસવના તેલના ઉપયોગ પ્રાચીન સમયથી જ ભોજન અને શરીર પર લગાડવામાં પણ કરાય છે પણ ખૂબ ઓછાઅ લોકો જાણે છે કે સરસવના તેલ ખૂબ સારું પેનકિલરની રીતે કામ કરે છે આજે અમે તમને જણાવી રહ્યા છે સરસવના તેલના થોડા એવા જ ઉપાયો વિશે જે ઉપયોગી અને રામબાણ ગણાય છે.

૧. સરસવના તેલમાં દુખાવોરહિત ગુણ છે જો કાનમાં દુખાવો થાય તો બે ટીપા હૂંફાણા સરસવના તેલ કાનમાં નાખી એમાં બે-ચાર કળી લસનની પણ નાખી શકો છો. ૨. સરસવના તેલ સૌંદર્યવર્ધક પણ છે , રૂપ સૌંદર્ય નિખારવા માટે ગોરા રંગ ચાહતા બેસન કે હળદરના ઉબટનમાં સરસવના તેલ નાખી લગાડો. ૩. સરસવના તેલ દિલને ચુસ્ત અને દુરૂસ્ત રાખે છે ,થોડા સમય પહેલા એક શોધમાં ખબર પડી કે સરસવના તેલ ખાતાને ૭૧ ટકા લોકોને દિલના રોગ નહી થાય.

# હળદરવાળુ દૂધ પીવાના ૫ આરોગ્ય ફાયદા

હળદરવાળું દૂધ દરરોજ લેશો તો આરોગ્યને ઘણા લાભ મળશે . તેનાથી આરોગ્ય ઠીક રહે છે. તેના સેવન કરવા માટ્રથી શરીરના ઘણા રોગોથી છુટકારો મળે છે.

હળદર અને દૂધ સ્વાસ્થયની હિસાબે તેના ઘણા ફાયદા સામે આવ્યા છે પણ ગર્મ દૂધ સાથે હળદરનો સેવન પણ તમારા આરોગ્ય માટે ઓછું ફાયદા નથી.

હળદર એંટીબાયોટિક છે તેથી તેને ગર્મ દૂધની સાથે લેવાથી અસ્થમા, બ્રોકાઈટિસ, ફેફસાંમાં કફ અને સાઈનસ જેવી પરેશાનીઓથી છુટકારો મળી શકે છે. આ છે.

હળહળર વાળા દૂધ પીવાના ૫ ફાયદા

-એમાં એમીનો એસિડ છે તેથી દૂધની સાથે તેનું સેવન પછી ઉંઘ સરસ આવે છે. - આ લોહીમાં ટાક્સિનસ દૂર કરે છે અને લીવરને સાફ કરે છે. હેલ્થ ટિપ્સ - દૂધ : ક્યારે પીવુ જોઈએ ક્યારે નહી- આ દૂધ બેકટીરિયલ અને વાયરલ સંક્રમનથી લડવામાં સહાયતા કરે છે.

- ગર્મ દૂધની સાથે હળદરનું સેવનથી બૉડીમાં જમેલું ફેટસ ઘટે છે.
- હળદરવાળા દૂધમાં રહેલ કેલ્શિયમ અને મિનરલ્સ આરોગ્યના રીતે વેટ લૉસમાં સહાયતા કરે છે.

# ગુજરાતની જનતાનો જનાદેશ : જાતિવાદ રૂક જાવ..

લોકશાહી વ્યવસ્થામાં ચૂંટણીએ મહત્વનું પરિબળ છે. ચૂંટણી આવતાં જ અવ-નવા તરકટો અવનવા ફેસલાઓ આમ પ્રજાને જોવા મળે છે ૨૦૦૨, ૨૦૦૭, ૨૦૧૨ ની ગુજરાત વિધાનસભાની ભાજપની ભવ્ય જીત બાદ ૨૦૧૭ ની વિધાનસભા ચૂંટણી ઘણીબધી અલગ જોવા મળતી હતી. ગુજરાતના પોતાના પુત્રને, સૌથી વધુ શાસન કરી ગુજરાતની જનતામાં લોકપ્રિય એવા નરેન્દ્રભાઈ મોદીની ગુજરાતમાં ગેરહાજરી વગરની આ ચૂંટણીઓ ભાજપા માટે અનેક રીતે પડકારૂપ હતી. ગુજરાતની રાજનિતિમાં સીધી એન્ટ્રીથી ન જીતી શકનારી કોંગ્રેસે ગુજરાતમાં પ્રવેશ કરવા માટે હાર્દિક પટેલ જેવા-યુવા નેતાનો હાથ પકડી અનામત આદોલન શરૂ કરાવી ભાજપની સૌથી મોટી મત બેંક પાટીદારોને ભાજપ વિરૂદ્ધ ખડા કરવાનો પ્રયત્ન શરૂ કરી દિધેલો. એવી જ રીતે ઓબીસી એકતા મંચના નામ તળે શરૂઆતમાં સામાજીક આંદોલનો થકી દારૂ બંધી જેવા-કાર્યક્રમો કરી સમાજને એક કરી પાછળથી એ જ મત બેંકને કોંગ્રેસ સાથે બેસાડી દેવાનો પ્રયત્ન કરી ભાજપની ઓબીસી મત બેંક તોડી દેવી ત્યારબાદ ઉનાકાંડ બાદ ઉભરી આવેલા જિજ્ઞેશ મેવાણી જેવા યુવાનેતા ને ભાજપા વિરૂદ્ધ ખડા કરી દઈ કોંગ્રેસે ભાજપને હરાવવાની જબરજસ્ત તૈયારી કરી દીધેલી આવા કપરા વખતમાંય ભાજપને ૧૫૦ નું મીશન આપીને કાર્યકરોમાં જોમ જુસ્સો આપવાનું કામ ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમીત શાહે આપી કાર્યકરોને કાર્ય કરવાની શક્તિ આપી. ટીકીટોની વહેંચણી બાદ બન્ને પક્ષોમાં ઉભા થયેલા બળવાખોરીના અનેક બનાવોથી બીજા રાઉન્ડના ઉમેદવારોને નક્કી કરવામાં ખૂબ જ તકલીફ ભરી પરિસ્થિતિઓને સામનો કરવો પડ્યો હતો.

૨૦૧૭ વિધાસભા ચૂટણીની સાથે-સાથે ગુજરાતની સમજુ પ્રજા જાતિવાદને સ્વીકારતી નથી એ આ ચૂટણીના પરિણામોએ સાબીત કર્યુ છે.સરકારને પાડી દેવાની નેમ લઈ નીકળેલાને પટેલ પાવરથી અમે ભાજપને ઉખાડી ફેકશું એવું કહેનારાને ગુજરાતની જનતાઓ ઘરનો રસ્તો બનાવી દીધો છે. આવનારા મુખ્યમંત્રી અમારો જ હશે અમે કહીશું તેટલું જ થશે એવું કહેનારોઓને પોતાનો રસ્તો બતાવ્યો છે.

કોંગ્રેસમાંથી ભાજપમાં આવેલા ધારાસભ્યોને પ્રજાએ સ્વીકાર્યા નથી. ભાજપે આવા લોકોને પક્ષમાં જોડવાથી દુર રહેવાનો ગુજરાતની જનતાનો સ્પષ્ટ જનદેશ છે.

ગુજરાતની જનતાએ ભાજપને ૯૯ તેમજ કોંગ્રેસને ૮૦ સીટો આપી બન્ને પક્ષોને બરાબરનો પાઠ ભણાવ્યો છે. ભાજપએ વધુ સારૂ કામ કરવાની ટકોર કરી છે તો કોંગ્રેસને જીતવા માટે જાતિવાદ મુકી સૌનો સાથ સૌનો વિકાસ કરવાની જનતાની આ ટકોર છે.

ચૂંટણીઓ શરૂ થતાં જ ત્રણ યુવા ત્રિપુટીને પોતાના પક્ષે બેસાડી દઈ કોંગ્રેસે ખેલ પાડી દેવાની જબરજસ્ત તૈયારીઓ આરંભી દીધી હતી. પાસના કન્વીનર હાર્દીક પટેલે તો ભાજપને પાડી દેવાની હાકલ કરી અનેક રોડ-શો ને સભાઓ કરી હતી. સામા પક્ષે ભાજપના બ્રહ્માસ્ત્ર સામા નરેન્દ્ર મોદીને ચૂંટણી મેદાને ઉતારી ભાજપે આક્રમક પ્રચાર પ્રારંભ કરી જ્ઞાતિવાદી રાજનીતીનો મજબુત મુકાબલો કરવાનું નક્કી કર્યું હતું. સંપૂર્ણ ચૂંટણી માહોલમાં પાટીદારો, ઓ.બી.સી તો ક્યાંક પાકિસ્તાન, મણીશંકર ઐયાર જેવા નેતાના બગડેલા બોલે મોદીને વધુ આક્રમક થવાની ભૂમિકા પુરી પાડી હતી.

સમાજના નામે ખોટાં આંદોલનો ચલાવી પોતાના સ્વાર્થ સાધતા લોકો પર કડક હાથે કામ કરે ને આ રાજ્ય વિકાસ ને વરેલું છે. તે મુજબ વિકાસ કામો કરે. ભ્રષ્ટાચારને જે ફરિયાદો મળે છે. તેના પર ખૂબ અંકુશ કરી ભ્રષ્ટાચાર મીટાવવા વ્યવસ્થા ઉભી કરે. જાતિવાદી રાજનિતિથી ઉપર ઉઠી સબકા-સાથ સબકા-સાથ સૂત્રને ચરિતાર્થ કરે એ ખૂબ જ જરૂરી છે. **અશોક બી.પ્રજાપતિ માંડલા**

# વિરહીણી

'દીવાને હૈં દીવાનો કો ન ઘર ચાહીયે મુહોબત ભરી ઈક નજર ચાહીયે.'કોઈ જૂના પિક્ચરનું ગીત બાજુના મકાનમાં ગૂંજતું હતું. આ બાજુ એકત્રીસ વર્ષીય સ્નેહા પોતાના ઘરમાં બેઠી-બેઠી વિચારોમાં ડુબી જતી હતી રવિવારની સવાર હતીને આઠેક વાગ્યાનો સમય હતો. વાતાવરણ ધુમ્મસ ભરેલ હતું. ગીતના શબ્દોના અર્થને મમળાવતી સ્નેહાએ જોર જોરથી નકારમાં માથું ધુણાવ્યું. ગીતની આ પંક્તિઓનો અર્થ તેને મીથ્યા લાગ્યો. જો માત્ર મુહોબત ભરેલી નજર જ જરૂરી હોત તો તેણે મારો ત્યાગ કર્યો જ ન હોત. બધું જ ખોટું છે, બધું જ ક્ષણ ભંગુર છે. આ પ્રેમ, આ વફા બધું જ ક્ષણજીવી છે.સમયે' સમયે આ બધાની વ્યાખ્યાઓ બદલાતી જાય છે. લાલચને લોભ આગળ પ્રેમ પણ ઓગળી જાય છે. આટા-દાળ ના ભાવ પૂછતી વખતે આ મુહોબત મુરઝાઈ જાય છે.

આવા રવિવારે બન્ને મોટા શહેરમાં વસવાટ કરતાં હોવાથી દર રવિવારે અલગ અલગ સ્થળોએ ફરવા નીકળી પડતાં. રવિવાર ખુબ જ આનંદમાં વીતી જતો. સોમવારે એ 'શ્યામ' નોકરી એ જતો ને પોતે તેની યાદમાં ઘરના કામકાજમાં પરોવાતી. ભલે શ્યામની આવક મર્યાદિત હતી પણ તેનો ગમ શ્યામના ચહેરા ઉપરન જણાતો. શ્યામના ચહેરા ઉપર તો એક માત્ર પ્રેમભર્યું સ્મિત જ જોવા મળતું વારેવારે વાંધા વચકા કાઢતાં સાસુને નણંદના ત્રાસથી પોતાને બચાવવા સ્નેહાને અલગ જગાએ લઈને શ્યામ સ્વતંત્રતા પૂર્વક રહેતો હતો. દિવસો સારી રીતે પસાર થતા હતા. સુખના એ દિવસો કેટલા ઝડપ થી પસાર થઈ ગયા હતા એ વિચારે સ્નેહાની આંખમાં આંસુ આવી ગયાં. થોડીવાર માટે તેની વિચાર તંદ્રા અટકી પડી. ફરી પાછી તે એજે વિચારોમાં ડુબવા લાગી.

શ્યામ તારી માતાને બહેનની ચડામણીમાં આવીને તું મારો ત્યાગ તો નહી કરે ને? મને અન્યાય તો ન જ કરે ને ? એકવાર સ્નેહાથી પૂછાઈ ગયું હતું. જવાબમાં શ્યામે કહ્યું હતું કે મા-બાપ કે ધન દોલત બધાંથી ફારેગ થવું પડશે તો થઈશ પણ તને અન્યાય કદી નહી કરીશ જેવું સ્થાન માત-પિતાનું હોય છે એવું જ પત્નિ નું પણ હોય છે. એ બાબતે તું ચિંતા કરીશ નહીં. વિચારતાં વિચારતા સ્નેહાથી નિઃસાસો નંખાઈ ગયો જે ધન-દોલત પોતાના માટે છોડવા તે તૈયાર થયો હતો ને મારા કાજે જે દોલતને ઠોકર મારવાનું કહેણ તેણે કીધું હતું એ જ મિલકતની લાલચમાં જ તેણે મારો ત્યાગ કર્યો. વિધીની આ કેવી ને ખરાબ વક્રતા છે? મથુરા જેવી શ્યામની માતાએ શ્યામના પિતાને પોતાનું રમકડું બનાવી દીધેલ હતો અને હવે તે શ્યામ ને પોતાના પાળેલા એક જાનવર જેવો બનાવવા માટે હવાતીંયા મારતી હતી. એકવાર તેણે છેલ્લોને જલદ દાવ ફેંક્યો હતો એ દાવ કે જેણે પોતાનીને શ્યામ વચ્ચેની એક મોટી દીવાલરૂપી જુદાઈ નિર્મીત કરી હતી.

શ્યામની મા એ શ્યામ જો સ્નેહાનો ત્યાગ ન કરે અને પોતાની પાસે રહેવા મજબૂર ન કરે તો શ્યામની મિલકત એટલે કે શ્યામના ભાગે આવતી બધી જ મિલકતમાંથી શ્યામને ફારેગ કરવા કહ્યું. મસમોટી પૈતૃક મિલકત પોતાની પાસેથી ખસી જતી જોઈને શ્યામનું હૃદય વલોવાઈ ગયું. તેણે સ્નેહાને કહ્યું હતું'સ્નેહા આપણે ફરીથી મમ્મી-પપ્પા પાસે રહેવાને જતા રહીએ તો તને કોઈ વાંધો ખરો ? ને આ જ વાત થી પોતે અકળાઈ હતી તેણે શ્યામને કહ્યું હતું'શ્યામ ગમે તે થાય મારે તારા મમ્મી-પપ્પા જોડે રહેવું નથી. આપણે મિલકત જોઈની જ નથી. માત્ર શાંતિથી સાથે રહેવું છે. તારી મમ્મી ઘરનું વાતાવરણ ખુબ કલુંષિત રાખે છે ને મને તેમની સાથે રહેવું ખુબ જ ત્રાસદાયક લાગે છે. આપણો સમય સુધરશે તારી આવકમાં વધારો થશે આપણે થોડી રાહ તો જોઈએ'

શ્યામ એકનો બે ન જ થયો, હવે શ્યામ આડોડાઈ કરવા લાગ્યો. માતા-પિતાના પ્રેમ કરતાં માતા-પિતા દ્વારા મળવામાં આવતી વારસાગત મિલકતનો લોભ શ્યામને વધારે હતો. અને એક દિવસે શ્યામને છેલ્લાં જુહાર કરી સ્નેહા સદાને માટે પીયર આવી ગઈ હતી. શ્યામ પણ કદી તેને મનાવવા આવ્યો ન હતો. ટુંક સમયમાં બન્ને એકમેકથી સદાને માટે જુદાં થઈ ગયાં હતાં. રવિવારની ધુમ્મસ વાળી સવારના પ્રેમની મુહોબતની પોકળતા દર્શાવતી પુરાણી યાદોમાં સ્નેહા ખોવાઈ ગઈ જાણે કે ડુબી ગઈ. વિરહમાં જાણે તે વિર-હીણી બની ગઈ. **સમીર બારોટ મુ.પો.ચંડીસર**

દિવ્યજ્યોત
અધ્યાત્મ, ધર્મ, ભક્તિને ભગતાં સાહિત્યનાં અજવાળાં...

## સુવાકયો

નાનું અમથું અભિમાન પણ મોટી ભુલ કરાવી દે છે.
આપનારનું હૃદય ભેટને વ્હાલી અને કીંમતી બનાવી દે છે.
કાયર ત્યારે જ ધમકી આપે છે જ્યારે એ સલામત હોય છે.
હૃદયથી દરેક માનવી કવિ હોય છે.
પોતાની જાત પર શ્રદ્ધા રાખવી અને પોતાની બધી જ શકિત સાથે કામે લાગી જવુ દસમાંથી નવ વખત આ સફળતાનો આધાર છે.
વિચારવો વધુ, બોલજો ઓછું અને લખજો થોડુંક જ.
રાજા હોય કે ખેડૂત સહુથી વધુ સુખી એ છે કે જે પોતાના ઘરમાં શાંતી મેળવે છે.



**આરાધના** | નાથાલાલ બ્રહ્મક્ષત્રીય

# પ્રજ્ઞાવાન સંત શ્રી આનંદમૂર્તિજી મહારાજનો દિવ્ય સત્સંગ

જે વ્યક્તિ ચાલે છે તે દોડી પણ શકે છે, બોલી શકે છેને સારા વકતા બની શકે છે. ટીપે ટીપે સરોવર ભરાય અને કાંકરે કાંકરે પાળ બંધાય એવી કહેવતોને સાર્થક કરતા મહાન વ્યક્તિઓ નાની નાની વાતોનું ધ્યાન રાખીને મહાન બની શકે છે. કેટલીક વ્યક્તિઓ આપ બળે તપશ્ચર્યા કરીને મહાન બને છે જ્યારે કેટલીક વ્યક્તિઓ બહુ, નાની ઉંમરથી પ્રજ્ઞાવાન હોય છે.

આવા જ એક પ્રજ્ઞાવાન સંત શ્રી આનંદમૂર્તિજી મહારાજની વાત અહીં કરવી છે.

બહુ જ નાની વયથી માતુશ્રી નંદુબાને રામાયણ, મહાભારત,ગીતા ભાગવત અને એવા અનેક પુરાણો વાર્તા સ્વરૂપે સંભળાવતા. અનેક ભજનો ગાઈને સંભળાવતા ત્યારે માતાજી નંદુબા આશ્ચર્યચકીત થઈને તેમની સામે જોયા જ કરતાં. મોટી ચાર બહેનો તથા નંદુબા પણ સારાં ભજનો ગાતાં. તેમની ભજન મંડળીમાં ગવાતો ગીતો, ભજનોનો તત્વાર્થ પકડીને સમજાવતા. તેઓ કોઈપણ ધર્મગ્રંથ વાંચવા માટે હાથમાં લે કે તરત જ તેમને થતું 'આ ગ્રંથ તો મેં કયાંક વાંચેલો છે.'

નાની ઉંમરથી સંસારની અસારતા પામી ગયા હતા. સાધુ સંતોની સાથે રહેવું ગમતું હતું.ઘરની આસપાસ આવેલાં મંદિરો, તેમાંય ખાસ સ્વામી નારાયણના મંદિરમાં બિરાજમાન સંતો, મહાત્માઓ પાસે બેસીને ધર્મની બોધકથાઓ સાંભળવામાં, ભગવાનના દર્શન કરવામાં એટલા લીન થઈ જતા કે ઘણી વાર શાળામાં મોડા પડતા ત્યારે તેમના શિક્ષકો તેમને ટકોર કરતા : 'અલ્યા, આમ દરરોજ મોડો આવે છે તે નહીં ચાલે, તેના કરતાં બાવો બની જા..'

આનંદમુર્તિજી મહારાજ એ બચપણના અનુભવોની વાતો વાગોળતાં કહે છે ભલું થજો એવા શિક્ષકોનું કે કોઈ સારા ચોઘડીએ નીકળેલા તેમના ઉદ્‌ગારો આજે સાચા પડયા છે.' આમ પોતાના વિશે કોઈ ટકોર કરે કે ઘસાતું બોલે તો પણ પોતે તેને હસતાં હસતાં સ્વીકારીને તેમાંથી સાર તત્વ શોધી લે છે અને દરેક જીવ માટે શુભ ભાવનાઓ પ્રગટ કરે છે.

આનંદમૂર્તિજી મહારાજ જયારે વ્યાસપીઠ ઉપર બિરાજમાન હોય ત્યારે

અનુસંધાન પાના નં.૬ ઉપર

# રાગી કર્મફલ પ્રેપ્સુર્લુબ્ધો હિંસાત્મકોડ શુચિઃ । હર્ષશોકાન્વિતઃ કર્તા રાજસઃ પરિકીર્તિત : ।।

શાસ્ત્રોકત આદેશો આપણને કાર્યાકાર્યનો વિવેક શીખવે છે. જે મનુષ્યો શાસ્ત્રોના આ આદેશોની અવગણના કરે છે.તેઓ ભૌતીકવાદી હોય છે. તેઓ પ્રકૃતિના ગુણો અનુસાર કાર્ય કરે છે. આવા કર્તા સૌજન્યશીલ હોતા નથી, આગળના શ્લોકમાં સાત્વીક કર્તાનું સ્વરૂપ-લક્ષણ સમજાવ્યા બાદ હવે નીચેના શ્લોકમાં 'રાજસ કર્તા' નું લક્ષણ આપતાં ભગવાન કહે છે કે :

**રાગી કર્મફલ પ્રેપ્સુર્લુબ્ધો હિંસાત્મકોડ શુચિઃ ।**
**હર્ષશોકાન્વિતઃ કર્તા રાજસઃ પરિકીર્તિત : ।।૧૮-૨૭ ।।**

'અત્યંત આસકત, આસક્તિવાળો (રાગી) કર્મના ફળની (કર્મફલ) ઈચ્છા રાખનારો, લાલસા રાખનારો (પ્રેપ્સુઃ),લોભી, લાલચુ (લુબ્ધઃ), હિંસક પ્રકૃતિવાળો, હિંસા કરવાવાળો, બીજાને કષ્ટ આપવાના સ્વભાવ વાળો (હિંસાત્મકઃ)મલીન વૃત્તિવાળો અપવિત્ર (અશુચિ) તેમજ હર્ષ શોકવાળો હર્ષ તથા શોકને વશ (હર્ષશોક અન્વીત) કર્તા (કર્તા) રાજસ રજોગુણી (રાજસ) કહેવાયો છે. પરીકિર્તીત).

આ શ્લોકમાં 'રાજસકર્તા' નું લક્ષણ આપવામાં આવ્યું છે. જે દેહાસક્તિવાળો, કર્મના ફળની ઈચ્છાવાળો, લોભી, તેને માટે હિંસા કરવાવાળો, અપવિત્ર અને હર્ષ, શોકમાં સદા મગ્ન રહેવાવાળો છે તે રાજસકર્તા કહેવાય છે.રાજસ કર્તામાં છ બાબતો જોવા મળે છેઃ ૧.આસક્તિ વાળો ૨. કર્મના ફળની ખુબ ઈચ્છાવાળો ૩. લોભી ૪.હિંસા કરવાવાળો, બીજાઓને દુ:ખ આપનાર ૫.મેલા ઈરાદાવાળો, અશુધ્ધ અને ૬.હર્ષ-શોકના આવેશવાળો, અર્થાત રાજસકર્તા, લોભી, કર્મફળમાં આસક્તિ રાખનાર, લોભી, હિંસાખોર, અશુધ્ધિ અને હર્ષ તથા શોકને વશ થયેલો હોય છે.

રાગી એટલે વિષયલોલુપ, વિષયની લાલસાવાળો કામ વગેરેથી વ્યાકુળ મનવાળો. 'રાગ' એટલે આસક્તિ. રાગ એટલે કર્મોમાં, કર્મોનાં ફળમાં આસક્તિ વાળો અર્થાત સ્ત્રી, પુત્ર, ધન, સ્વર્ગ વગેરે મેળવવાની ઈચ્છાવાળો આવો મનુષ્ય કોઈપણ કર્મનો આરંભ ફળ પરિણામની અપેક્ષાથી જ કરે છે. રાજસ કર્તાની ઉત્સુકતા કર્મમાં નહી,પરંતુ કર્મના ફળમાં હોય છે. 'લુબ્ધ' એટલે લોભી, ધનની તૃષ્ણાવાળો, કંજુસ, દેવ, પિતૃયજ્ઞ, ધર્મ, તીર્થ વગેરે સત્કાર્યોમાં પણ પૈસા ન વાપરનાર એટલે કે ધનનો વ્યય કરવામાં અસમર્થ. જે કાંઈ મળે તેમાં પણ અસંતોષ.

'હિંસાત્મક' એટલે હીંસક વૃત્તિવાળો,બીજાઓને કષ્ટ આપવાનો સ્વભાવ ધરાવનાર. તે હિંસક સ્વભાવ વાળો હોવાથી, પોતાના સ્વાર્થ માટે અન્યોને થનાર દુ:ખ કે નુકશાનની પરવા કરતો નથી. તામસ મનુષ્યમાં તો કર્મમાં હિંસા હોય છે પરંતુ રાજસ મનુષ્ય પોતે જ હિંસાત્મક હોય છે.'અશુચિ' એટલે અપવિત્ર, બાહ્ય કે આંતરીક શુદ્ધિ વગરનો. ભોગ બુધ્ધિથી વસ્તુઓ કે પદાર્થો વગેરેનો સંગ્રહ કરે છે તે બધું જ અપવિત્ર, અશુધ્ધ થઈ જાય છે.'હર્ષશોકાન્વિતઃ' એટલે હર્ષ અને શોકવાળો અર્થાત કર્મફળની સિધ્ધિમાં હર્ષવાળો તેમજ કર્મફળની અસિદ્ધિમાં શોકવાળો હોય છે રાજસ મનુષ્ય સફળતામાં હર્ષ તથા નિષ્ફળતામાં શોક કરવાવાળો હોય છે.

રજોગુણી કર્તા કાર્ય કે ફળમાં અતિશય આસક્તી ધરાવે છે. તેના દરેક કર્મમાં ભોગો ભોગવવાની પ્રબળ કામના જ જોર કરતી હોય છે. પોતાના કર્મફળની પોતાના ઉપભોગ માટે જ અભિલાષા મનમાં ધારણ કરેલી હોવાના કારણે તે અત્યંત લોભી હોય છે. લોભી હોવાથી તે બીજાઓનું શોષણ કરતાં પણ ખચકાતો નથી. તે એમ માને છે કે

પોતે મેળવેલું બધું કાયમી ટકી રહેશે. કદાપિ નાશ પામશે નહીં આવા અશાંત મનવાળો માણસ ભોગો પ્રાપ્તિ ન થાય ત્યારે ક્રોધી બની જાય છે અને તેમાંથી તેની હિંસાત્મક વૃત્તિ પેદા થાય છે. જયાં હિંસાત્મક વૃત્તિ હોય ત્યાં મન,વચન કે શરીર શુદ્ધ કે પવિત્ર રહી શકે જ નહીં. આવો માણસ પોતાનું કામ સફળ થતાં ખુબ જ પ્રસન્ન થાય છે અને અસફળ થવાથી બહુ દુ:ખી થાય છે-શોકાન્વીત થાય છે.

**અધ્યાત્મ** | ૫૯૪ | પ્રિ.ડૉ.હેમરાજભાઈ આર.પટેલ

# જીવન દર્શન

ભગવાનદાસ બંધુ

## વિવિધ વિષયોનું જ્ઞાન ધરાવતા અને ખુબ જ નિજાનંદી ડી.જે.એન.મહેતા હાઈસ્કૂલ જૂનાડીસાના નિવૃત્ત શિક્ષક મહેશભાઈ ભટ્ટ



કેટલાક વ્યક્તિઓ પોતાની નિજાનંદી જીંદગીથી અનેકને ઉપયોગી થતા હોય છે. મુળ વડગામ તાલુકાના પરખડી ગામના અને હાલે ડીસા ખાતે રહેતા વિવિધ વિષયોનું જ્ઞાન ધરાવતા તેમજ ખુબ જ નિજાનંદી એવા જુના ડીસા ડી.જે.એન.મહેતા હાઈસ્કુલના નિવૃત્ત શિક્ષક મહેશભાઈ ભટ્ટ એક મળવા જેવા અને માણવા જેવા માણસ છે. પિતા અમૃતલાલ છગનલાલ ભટ્ટ અને માતા શ્રીમતી મંગુબેનના પરિવારમાં તા.૧૭-૮-૧૯૪૩ ના રોજ વડગામ તાલુકાના મેમદપુર ખાતે જન્મેલા મહેશભાઈએ પ્રાથમિક શિક્ષણ પરખડી ખાતે લીધું. બાદ ધો.૧૦ નૂતન હાઈસ્કૂલ પાલનપુર અને ઓલ્ડ એસ.એસ.સી.વિદ્યામંદિર પાલનપુર ખાતે કરી. તેમણે બોટાદકર કોલેજ બોટાદ ખાતે બી.એ.કર્યું. એન.સી.ઈ.આર.ટી.કોલેજ ભોપાળ ખાતે બી.એડ. કર્યું. એન.ડી.એસ.નો અભ્યાસ અલવર (રાજસ્થાન) ખાતે પૂર્ણ કર્યો. એન.એફ.સી.નો કોર્ષ તાત્યા ટોપે ફિઝીકલ એજ્યુકશન કોલેજ શીવપુરી (મધ્યપ્રદેશ) ખાતે કર્યો.

તા.૧૧-૧૨-૧૯૬૩ થી તેમણે ગવર્નમેન્ટ બોયઝ કોલેજ પાલનપુર ખાતે સર્વિસની શરૂઆત કરી. ત્યાંથી ૪-૧-૧૯૬૪થી ૧૯૬૭ સુધી ગવર્નમેન્ટ ગર્લ્સ હાઈસ્કુલ પાલનપુર ખાતે સેવા કરી બાદ ૧૯૬૭ થી ૧૯૭૫ બોટાદ સરકારી હાઈસ્કુલમાં સેવા કરી. ૧૯૭૫ થી ૨૦૦૧ સુધી ડી.જે.એન.મહેતા હાઈસ્કૂલ, જુના ડીસા ખાતે સર્વિસ કરી ગુજરાતી અને વ્યાયામના મુખ્ય વિષયો ઉપરાંત અન્ય વિષયોને ભણાવી તા.૩૧-૧૦-૨૦૦૧ ના રોજ ખુબ જ ગર્વ, ગૌરવ અને આનંદ સાથે વય નિવૃત્ત થયા. નિવૃત્તિ બાદ પણ જુના ડીસા હાઈસ્કુલમાં તેમણે માનદસેવા આપી વિદ્યાર્થીઓને પુરતું માર્ગદર્શન આપી શાળામાં સારા પરીણામને જાળવી રાખ્યું. જીવનની સફરમાં પાલનપુર ખાતે પાલક પિતા ભાનુભાઈ જોશી અને માતા હીરાબેનના ઘેર રહી ઘરકામ કરી તેમનાં બાળકોને ભણાવ્યાં અને તેઓ જાતે પણ ભણ્યા. ધો.૧૧ માં શાળાના આદરણીય શિક્ષકો સૂર્યકાંતભાઈ પરીખ, હીરાભાઈ શાહ અને ભાવસાર સાહેબની પ્રેરણાથી સાર્વજનિક છાત્રાલય પાલનપુર ખાતે દાખલ થઈ. ત્રણ જેટલાં બાળકોને બોર્ડની પરીક્ષા દરમ્યાન પણ ભણાવ્યા અને જાતે પણ ભણ્યા એ તેમના જીવનની ખુબ જ મહત્વની ઘટના છે. સર્વિસ દરમ્યાન કાંતિભાઈ પટેલ અને ચંદુભાઈ રાતડીયા જેવા શિક્ષકોની પ્રમાણિકતાથી તેઓ પ્રભાવિત થયા. તેમના માર્ગદર્શનથી ઓલ ઈન્ડિયા લેવલે તે સમયે શરદ રમતોત્સવમાં પાલનપુરની રેખા ભાટીયા ખો-ખો માં ગુજરાતના વાઈસ કેપ્ટન તરીકે નિમણુંક પામેલ જે ગૌરવની બાબત છે. જાણીતા સર્જક વિનોદ જોષી તેમના હાથ નીચે બોટાદમાં ભણેલા અને તેમની સર્જનશક્તિ માટે પણ તેમણે માર્ગદર્શન આપેલ. રાજપીપળાના છોટુભાઈ પુરાણી મહાવિદ્યાલયના નરસિંહમામએ પણ તેમને આગળ વધવા પુરતી મદદ કરેલ. તેમણે ઘણાં પુસ્તકો વાંચ્યા છે, પરંતુ ઝવેરચંદ મેઘાણી અને કવિ કાંતના પુસ્તકોથી તેઓ પ્રભાવિત છે. પર્વતારોહણ તાલીમમાં તેઓ અંદાજે ૧૯૬૮ માં હિમાલય ગયેલ ત્યાં વસુધારા ગ્લેશિયર અને ભાગીરથીના મુળ સુધી જવાની તક મળેલ. આસામ, લોનાવાલા, ચારધામ, બાર જયોતિર્લીંગો, શીરડી, શનીદેવ સહીત અનેક સ્થળોએ તેઓ ફર્યા છે, દર્શન કર્યા છે પણ તેમાંથી તેઓને હિમાલય ખુબ ગમેલ છે. સ્કાઉટીંગ, એન.એસ.એસ. અને એન.સી.સી. જેવી રાષ્ટ્રીય પ્રવૃત્તિઓમાં તેમણે ઉચ્ચ કક્ષાના અધિકારી તરીકે કામગીરી કરેલ છે, જે પૈકી સ્કાઉટ ગાઈડમાં આજે પણ જિલ્લાના કમિશ્નર તરી-કે ફરજ બજાવે છે. તેમની સરસ મજાની પ્રેરણાદાયી પ્રવૃત્તિઓને લીધે ગુજરાત રાજયના નામદાર રાજયપાલશ્રી તરફથી વર્ષ ૨૦૧૭ માં લાઈફટાઈમ એચીવમેન્ટ એવોર્ડ પણ મળેલ છે. સ્કાઉટમાં તેમણે હિમાલય વુડ બેઈઝ પરિક્ષા પાસ કરેલ છે. સ્કાઉટમાં બાર ટુ મેડલ ઓફ મેરીટ પણ પ્રાપ્ત કરેલ છે. જૂના ડીસા હાઈસ્કુલ ખાતે કે.ટી.મહેતા, પી.વી. રાજગોર, નાથાભાઈ ખત્રી, મણીભાઈ પટેલ, કાંતિભાઈ પટેલ જેવાની પ્રેરણા ખુબ જ ઉપયોગી નીવડેલ છે. 'પ્રત્યેક વર્ષે એક હિમાલયમાં' શીર્ષક હેઠળ દર વર્ષે જૂનાડીસાના વિદ્યાર્થીઓ હિમાલયમાં મોકલવાની સરાહનીય પ્રવૃત્તિ હેઠળ તેમણે ૩ વિદ્યાર્થીઓને હિમાલય મોકલેલ છે અને તેમના હાથ નીચે સ્કાઉટ ગાઈડમાં તૈયાર થયેલ વિદ્યાર્થીઓમાંથી ૨ ને રાષ્ટ્રપતિ એવોર્ડ તથા આશરે ૧૫ જણાને રાજયપાલ એવોર્ડ મળેલ છે.

ગુજરાત અને ગુજરાત બહાર તેમણે આશરે ૫૫૦૦ કી.મી.નો પગપાળા પ્રવાસ પણ કરેલ છે. તેમની સાથે ડૉ.નવીનકાકા, વિનોદભાઈ જોષી, નાથાભાઈ ખત્રી, મણીભાઈ પટેલ જેવા મિત્રો પણ જોડીયા હતા. તેમનાં તમામ કાર્યોમાં તેમનાં ધર્મપત્ની શ્રીમતી સવિતાબેન, દિકરાઓ ભાર્ગવ અને મિતેશ, દીકરીઓ નીતાબેન, ભાવનાબેન, ક્રિષ્નાબેન, પુત્રવધુઓ કુંતલબેન અને ધરતીબેન સહિત સૌનો સહયોગ હોય છે.તેમને અભિનંદન આપવા તેમનો મો.નં.૯૯૯૮૩૮૯૯૬૯ છે. તેઓ ભારત વિકાસ પરિષદ, પેન્શનર્સ એસોસીએશન સહિત વિવિધ સંસ્થાઓ સાથે સંકળાયેલા છે. પૂજ્ય આનંદમૂર્તિજી મહારાજનું સાનિધ્ય તેમને ખુબ જ ગમે છે. તેમની પ્રવૃત્તિઓમાં વિદ્યામંદિર પાલનપુરના હસમુખભાઈ મોદી, ચંડીસરના આચાર્ય સોમાણીજીનું પણ માર્ગદર્શન રહ્યું છે. ધ્રોળ (સૌરાષ્ટ્ર) ખાતે તેમને એક સમર્પિત ભાવવાળા મહમદભાઈ નામના શિક્ષક મળેલ જેમણે પોતાનું બાળક ના થવા દઈ ગામમાં બાળકોની જ વિશેષ સંભાળ લેવાનો નિર્ણય કરેલ જે બાબતનું તેઓ વારંવાર સ્મરણ કરે છે.કલ્પેશ સોની અને કમલેશ સોની નામના ડીસાના નામાંકીત કલાકારો મહેશભાઈ ભટ્ટને આદરણીય ગુરૂજી માને છે તે વાતનું પણ તેમને ગૌરવ છે.

અનુસંધાન પાના નં.૬ ઉપર

# હાર હી જીત કી જાન હૈ, હોંસલો પર નજર કીજીયે જિંદગી ખ્વાબ હી ખ્વાબ હૈ, આરઝુ ઉમ્રભર કીજીયે

**ચિંતન** | યશપાલસીહ ટી.વાઘેલા

હાશ, ચૂંટણીઓ પુરી થઈ હવે કંઈક કામો થશે. નેરમાં પોણી બંધ, શે નેહાલમાં પુરના માસ્તરો નથ, નદીઓમાં રેત ખોદી લોકોને હેરાન કરતા લોકો બંધ થાશે. દારૂ, જુગાર ને રખડતા લુખ્ખાઓ હવે ઘટશે.બસ ડેપોમાં ખાનગી વાહનો હરતા ફરતા બંધ થાશે. કાંકરેજ ડીસાના મતદારોનો આક્રોશભર્યો આશાવાદી સુર સાંભળવા મળતો હતો. ખરેખર વાત પણ સાચી છે. કોંગ્રેસના ધારાસભ્યો હતા તે તેમનું કાંઈ સાંભળતું નહોતું ને સભા સમારંભમાં શાસક પક્ષના નેતાઓ કહેતા પણ હતા કે અમારૂં કમળ 'ચૂંટીને મોકલો' તમારા વિસ્તારમાં ઝડપી વિકાસ થશે. આ બંને વિધાનસભા વિસ્તારના મતદાર ભાઈ બહેનોએ યુવાન નિષ્પક્ષ પ્રજા વચ્ચે રહેનાર સાદા લોકોની સમસ્યાથી વાકેફ ઉમેદવારને ચૂંટીને 'કમળ' રૂપે ગાંધીનગર મોકલ્યા છે. ત્યારે ડીસામાં ઓવરબ્રીજને રેત ખનનનો પ્રશ્ન સાથે ઉપર જે ગ્રામીણ મતદાર આશાવાદ સેવ્યો તે છે. ગાયને ભારતીય સંસ્કૃતિમાં 'માતા' નું બિરુદ આપ્યું છે તે તેને રાષ્ટ્રીય પ્રાણી જાહેર કરવા માટે પ્રબળ પ્રજા માંગ છે પણ આજે ગામડાં, શહેરોમાં ગૌ ગૌવંશ, ટ્રાફીક સમસ્યા રાહદારી માટે મુશ્કેલીરૂપ બની રહ્યાં છે. કોઈ જ આયોજના નથી. ગ્રામ પંચાયતો, પાલીકા, મહાનગર પાલિકા પ્રજાની આ સમસ્યા ઉકેલવામાં સદંતર નિષ્ફળ નીવડયું છે. પહેલાં તો જે તે વિસ્તારમાં પશુપાલકોને અંકુશમાં રાખવા રખડતા ઢોર પુરવાના ડબ્બા હતા જે નાબુદ થયા. કોઈ ગામ શહેરમાં ભેંસ, પાડા, ગધેડા, ઘોડા કે બીજા પશુ રખડતાં જોયાં છે ? ગાય અને કુતરા જ કેમ રખડે છે એ બાબતે એક સાચા હિંદુ તરીકે કયારેય ચિંતન કે અભ્યાસ કર્યો છે ખરો ? આ વાત હું ઘણા વર્ષોથી આપ સૌને ખખડાવી જગાડીને કહી રહ્યોછું કે જેમ હિંદુ સંતો, મહંતો,સાધુઓની ફજેતી થાય તેવી નોંધો ઝડપભેર પ્રકાશમાં આવે છે તેવી જ રીતે આ બાબતછે. ગૌ-ગૌવંશ, કુતરાં, સંતો, મહંતો, સાધુ બાબતે હીંદુ સમાજે બહુ ચિંતન મનન કરવાની જરૂર છે. હિંદુત્વ, હિંદુ, ભારતીય સંસ્કૃતિને બચાવવા માટે આ મહત્વના પાયારૂપ ઘટનાને આંખ મીંચામણાથી અળગી કરી શકાશે નહીં. આપણી શ્રદ્ધા-આસ્થાને કોઈ નબળાઈ સમજીને તેનો ગેરલાભ ઉઠાવતું હોય તો એ બાબતને નજર અંદાજ ન કરવી જોઈએ. ગૌ-ગૌવંશ પ્રત્યે જાગૃત બની કઈ રીતે આ આપણી શ્રદ્ધા-આસ્થાના પ્રતિક રખડતાં બંધ થાય, ગૌશાળા, પાં-જરાપોળમાં ખરેખર વર્ષે દહાડે જે દાન ભેટ આવે છે તેના પ્રમાણમાં આવા પશુઓ રખડતાં હોઈ શકે ખરી ? કોઈની ટીકા ટીપ્પણી કરવાની જરૂર નથી. આપણે એક હિંદુ, હિંદુત્વની ભાવનાના સંબંધે આ કામગીરી કરી ગૌ-ગૌવંશને રખડતું કપાતું બચાવી પછી રાષ્ટ્રીય પ્રાણી બને તેવી ચળવળ ચલાવવા આગળ આવવું જોઈએ. ગયા શનિવારે પ્રીન્ટ ઈલેકટ્રોનિક મીડીયામાં હિંદુ સાધુ મહંતના નામે ૧૬૦૦૦૦ મહિલા સાથે અનૈતિક સંબંધના અહેવાલો બહુ જોરશોરથી વાંચવા સાંભળવા મળ્યા ત્યારેય અતિ દુ:ખ થયું. આપણે જ્ઞાતિવાદના નામે તો બદનામ થઈ અંદરોઅંદર ઝઘડતા થયા છીએ ને કયાંકને કયાંક કેશવાનંદ, આશારામ, રામ રહીમ, બાબા વિરેન્દ્રદેવ, દિક્ષીતના સ્વરૂપે પ્રગટે તો ભારતીય સંસ્કૃતિની જતન ધુરા સમાજ સમગ્ર સાધુ સંત, મહંત, સમાજ ખરાબ છે તેવી બુમાબુમ કરી મુકે. જીવનમાં મોહમાયા સંસારનો ત્યાગ કરીને 'સાધુતા' ને પસંદ કહી છે તેને શા માટે વિચલીત કરો છો ? રાજકારણ, સમાજ, ગામમાં સન્માન તેમનું ચોક્કસ થવું જોઈએ પણ તેઓને તેમના ગ્રસ્ત બનાવવાની જરૂર નથી. તેમને તેમના મહાનપદ ગાદીની ગરીમા જળવાય એ રીતે જ પૂજનીય રાખો. આવા આત્માઓને ડ્રેસકોડ કે બીજી રીતે વિચલીત કરવાની કોશીશ ના કરો. આપણે ગૌ-ગૌવંશ, સાધુ સંતો મહંતો પ્રત્યે થોડી ઘણી સાચી આસ્થા શ્રદ્ધા હૃદય-મનથી ધરાવતા હોઈએ તો આ ભગીરથ અભિયાન ચલાવવાની જરૂર છે.ધર્મ એ જીવન જીવવાની ઉમદા કળા ત્યારે બને જ્યારે આ રીતનું જીવનની રસમ બનાવીએ.

વાચક મિત્રો ગુજરાત વિધાનસભા-૨૦૧૭ ની ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થઈ. ભાજપ, કોંગ્રેસ, શાસક વિરોધ પક્ષની ભૂમિકામાં જૈસે થે રીતે આવ્યું પણ પ્રજાએ લોકશાહી શાસન પદ્ધતિને અનુરૂપ પરિણામો લાવી આપ્યાં તે સારી બાબત છે. આ કહેવાતા લોકસેવકો ચૂંટાયા પછી તો તેમનું જ કરવાના. હમણાં સંસદ સભ્યોના પગાર ભથ્થાં વધારવાની એક બેઠક યોગી આદિત્યનાથની રાહબરી હેઠળ યોજાઈ. જેમાં બિચારા આપણા સાંસદો પથાર વધારીને ડબલ કરવાની વાત કરી

અનુસંધાન પાના નં.૬ ઉપર

# પરમાર્થ એ જ સ્વાર્થ

**શ્રદ્ધા અને** | **સંસ્કાર**

**ગતાંકથી ચાલુ**

પુત્રપ્રાપ્તિની તીવ્ર તાલાવેલી તેમના મનમાં જાગી હતી. એટલે તેઓએ તે પ્રતિજ્ઞાનો સ્વીકાર કર્યો. સાધુ રૂપધારી પોતાનું ઈચ્છીત ફળ પુરૂં થતાં સ્વસ્થાને પહોંચ્યા.

સમયાંતરે બંને દેવોએ પુરોહીતના ઘેર જન્મ ગ્રહણ કર્યો. ભૃગુના મનમાં બેઠેલી પુત્ર લાલસાએ કપટ નાટક રચી દીધું. ઈષુકાર નગરમાં સાધુ-સાધ્વી ભગવંતો આવતા જતાં હોવાથી કયાંક બાળકના મનમાં સાધુ બનવાનો ભાવ જાગી ન જાય એ માટે ભૃગુ પુરોહીત નગરનો ત્યાગ કરવા તૈયાર થઈ ગયો. પત્ની યશા પણ પતિના વિચારમાં સહમત થઈ.

મુનિને આપેલું વચન તેઓ ખંડિત કરવા તત્પર બન્યા. જાણતા હતા કે આ મહામુનિના દર્શન બાદ જ પુત્રરત્ન થયો છે તો પણ પોતાનો સ્વાર્થપ્રધાન કરી પુત્રને લઈને ગામડે જવાની તૈયારી કરવા લાગ્યા.

પોતાના સ્વાર્થમાં પુત્રહીતની વાતને ગૌણ કરી નાખી. પુત્ર હજી તો ગર્ભમાં જ હતો. પણ તેઓ ગર્ભમાં રહેલ પુત્રને સાધુની વાત પણ સાંભળવા ન મળે તે રીતે ખુબ જલદી નિર્ણય કરીને નીકળી ગયા.

પુત્રના હીતની કામના કરતાં માતા પિતા ઘણીવાર સામાન્ય હિતના ખાતર વિશેષ હિત સ્વરૂપ હીતનો વિનાશ કરે છે. પુત્રો દ્વારા વાસ્તવમાં અમને સુખ મળે એવી જ ઈચ્છાથી ઘણીવાર માતા પિતા પુત્રોના સાચા સુખને ઝુંટવી લે છે.

શહેરને છોડીને તેઓ ગામડે પહોંચી ગયા. થોડાક સમય બાદ બે પુત્રોનો જન્મ થયો. ભૃગુ પુરોહીત તથા યશા બ્રાહ્મણી બંને જણાં બંને પુત્રોનું પોષણ કરવા લાગ્યા, બાળકો થોડા મોટા થયા, થોડાક સમજણા પણ થયા.માતા પિતાને હજુ પેલો ભય સતાવતો જ હતો.

મહાત્માના ઉપકારને તેઓ ભુલી ગયા, બાળકો સાધુના સંપર્કમાં જ ન આવે તેવો વિચાર કરીને તેઓએ બાળકોને કહ્યું, પ્રિય બાળકો ! મારે તમને એક સાચા હિતની વાત કરવી છે. તમે નાના છો. તમારી બુધ્ધિ બહુ લાંબો વિચાર કરી શકતી નથી. આ દુનિયામાં દુષ્ટોનું સામ્રાજય ખુબ જ ફેલાયેલું છે. શેતાનો પણ ઘણી વખત સાધુના રૂપમાં ફરતા હોય છે. જે સાધુઓના પોતાના ઉપર મહાન ઉપકાર હતો એવા સાધુઓને શેતાનનું રૂપ આપતાં પણ તેમને ખચકાટ ન થયો.

ફરી તેઓ આગળ બોલ્યા, બેટા આ દુષ્ટ સાધુઓને ઓળખવાની નિશાની હું તને બતાવું છું. જેઓના માથે મુંડન હોય, હાથમાં દંડાદિ ધારણ કરેલા હોય અને બગલાની જેમ નીચે દેખીતે ચાલતા હોય તે સાધુઓથી તમે દુર રહેજો..અનુસંધાન પાના નં.૬ ઉપર

# સુખદુ:ખ

**સૌરભ** | બી.કે.નીતાબેન

રાત પછી દિવસને પછી રાતનું ચક્ર અનાદીકાળથી ચાલ્યા કરે છે. એમ સુખ અને દુ:ખનું પણ ચક્ર ચાલ્યા કરે છે. કોઈને કાયમ સુખ નથી રહેવાનું અને કોઈને પાસે કાયમ દુ:ખ નથી રહેવાનું હસતા હસતા જીવનની ડગર પર આગળ વધી શકીશું એક કવિએ ખુબ સુંદર કવિતામાં કહ્યું છે કે "સુખ દુ:ખ મનમાં ન અણીએ રે ઘટ સાથેરે ઘડીયાં"

આપણે જીવનમાં આવતી વિભિન્ન પરીસ્થિતિઓમાં સદા અડગ પત્થરની જેમ અચલ રહેવાનું છે થોડી હવાના ઝોકામાં પડી જવાવાળા ને પહાડ ન કહેવાય પત્થર તો હવાની થયા તો પણ ખાય છે. તો દરીયાના મોજાઓને પણ ઝીલે છે. તેની ઉપર ન હવાની અસર થાય છે. ન તોફાનની અચળ, સ્થિર, સ્ટેડી, મજબુત પહાડ આપણને પણ ઘણા ઈસારા આવે છે. સુખ અને દુ:ખના વિરોધાભાસી સમયમાં આપણે પણ આવાજ સ્ટેડી રહેવા માટે હિમાલય જેવી અડગતા ધારણ કરવી પડશે. સુખની હવા આપણને છકાવે નહી અને દુ:ખ આપણને ઓગાળી શકે નહી બંને પરીસ્થિતીમાં આપણે સદા હસતા રહીએ એજ મહનતા છે. સ્પષ્ટ આકાશમાં અનેક વાદળો આવે છે ને ચાલ્યા જાય છે. તેમ જીવનના આકાશમાં પણ સરસ સોનેરી સ્વપ્નો લઈને સુખના વાદળો આવે છે કે ખુશીની વર્ષા વરસાવે છે અને આપણને ખુશીથી સુખના સાગરમાં. ક્યારેક ગજના કાળા ડીબાંગ વાદળ ન વરસનાંરા વાદળો પણ આવે છે.જે વરસતા તો નથી પણ ગરજીને આપણને દુ:ખી કરે છે. પણ આવા દુ:ખના વાદળોની ગર્જનાથી ડરવાની કોઈ જરૂર નથી ગમે તેવાં કાળાં ડીબાંગ વાદળોથી નિરાશ ન થાઓ આપણે આપણી સામે પડેલા દુ:ખના દરીયાને ઉલેચવાનો નથી પરંતુ સરસ મજાની આશાવાદી વિચારોની હોડી બનાવી

અનુસંધાન પાના નં.૬ ઉપર

Website : www.rakhewaldaily.com
E-mail : rakhewal@gmail.com
મંગળવાર ૨૬ ડિસેમ્બર ૨૦૧૭ (૭)
મહેસાણા, પાટણ, રાધનપુર, સિધ્ધપુર, ચાણસ્મા, ઉંઝા, વિસનગર, હિંમતનગર, ખેડબ્રહ્મા
રખેવાળ

## બે ખેડૂતો પર હુમલો કરી દીપડો એરંડાના ખેતરમાં સંતાઇ ગયો

વિસનગર

વડનગરના સુલતાનપુર અને રાજપુરમાં હાહાકાર મચાવ્યા બાદ દીપડો શનિવારે ખેરાલુ તાલુકા મલેકપુર- થાંગણા ગામની સીમમાં દેખાયો હતો. મલેકપુરના બે વ્યક્તિઓ પર હુમલો કરી દીપડાને ઈજાઓ પહોંચાડતાં ગામલોકોમાં ભયનો માહોલ ખડો થયો છે. બીજી બાજુ, દીપડાને પકડવા માટે વન વિભાગ દ્વારા બે પાંજરા ગોઠવાયા છે, પરંતુ મોડી સાંજ સુધી દીપડાના કોઇ વાવડ ન હોવાનું જાણવા મળ્યું છે.

ખેરાલુ અને વડનગર પંથકમાં છેલ્લા આઠ દિવસથી દીપડો જોવા મળતાં લોકોની ઉંઘહરામ થઇ ગઇ છે. શનિવારે ખેરાલુના થાંગણા-મલેકપુર ગામની સીમમાં ખેતરોમાં દીપડો જોવા મળતાં વન વિભાગ તેમજ પોલીસ, મામલતદાર સહિતનો કાફલો ઘટના સ્થળે દોડી ગયો હતો. દીપડાએ મલેકપુરના લાલાજી ઠાકોર અને આલમજી ઠાકોરને સામાન્ય ઈજા પહોંચાડી હતી. વન વિભાગે દીપડાને પકડવા પાંજરૂ મુક્યું છે અને રાત સુધી દીપડો નહી પકડાતાં ગામલોકોમાં ભય જોવા મળી રહ્યો છે. હાલમાં દીપડો ખેતરમાં છુપાયો હોવાનું તેમજ તેને પકડવા ગાંધીનગર રેસક્યુ ટીમને જાણ કરાઇ હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

## હિંમતનગર: BAPS સ્વામિનારાયણ મંદિરે સાત દિવસ સુધી વિવિધ કાર્યક્રમ

હિમતનગર

હિંમતનગરના કાંકણોલમાં બીએપીએસ સ્વામિનારાયણ મંદિરમાં સૌ પ્રથમવાર મહંત સ્વામી મહારાજના આગમન પ્રસંગે આયોજકો દ્વારા ૭ દિવસ સુધી દરરોજ વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યુ છે. જેમાં ૨૬ ડિસેમ્બરથી ૦૨ જાન્યુઆરી સુધીના પ્રસંગોમાં સત્પુરુષ દિન, ઉપાસના દિન, ગુણ ગ્રહણ દિન, તપ દિન, પ્રાપ્તિ દિન, મહિલા દિન, સંપ દિન અને દિવ્યભાવ દિન જેવા વિવિધ કાર્યક્રમો યોજી ભક્તજનોને અનેરો લ્હાવો લેવા માટેનો અવસર પ્રાપ્ત થયો છે.૭ દિવસ દરમિયાન દૈનિક કાર્યમાં દર્શન સમાગમ માટે સવારે ૫.૧૫ થી ૬.૧૫નો સમય રાખવામાં આવેલો છે તથા રોજ વક્તા દ્વારા પારાયણ સવારે ૮.૩૦ થી ૧૦.૦૦ અને દરરોજ સાંસ્કૃતિક કાર્યક્રમ અને આર્શીવચનનો સમય સાંજે ૫.૩૦ થી ૮.૦૦નો રાખવામાં આવેલો છે. એક અઠવાડિયા સુધી વિવિધ સાંસ્કૃતિક, આધ્યાત્મિક કાર્યક્રમો દ્વારા ભક્તો લાભ લેશે.

## ભિલોડા પોલીસ મથકની હદવિસ્તારનો નાસતો ફરતો આરોપી ઝડપાયો

મોડાસા

ભિલોડા પોલિસ સ્ટેશન હદ વિસ્તારમાં ગુનો આચરીને છેલ્લા અઢી વર્ષથી નાસતા ફરતા વોન્ટેડ આરોપીઓને જિલ્લા પેરોલ ફ્લો સ્કવોર્ડ છટકુ ગોઠવી ઝડપી લીધો હતો.

જાણવા મુજબ ભિલોડાના ભટેલા ગામનો માથાભારે ઈસમ બાબુ થાવરા ડામોરે ભિલોડાની હદ વિસ્તારમાં આચરેલા ગુના હેઠળ તેની વિરૂધ્ધ વિવિધ ગુન્હા નોંધાયા હતા. જે છેલ્લા અઢીવર્ષથી નાસતો ફરતો હતો જેથી તેને ઝડપી લેવાની કામગીરી પેરોલ ફલો સ્કવોર્ડના ઈન્ચાર્જ પો.ઈ. સી.ડી. વણઝારાને સોપવામાં આવી હતી. અને તેને બાતમીના આધારે મોડાસા બાયપાસ માર્ગની ચોકડી પરથી ઝડપી લેવામાં આવ્યો હતો.

## મહેસાણાની શૈલજાગ્રીનમાં પરોઢે સાત ચોરો ઘૂસ્યા, રહીશ જાગી જતાં ભાગ્યા

મહેસાણા

શહેરના રાધનપુર રોડ પર આવેલી શૈલજાગ્રીન સોસાયટીમાં શનિવારે પરોઢે ચોરી કરવા ઘૂસેલા સાત ચોર સીસીટીવી કેમેરામાં કેદ થયા છે. ચોરો ઘૂસ્યા એ સમયે કોઇ રહીશ જાગી જતાં તેમણે કરેલા પડકારથી ટોળકી માત્ર દોઢ મિનિટમાં જ ભાગી ગઇ હતી. કોઇ બંગલાનું તાળું તૂટયું ન હોવાની ખાતરી થતાં રહીશોએ હાશકારો અનુભવ્યો હતો. શહેરના રાધનપુર રોડ સ્થિત શૈલજાગ્રીન સોસાયટીમાં શનિવારે વહેલી સવારે ૩-૫૨ વાગે મોંઢા પર બુઢીયાટોપી અને ગરમ ધાબળા- શાલ ઓઢીને સાત અજાણ્યા શખસો અંદર ઘૂસ્યા હતા.

કેટલીક સેકન્ડ એક જગ્યાએ ઉભા રહીને વાતચીત કર્યા બાદ તેઓ બંધ મકાનની બહાર ઉભા રહ્યા હતા. પરંતુ અહી કોઇએ પડકારતાં જ તમામ ચોરો દોઢેક મિનિટમાં (૩ કલાક ૫૩ મિનિટ અને ૨૩ સેકન્ડ) ભાગી ગયા હતા. શનિવારે બપોરે ઘરે જમવા આવેલા સ્થાનિક રહીશે તેમના સીસીટીવી કેમેરાના ફૂટેજ ચકાસતાં ચોરી કરવા આવેલા સાત શખસો તેમાં જોવા મળતાં ચોંકી ગયા હતા. જોકે, ચહેરા સ્પષ્ટ દેખાતા ન હોઇ સ્થાનિકો વિમાસણમાં મૂકાયા હતા. આ મામલે કોઇ પોલીસ કાર્યવાહી કરાઇ નથી. પરંતુ છેલ્લા કેટલાક સમયથી શહેરના પોશ ગણાતા આ વિસ્તારમાં તસ્કરોની અવરજવરે રહીશોમાં ભયનો માહોલ ખડો કર્યો છે.

## પાટણમાં ઊંટલારીનો ઊંટ ભડકી ઉઠતાં અકસ્માતે બે જણાને ઈજા

પાટણ

પાટણમાં બી.એમ.હાઈસ્કૂલથી રેલવેના પ્રથમ નાળા તરફ જવાના માર્ગ પર એક ઊંટલારીનું ઊંટ ભડકી ઉઠતાં ઊંટલારી રોડ સાઈડે આવેલ એક સોસાયટીના લોખંડના ઝાંપા સાથે અથડાતા ઊંટલારીમાં સવાર બે જણાને હાથપગે ઈજાઓ થવા પામી હતી.

પાટણ તાલુકાના રણુંજ ગામ પાસેના છગાજી નવાજી રાજપુત પોતાની ઊંટલારી લઈને પાટણ મજુરી અર્થે આંતરે દિવસે આવે છે. ગતરોજ બી.એમ. હાઈસ્કૂલ પાસે કોઈની ઈંટો ઉતારી રેલવેના પ્રથમ નાળા તરફ ઊંટલારી લઈને તે જતા હતા ત્યારે ગમે તે કારણસર ઊંટ ભડકી ઉઠતાં ઊંટલારીની ઝડપ પણ વધી જવા પામી હતી. ઊંટને કાબુ હેઠળ લેવા અનેક પ્રયત્નો કર્યા હતા પરંતુ ઊંટલારી રસ્તાની સાઈડ પર આવેલ એક સોસાયટીના ઝાંપે અથડાતાં ઊંટલારીમાં બેઠેલા પૈકી બે જણાને હાથપગે ઈજાઓ થઈ હતી.

## પાટણમાં શાળા કોલેજના શિક્ષકો ટ્યુશનની હાટડીઓ ચલાવી બ્લેકમની મેળવે છે

તા પ્રતિ. પાટણ

વિધાનસભાની ૨૦૧૭ ની ચુંટણીમાં જે પરિણામો આવ્યાં તે પરથી માંડ માંડ જીતેલા ભાજપની સરકાર હવે પ્રજાલક્ષી પ્રશ્નોની જે આગળના દિવસોમાં અવગણના ગણો કે ઓવર કોન્ફીડન્સ હતો. તેનું પરિણામ જે આવ્યું તે નજર સમક્ષ છે જ.

હવે પાટણની વાત કરીએ તો સેલ્ફ ફાયનાન્સ કોલેજોમાં મધ્યમવર્ગ જનતા શિક્ષકના વહેપારી કરણમાં ખૂબ જ પીસાઈ રહી છે. તેમજ શિક્ષણનો જે વહેવાર નહી પણ લુંટ બે ફામ કરી રહ્યા છે તેની સામે કોઈ જ કાયદાનો ડર છે જ નહિં તમામ જગ્યાએ જેમ આરટીઓ માં પોલીસ તંત્રમાં હપ્તાનું સેટીંગ હોય છે તેમજ શિક્ષણમાં સેટીંગથી બધુ ચાલી રહ્યું છે આજે શિક્ષકની અંદર જોઈએ તો જે સંસ્કાર, રહેણી કરણી પહેરવેશ, વાણી, વર્તન જોઈએ તેના પ્રમાણમાં ખૂબ જ નહીવત જોવા મળે છે

પાટણ જિલ્લાના શિક્ષણધિકારીને પાટણ વિસ્તારમાં ચાલતી પ્રાઈવટ શાળાઓમાં જે સરકારી શિક્ષ-કો છે તેઓ જ પ્રાઈવેટ-શૈક્ષણિક સંસ્થાઓમાં શિક્ષક તરીકે ફરજ બજાવે છે અને બન્ને જગ્યાએથી પગાર મેળવી તગડી આવકો મેળવે છે જ્યારે રોજે રોજ ખરેખર સારા અને જરૂરિયાત મંદ શિક્ષકોને નોકરી મળતી નથી અને શાળા સંચાલકો બ્લેકમની કમાઈને પાટણ-અમદાવાદ જેવા મોટા શહેરોમાં શિક્ષણની હાટડીઓનો વ્યાપ વધારતા જાય છે આ બાબતે ગાંધીનગર અને દિલ્હી રાષ્ટ્રપતિ સુધી રજુઆતો થશે.

*પશુ પંખીઓ આપણી જેમ સૃષ્ટિના સહિયારા શેર હોલ્ડર છે. સ્વામી નિજાનંદજી મહારાજ*

## પાટણ-ખલીપુર પાંજરાપોળના ઘાસચારાના દાતાઓ અને સેવાકીય સંસ્થાઓનં અભિવાદન કરાયં



પાટણ

પાટણ જિલ્લાના ખલીપુર ખાતે છેલ્લા ૧૫૦ વર્ષથી જીવદયાના મહામંત્રને ચરિતાર્થ કરતી અને ખાઇના દિવસો ૩૦૦૦ ઉપરાંત પશુઓના રખરખાવર્ચી જોડાયેલા શ્રી પાટણ પાંજરાપોળ સંસ્થાના પશુઓ માટે ઘાસચારાનું દાન આપનાર દાતાઓ અને સ્વૈચછિક સંસ્થાઓનું દાન આપનાર સન્માન નો કાર્યક્રમ ગોતરકાના સ્વામી શ્રી નિજાનંદજી મહારાજને જીવદયાના પરમ પર્વ તરીકે મૂલવતાં સ્વામી નિજાનંદજી મહારાજે જણાવ્યું હતું કે કહેવાની બુધ્ધિમાન માનવજાતિએ યુગો સુધી પ્રકૃતિ અને પુઓનું દોહન અને શોષણ કર્યુ છે. આપણાં પશુ-પંખીઓ ખાપણી જેમ સૃષ્ટિના હિસ્સેદાર છે. અને સહિયારા શેરહોલ્ડર્સ છે.આપણી સભ્યતા અને માનવ્ય આદિમકાળના પુત્વામાં થી ઉત્ક્રાંત થયું છે. તે યુગમાં તકલાદી જીવ જંતુઓ-પશુઓ તેમના અસ્તિત્વને ટકાવવા માટે ઝઝમુતા હતા અને આજે પણ ઝઝુમી રહ્યા છે, ત્યોર પણ નિર્બળ-નિસહાય પશુઓ ભક્ષ્ય બનતા હતા આજે પણ એ ક્રમ યથાવત છે.

જીવ સૃષ્ટિનો વિકાસક્રમ પોતાની સભ્યાતા અને સંસ્કૃતિ વચ્ચે સહઅસ્તિત્વ નિખર્યુ છે. જેની સ્વયં માનવજાતે કેળવવી પડશે.ઉત્ક્રાંતિના મહાકાળમાં અસ્તિત્વની આભા વચ્ચે સુસજ્જ માનવ ઊભો છે. જેની શક્તિના જોરે હિંસક બની રહ્યા છે. પરંતુ શક્તિ સંપન્ન માનવ પાસે પરાવલંબી જીવોના રક્ષણની જવાબદારી છે.

જીવદયા પરમ ધર્મ સમાન છે. ગુજરાતની મહાજન પરંપરાએ જવદયાના મંત્રોને સાચા અર્થમાં સાકાર કરી સદીયોથી અબોલ જીવોના રક્ષણની સ્વૈચ્છિક જવાબદારી ઉપાડી છે. આ દિશામાં કામ કરતી પાટણ પાંજરાપોળ જેવી સંસ્થાઓનો સેવાધર્મ સરાહનિય છે. સાથે સાથે પુશોઅના નિભાવ માટે ચારો- નિરણ આપતા દાતાઓ- સંસ્થાઓ અને નફો લીધા વિના સસ્તા ભાવે ચારો આપતા ખેડુતોનો પણ ધન્યવાદના અધિકારી છે. સ્વામીજીના વરદ હસ્તે દાતાઓનું મોમેન્ટો આપીને અભિવાદન કરવામાં આવ્યું હતું. ધારાસભ્ય પશુઓના પ્રશ્નો અને તેમની રજુઆતો માટે કાયમ માટે પ્રતિબધ્ધ રહેવાની ખાત્રી આપી હતી અને જણાવ્યુ કે ગોપાલક સમાજના સામુહિક કાર્યો માટે તેઓ કાયમ માટે વચનબધ્ધ છે.

શિક્ષણવિદ ડૉ. જીતેન્દ્રકુમાર પંચોલીએ જણાવ્યું કે, જીવદયા હિમાયતી દાતાઓ દ્વારા પાંજરાપોળ માટે અપાયેલી રકમ ધન્યવાદની પ્રેરક છે. તેમણે ઉમેર્યું કે આપણો સમાજ અહિંસાનો ઉપસક રહ્યો છે. જીવદયા આપણી મહાન પરંપરા છે. આપણી સંસ્કૃતિ પ્રત્યેકે જીવના કલ્યાણની વાંરછના કહે છે. સ્વાગત પ્રવચન મુક્તિભાઇ શાહે કર્યું હતું. દિપકભાઇ શાહે સંસ્થા પરિચય આપ્યો હતો. કાર્યક્રમમાં પાટણ પાલિકાના પ્રમુખ અલ્કાબેન પટેલ, પશુપાલન નાયબ નિયામક નટુભાઇ પટેલ,શ્રેષ્ઠીવર્ય જે.કે. શાહ, પ્રદીપભાઇ શાહ, છનાલાલ શાહ, ધીરુભાઇ શાહ, નિખીલભાઇ શાહ, પશવંતભાઇ શાહ, સરપંચશ્રી અભેરાજી ઠાકોર, ચીનુભાઇ શાહસહિત અને શ્રેષ્ઠીઓ – ગોપાલકો, દાતાઓ સ્વૈચ્છિક સંસ્થાઓના પ્રતિનિધિઓ, યુવાનો વગેરે ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન પ્રહલાદભાઇ ઠક્કરે કર્યું હતું. આભારવિધિ જે.કે. શાહે કરી હતી.

## રાધનપુર કોલેજમાં વાણિજ્ય વ્યવસાય નિર્દશન તાલિમ શિબરની પૂર્ણાહૂતિ



કમલ ચક્રવર્તી

રાધનપુર

હિંમત વિદ્યાનગર સ્થિત શ્રી અમર જ્યોત એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત શ્રી ત્રિકમજીભાઈ ચતવાણી આર્ટસ એન્ડ જે.વી. ગોકળ ટ્રસ્ટ કોમર્સ કોલેજ, રાધનપુરમાં વાણિજ્ય વ્યવસાય નિર્દશન તાલીમ શિબીર હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણના સાંસ્કૃતિક વિભાગ દ્વારા પ્રેરીત વાણિજ્ય નિર્દશન શિબિર ટ્રસ્ટના અધ્યક્ષ ડૉ.મહેશભાઈ મુલાણીના અધ્યક્ષ સ્થાને યોજાઈ ગઈ. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટી રાયચંદભાઈ ઠક્કર તથા ટ્રસ્ટી ગંગારામભાઈ ઠક્કર ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆતમાં કોલેજના પ્રિ.ડૉ.સી. એમ ઠક્કરે મહેમાનોને આવકારી આ ત્રણ દિવસની શિબિરમાં વાણિજ્ય નિર્દશન શિબિરમાં યોજાયેલ વિવિધ વ્યાખ્યાનો જીવનમાં ઉપયોગ કરી તેનો હેતુ સાર્થક કરવા જણાવેલ. આ ત્રણ દિવસની શિબિરમાં વિવિધ વક્તાઓ દ્વારા વ્યાખ્યાન યોજાયેલ. કાર્યક્રમની શરૂઆત પ્રાર્થના ગાનથી કરવામાં આવેલ. શિબિરમાં આવેલ વિવિધ વિદ્યાર્થીઓ પૈકી ચાર વિદ્યાર્થીઓએ શિબિર અંગે પોતાના પ્રતિભાવો રજૂ કરેલા આ કાર્યક્રમનું સંચાલન ડૉ.ચિરાગ વી. રાવલે જ્યારે આભારવિધી પ્રા. કિશોરભાઈ ઠક્કરે કરી હતી. આ શિબિરમાં ૧૫ કોલેજના ૫૧ જેટલા વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા.

*નરાધમ યુવકે દુષ્કર્મ કરવાનો પ્રયાસ કર્યો*

## તાબે ન થનાર યુવતીને દાતરડાના છ ઘા ઝીંકી હેવાન ફરારઃ યુવતી ગંભીર

(જી.એન.એસ) મહેસાણા

મહેસાણા જિલ્લાના લાંઘણજ નજીક આવેલા બળવંતપુરા ગામમાં તાબે ન થતાં એક યુવતી પર હેવાને દાંતરડાથી હિંસક હુમલો કરી ઉપરા છાપરી છ ઘા ઝીંકી દેતાં આ ઘટનાએ ભારે ચકચાર મચાવી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર આ ઘટનાની વિગત એવી છે કે, મહેસાણા જિલ્લાના લાંઘણજ નજીક આવેલા બળવંતપુરા ગામે રહેતી ૩૦ વર્ષની એક યુવતી સાંજના ચાર વાગ્યાના સુમારે શૌચક્રિયા માટે નીકળી હતી. આ વખતે ગામના એક યુવાન ગાભાજી ઠાકોરે આ યુવતીનો પીછો કર્યો હતો.

ગામની ભાગોળે આવેલા વાડામાં યુવતી જતા તુરત જ આ શખસ યુવતીની પાછળ વાડામાં ઘૂસ્યો હતો. અને યુવતીને પકડી દુષ્કર્મ કરવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ યુવતીએ હિંમતભેર આ નરાધમનો સામનો કરતાં બંને મારામારી સુધી પહોંચી ગયા હતા.

આ વખતે ઉશ્કેરાયેલા ગાભાજીએ પોતાની પાસે રહેલ દાંતરડાથી યુવતી પર હુમલો કરી યુવતીના પેટમાં, ગરદનના ભાગે, બંને હાથ પર, કાન ઉપર તેમજ બરડાના ભાગે ઉપરાછાપરી દાંતરડાના છ ઝીંકતા યુવતી લોહીલુહાણ થઇ ગઇ હતી. યુવતી પર હુમલો કરી આ નરાધમ નાસી છૂટ્યો હતો.

ઘટનાના પગલે એકત્ર થયેલા લોકોએ યુવતીને સારવાર માટે નજીકની હોસ્પિટલમાં ખસેડી હતી. જ્યાં તેની સ્થિતિ ગંભીર હોવાનું જાણવા મળે છે. પોલીસે આ અંગે હત્યાની કોશિષનો ગુનો દાખલ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## ઉંઝા મામલતદાર કચેરીમાં ૭-૧૨ ના ઉતારા નહી મળતા ખેડૂતો પરેશાન

ઉંઝા

ઉંઝાની ટી.પી. સ્કીમ એકથી નવમાં સમાવિષ્ટ રેવન્યુ સર્વે નંબરોના ૭/૧૨ ના ઉતારા ઈ-ધરા કેન્દ્રમાંથી ઘણા સમયથી મળતા ન હોવાથી લોકોને પારાવારા મુશ્કેલીઓ પડી રહી છે તે બાબતે ઉંઝામાંથી તાજેતરમાં ચૂંટાયેલા કોંગ્રેસના ધારાસભ્ય ડો.આશાબેન પટેલે મામલતદારને રજૂઆત કરી છે. જેમાં મામલતદાર કચેરી ખાતે આવેલા ઈ - ધરા કેન્દ્રમાંથી ઘણા સમયથી ઉંઝાની ટી.પી.ના સર્વે નંબરોના ૭/૧૨ ના ઉતારા નહી નિકળવાના કારણે ખેડૂતો, જમીન માલીકો તથા ખરીદનારના વેચાણ દસ્તાવોજો તેમજ વેચાણ ટાઈટલ કલીયર થઈ શકતા નથી.ઘણા સમયથી વિધાનસભાની ચૂંટણીઓને કારણે મામલતદાર તથા ટીડીઓ સહિત સરકારી કચેરીઓમાં રૂટીન કામકાજ છેલ્લા બે મહિનાથી ઠપ્પ થઈ ગયું છે. જેથી હવે ચૂંટણી પૂર્ણ થઈ ગઈ છે ત્યારે બાકી જુના પેન્ડીંગ કામો - અરજીઓનો ઝડપથી નિકાલ થાય તેવી રજૂઆત કરવામાં આવી છે. ૭/૧૨ ના ઉતારા સમયસર મળે તો વેચાણ વ્યવહારો, વેચાણ દસ્તાવોજો, બીન ખેતી પરવાનગીઓ અને ધિરાણ મેળવવા માટેના વ્યવહારો ઝડપી થઈ શકે. આ અંગે ધારાસભ્ય ડો. આશાબેન પટેલે મામલતદાર ઉંઝાને તાકીદ કરી છે.

## રાધનપુર કોલેજમાં યોજાયેલ વ્યસન મુક્તિ વિશે વક્તૃત્વ સ્પર્ધા

રાધનપુર

હિંમત વિદ્યાનગર સ્થિત શ્રી અમર જયોત એજયુકેશન ટ્રસ્ટ સંચાલિત ત્રિકમજીભાઈ ચતવાણી આર્ટસ એન્ડ જે.વી. ગોકળ ટ્રસ્ટ કોમર્સ કોલેજ, રાધનપુરના એન.એસ.એસ. વિભાગ દ્વારા તથા તાલુકા હેલ્થ કચેરી રાધનપુરના સહયોગથી યુવાનો વ્યસન મુકત બને તે હેતુથી પ્રિ.ડો.સી.એમ. ઠક્કરના માર્ગદર્શન હેઠળ તેમજ પ્રા.તુષાર ડી.વ્યાસના સંચાલન હેઠળ તેમન મેડીકલ ઓફિસર ડો. કે.કે. પંચાલ, ડો. દિલીપભાઈ પ્રજાપતિ, ડો. રીના ઠક્કર, ડો.પ્રકાશભાઈ પ્રજાપતિ, નરેશભાઈ ડાભી દ્વારા પ્રાસંગિક પ્રવચન કરવામાં આવેલ. નિર્ણાયક તરીકે પ્રા. ડો.સી.વી.રાવલ,પ્રા.ફરહાના બાનુ દિવાન, પ્રા. સુરેશ પટેલે ભૂમિકા ભજવી હતી. જેમાં ૧૮ સ્પર્ધકોમાંથી પ્રથમ નંબરે પ્રજાપતિ જાનકીબેન, દ્વિતીય નંબરે નાગોરી અનિશાબેન તથા તૃતીય નંબરે સુથાર પ્રિયંકાબેન વિજેતા રહ્યા હતા. તમામ સ્પર્ધકોને પ્રમાણપત્ર તથા પ્રોત્સાહક ઈનામ આપવામાં આવ્યા હતા. તમામ સ્પર્ધકોને પ્રમુખ ડો.મહેશભાઈ મુલાણી, મેનેજીંગ ટ્રસ્ટી રાયચંદભાઈ, કોષાધ્યક્ષ ધીરૂભાઈ પી.ઠક્કર તથા ઓનરરી સેક્રેટરી ડો. નવિનભાઈ ઠક્કરે બિરદાવ્યા હતા. આ સમગ્ર કાર્યક્રમમાં એ ન . એ સ . એ સ . ન ા સ્વયંસેવકો સાથે તાલુકા હેલ્થ કચેરીનો સ્ટાફ તથા વિદ્યાર્થી ભાઈઓ તથા બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી વ્યસનમુક્તિ વિશે સંકલ્પ તથા સમાજ વ્યસન મુકત બને તે માટે પ્રયત્નો તથા સંકલ્પ પત્ર ભરવામાં આવેલ.

## વરખડીયાની સીમમાં સગીરા પર દુષ્ટકર્મથી ચકચાર

મહેસાણા

કડી વિસ્તારના એક ગામની સગીરા પર વરખડીયા ગામની સીમમાં દુષ્ટકર્મ આચરવામાં આવતાં વિસ્તારમાં ચકચાર મચી જવા પામી છે. આ અંગે એક યુવક સાથે બાવલુ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવા પામી છે.

જાણવા મળતી વિગતો અનુસાર વરખડીયા ગામના મહેશ વાઘજી ઠાકોર સામે ગત શુક્રવારે બાવલુ પોલીસ મથકમાં દુષ્ટકર્મની ફરિયાદ નોંધાવી હતી.ફરીયાદમાં જણાવ્યા અનુસાર આરોપીને ગામની સીમમાં એક સગીરાની એકલતાનો લાભ લઈ તેણીની મરજી વિરૂધ્ધ દુષ્ટકર્મ આચરેલ, આ ઘટનાની જાણ સગીરાના પરિવારને થતાં ઘરના સભ્યો ચોંકી ઉઠ્યા હતા. અને આરોપી સામે રોષે ભરાયા હતા.

## મોડાસાના માલપુર રોડ પર નશામાં ધૂત કાર ચાલકે એકટીવાને અડફેટે લેતાં બેને ઈજા

મોડાસા

અરવલ્લી જિલ્લાના મોડાસામાં વિકટ બનેલી ટ્રાફિક સમસ્યાને નાથવામાં નિષ્ફળ રહેલું તંત્ર નગરમાં જાહેરમાં નશો કરી વાહન હંકારી નિર્દોષ નગરજનોને અડફેટે લેતાં નશાખોર વાહન ચાલકો વિરૂધ્ધ કડક કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ ઉઠી છે, ત્યારે મોડાસાના માલપુર રોડે રોંગ સાઈડે કાર હંકારી દારૂ પીધેલી હાલતમાં ચાલકે એકટીવાને ટક્કર મારતાં સર્જાયેલ અકસ્માતમાં દંપતી મહિલાને બંને પગે ફ્રેકચર તેમને ઈજા થઈ હતી. જ્યારે એકટીવા ચાલકને ગંભીર ઈજાઓ થતાં લોકોમાં ભારે રોષ ફેલાયો હતો.

જાણવા મુજબ મેઘરજ રોડ પર પુર ઝડપે કાર હંકારતા બેવડા ચાલકે રાહદારીને રસ્તા પર એક કિલોમીટર સુધી ઢસડીને લઈ જઈ મોત નિપજાવવાની ઘટના નગરજનો ભૂલી શક્યા નથી. ત્યારે ગત ગુરૂવારે રાત્રે નગરમાં સાંઈમંદિરે દર્શન કરી પરત પરમહંસ સોસાયટીમાં જઈ રહેલા એકટીવા ચાલક જતીનભાઈ અને તેમની પત્નિ બેલાબેનને દારૂ પીને વાહન હંકારતા ચાલકે અડફેટે લેતાં બેલાબેન અને તેમના પતિ ફૂટબોલની જેમ ઉછર્યા હતા અને માર્ગ પર પટકાંતા ગંભીર રીતે ઘવાયા હતા. અકસ્માત સર્જનાર દારૂ પીધેલા ચાલકને લોકોએ ઝડપી પોલીસના હવાલે કર્યો હતો. જ્યારે બેલાબેનને અને તેમના પતિને ગંભીર ઈજાઓ થવાથી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.

## મોડાસાના સાકરીયા નજીક અજાણ્યા વાહનની ટક્કરથી મહિલાનું મોત

મોડાસા

મોડાસા-માલપુર માર્ગના સાકરીયા નજીકથી ચાલતાં પસાર થતાં એક મહિલાનું કોઈ એક અજાણ્યા વાહન ચાલકે ટક્કર મારી સર્જાયેલ અકસ્માતમાં મહિલાનું સારવાર દરમ્યાન મોત થયું હતું. આ અંગે અકસ્માત બાદ ભાગી છુટેલા અજાણ્યા વાહન ચાલક વિરૂધ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે.

જાણવા મુજબ મોડાસાના ભોઈવાડા વિસ્તારમાં રહેતા મંજુલાબેન ભગવાનભાઈ ભોઈ ગત શુક્રવાર બપોરના ૪-૧૫ કલાકે સાકરીયા ગામની સીમમાંથી પસાર થતા હતા ત્યારે અજાણ્યા વહાન ચાલકે ટક્કર મારતાં પર વર્ષિય મહિલાને શરીર પર ઈજાઓ થતાં ૧૦૮ મારફતે તેણીને મોડાસાની સાર્વજનિક હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ જયાં સારવાર દરમ્યાન તેણીનું મોત થયું હતું. પોલીસે ભાગી છુટેલા અજાણ્યા વાહન ચાલક વિરૂધ્ધ ફરિયાદ નોંધી તપાસ ચલાવેલ છે.